
શ્રી.

કવીરત્ન ગિરધર કૃત.

રામાયણ.

સાતે કાંડ ચીત્રો સહીત.

જુની પ્રત ઉપરથી સુધારી સુંદર ચીત્રો સાથે.



છપાવી પ્રસીધ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે--બુકસેલર:

ત્રણ દરવાજા—**અમદાવાદ.**

આવૃતી ૭ મી. સને ૧૯૧૨ મા

અમદાવાદ—પીરમશાના રોજા પાસે શ્રી સત્ય [illegible]

પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇ

[illegible]

શ્રી

કવી રત્ન ગિરધર કૃત

રામાયણ

સાતે કાંડો સહિત.

જુની પ્રત ઉપરથી. સુધારી સુંદર ચિત્રો સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,

બુકસેલર.

ત્રણદરવાજા- અમદાવાદ.

આવૃત્તિ ૭ મી


પ્રત ૪૦૦૦

અમદાવાદ.


ડાયમન્ડ જુબીલી પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૮


બાલકાંડ.
કૌસલ્યા
કૈકયી.
રામ



અયોધ્યાકાંડ
દશરથ
દાસી
કૈકયી
વનવાસગમન
રા
લ
સી



અરણ્યકાંડ.
રામ.
લ.
રાવણ


પંપા સરોવર
રામ
હનુમાન
સુગ્રીવ
રામ
વાલી


સુંદરકાંડ.

યુદ્ધકાંડ.





રામચંદ્રજીનું આખી અયોધ્યા સાથે નિજધામ ગમન.

પ્રેસ. મુંબઈ

ગિરધરકૃત રામાયણ.

અથ શ્રી બાલકાંડ પ્રારંભ.

શ્રી ગણેશાય નમઃ શ્રી સરસ્વત્યૈ નમઃ અથ શ્રી રામચરિત્ર લિખ્યતે ॥ રાગ ધનાશ્રી ॥ શ્રી ગુરૂપદજુગમંગળરૂપજી, સકળતીરથનું ધામ અનુપજી; નમું તેપદનેજોડીજુગહાથજી, સિધેમનોરથહું થાઊં સનાથજી. ॥૧॥ ઢાળ થાઊં સનાથગુરૂકૃપાએ, પામું મનોરથપાર; શ્રીગુરૂપોત્તમપદકમળજુગને, નમું વારંવાર. ૨ વાગીશ વદને-હૃદયલક્ષ્મી, અખંડજ્ઞાનપ્રકાશ; તેનરહરીને હું નમું, દુઃખવિઘ્નથાયવિનાશ. ૩ શ્રી ગજાનન ગણપતિ મંગળ, સકળ ગુણમયરૂપ; નિરવીઘ્નથાયનામલેતાં. અખિલપુજ્યઅનુપ. ૪ માતઊમયાપિતાશિવજી,સુખ સુખસુંદરનાર; બુદ્ધિ દાતાશરણત્રાતા, ક્ષેમલાભ કુમાર. ૫ એકદંત,ઊજ્વળ પુષ્પમાળા, કનકઉપવિતઅંગ; ચતુર્ભુજતનસુભગસુંદર, મુગટકુંડળસંગ. ૬ હેવિઘ્નનાશકવિનાયક, તુંજનેકરૂં પરણામ; તુજ કૃપાયેગાઉપુનિત, શ્રીરામના ગુણગ્રામ. ૭ કમળભુતનયાસતી, સરસ્વતિને લાગુપાય; હંસવાહની વિમળ વાણી, આપ્યમુજનેમાય. ૮ અનેકકવિઆગેથયાતે, કૃપાં [illegible]જાણ; તું ભારતી ભગવતીદેવી, સદ્ભાવશામુજવાણ. ૯ હું બાળકબુધેસ્તવું તુજને,કરોવચનપવિત્ર; તુજકૃપાએસરસ્વતિમાતા, ગાઉંરામચરિત્ર ૧૦ કલ્યાણમયકઇલાશપતી, કરપુરગૌરસ્વરૂપ; ઊમાઅરધાંગેરહ્યાં, ત્રીલોકનાછોભુપ. ૧૧ શીર જટામાં ગંગા બીરાજે, ભસ્મલેપનઅંગ; ગ્રગચર્મ અંબરત્રીશુળધર, તનઅલંકાર ભુજંગ. ૧૨ જયભક્તવત્સળજગતગુરૂ, ભયહરણભોળાનાથ; પુરૂષોત્તમના પ્રીયસખા, હું નમું જોડીહાથ. ૧૩ શતકોટીરામાયણતણી, જેણેકરીવેહેંચણસાર; જુગશેષ અક્ષરગ્રહણકીધા, ધર્યા કંઠમોઝાર. ૧૪ એવા પરમ શીવને હું નમું, નીલકંઠ જેનું નામ; તવપ્રસાદેરઘુવીરજશકહું, થા[illegible]કામ. ૧૫ સહુ ભગવતીને હું નમું, જેનેસદાહરીનું ધ્યાન; વીચરે મુ[illegible]રવા, રહીત મચ્છરમાન. ૧૬ દયાક્ષમાઆકૃતીશાન્તીકરૂણા, મુ[illegible]રહિતસંતુષ્ટઆત્મા,

વૃત્તીચૈતન્યચંદ. ૧૭ એવા સંતનાપદતણીરજહું, લેઇ ચઢાવું શીશ; અવલોકનકરજોકૃપાદ્રષ્ટે, ગાઉંગુણજુગદીશ. ૧૮ માનુભાવસજનસંતસરવે, ક્ષમા કરજોદોષ; પ્રાકૃતવાણીસાંભળી, મનલાવશો નહીરોષ. ૧૯ જેમ પયઅબ્ધીને તકઅર્પણ, બદ્રીફળસુરરૂખ;અમ્રતનેશર્કરાઅરપણ, વીધીને ભુતળસુખ. ૨૦ કુબેરઆગળકોડીજ્યમ, સુરભીઅજાનુંક્ષીર; મળીયાચરને નીંબકાષ્ટે, ચંદ્ર શીતસમીર. ૨૧ જ્યમ સુરજસામોદીપકકરીયે, માનીલેછેતેહ; એમમોટાતેજે માનીલે, રંકનું આપ્યું જેહ. ૨૨ પ્રાકત વાણી કરૂ અરપણ, રસહીન હોયે કાવ્ય: તેપુરણ કરીને માનજો, શાહુ શંત માનુભાવ ૨૩ હું બાળક ઉપરદયા કરજો, સાધુ પુન્ય પવીત્ર; અલ્પ મતીયે આદર્યું છે, ગાવા રામચરીત્ર ૨૪ ॥ વલણ ॥ ગાવા રામચરીત્ર પાવન, ઇચ્છા મનમાંહે ધરી; કરજોડી કહેદાસ ગીરીધર, શ્રોતાજનબોલો શ્રીહરી. ૨૫ ॥ ઈતીશ્રી રામચરીત્રે સંમતવાલ્મીકી નાટકધારાયાંબાળકાંડે પ્રથમો અધ્યાય: ૧ ॥

અધ્યાય ॥ ૨ ॥ રાગ દેશી ચાલતી ॥ ક્ષીરનીધી શરણે ક્ષુધા નવ પીડેજી, રવીસંગ રહેતાં તીમીર નવ ભીડેજી; સુરતરૂ ન કલ્પના વાધેજી, હુતાશન સંગે શીત ન વાધેજી. ૧ ॥ ઢાળ ॥ નવ શીત વાધે અગ્ની સંગે, સુધા પાને વીષજથા; નવખાય જંબુકસીંહ શરણે, ચીંતામણીથી મનવ્યથા. ૨ એમરામકથાનોઆશ્રીતજનતેને, વીઘ્નબાધાનવકરે; વિષયપાશવીમુક્ત થઇને, ભવસાગરસેજેતરે. ૩ હરીકથાનોમહીમામોટો, સંતજાણેછેવણા; આદી કવિજેમુનિવાલ્મીક રતારામાયણતણા. ૪ વાલ્મીકી રામાયણ પ્રથમવળી, વ્યાસેરામાયણકરી; વશીષ્ટરામાયણતથા, શુકદેવરામાયણખરી. વળીબ્રહ્મરામાયણકરી, ભણાવીનારદનેતથા; અંજનીપુત્રેકરીછે, હનુમાનનાટકનીકથા.૬ વીભીષણેરામાયણકરી, શંભુકૃતઅભીરામછે; પારવતીનેભણાવીતેનું, શીવ રામાયણનામછે. ૭ અગસ્તમુનીયેકરીછેતે, અગસ્તરામાયણકથા; અનંતવિરચીતછેવળી, તેશેષરામાયણકથા. ૮ વળીસરવમુનીયેમળીને, અધ્યાત્મરામાયણકરી; કુર્મપુરાણેવરણવીતે, કુર્મરામાયણખરી. ૯ એકઆગમરામાયણ પુનીતછે, ભરથરામાયણવળી; સ્વામીકારતિકેકરીતે, સ્કંધ રામાયણભળી. ૧૦ પોલસ્તેરામાયણકરી, કાળીકાખ[illegible]રણવી; રવિઅરૂણસંવાદછેતે, અરૂણરામાયણહવી. ૧૧ પદ્મપુરાણે[illegible] તે, પદ્મરામાયણનામછે; બગદાલવરૂષિયેકરીછે, આશ્ચર્યપુરણ[illegible] મરાજાએકરી, તે ધરમ રામાયણ ખરી; એમઅનેક[illegible] ગુણવીસ્તરી. ૧૩ અપાર ગુણ

રઘુવીરતણાતે, પારકોપામેનહી; બુદ્ધિનાઅનુસારપ્રમાણે, વરણવીકવીયેકહી. ૧૪ ભુમિરજકણગગનતારા, બિંદુઘનજાએગણ્યા; પણ માપશંખ્યાથાયનહીં, છેઅપારગુણરઘુવરતણા. ૧૫ સુધાજળસીંધુભર્યોતે,કહોકેમપીવાય; એકચંચુ જળથીતરૂષાવામે, પક્ષીસુખીયોથાય. ૧૬ એમકરૂંઆદરઅલપબુદ્ધે, કહેવારામ કથાય; અંતરજામીકૃપાકરજો, ગ્રંથપુરણથાય. ૧૭ સહુકવીનેપાએ નમું,કર-જોડીમાગુંમાન; બાળકજાણીદયા આણી, દેજો હરીગુણદાન. ૧૮ હરિ નામનો મહીમાઘણો, મહાપતિતપાવનથાય; વાલ્મિકમુનિ મોટાથયા તે, નામનો મહિ-માય. ૧૯ પુરવેવાલ્મિકવ્યાધકરમે, હતાઅધમઅપાર; તે નારદના ઉપદેશથી, જપ્યુંરામનામજસાર. ૨૦ એરામનામપ્રતાપથી, પામ્યા તેપદઅભીરામ; સહુ કવિમાંમોટાથયા, આદીકવીજેનુંનામ. ૨૧ શતકોટીરામાયણકરી, વાલ્મિકમુ-નિએસાર; ત્રિલોકમાંવેંહેંચીકરી, આપીતદાત્રિપુરાર. ૨૨ તે માંહેથીબે અંક લીધા, શિવેતેણીવાર; કંઠમાંહેલેઈમુકયારામનામજસાર. ૨૩ વિષપાન મહા-દેવેકર્યું, ત્યારે થઇ અગ્નિ અપાર; સહુઅંગ દાઝેવિષથકી, દુખીયાથયા ત્રિપુ-રાર. ૨૪ લેલાટધરિયોચંદ્રમા, શીતળથવાનેઅંગ; ભસ્મશીતળઅંગ અરચી શીશઉપરગંગ, ૨૫ શીતળહિમાચળતણી. કન્યાતેપરણ્યાસાર; નાગ વિંટયા તનવિષે, કરવાને વિષનો આહાર. ૨૬ ગજ ચર્મ શીતળ કરી સજ્યા, અન્ય વિધીઉપચાર. પણઅંગશીતળનવ થયું, વીષતણા અગ્નિ અપાર. ૨૭ પછી નીલકંઠેકંઠમાંબે, અંકમુક્યાસાર; રામનામપ્રતાપથી, શીતળ થયાતેણીવાર. ૨૮ એનામનોમહીમાઘણો, મહાઅધમથાયપવિત્ર; વાલ્મિ[illegible]મહિમાવરણવ્યો, શતકોટીરામચરિત્ર.૨૯ યાજ્ઞવલ્કયનેભણાવી, કરૂણાકરીમુનિરાય; તે ભારદ્વા-જપ્રત્યેકહી, વિસ્તારીરામકથાય.૩૦ તેદેવવાણીસંસ્કૃતે,વાલ્મિકમુનિનાંવચન; નેસમજવાપ્રાકૃતકરૂં, પદબંધઅરથરતન. ૩૧ હનુમાન નાટકની કથા, અદ્દ-ભુતરચનાજેહ; જુગમસંમતમેળવીને, ગ્રંથકીધોએહ. ૩૨ વળીએગ્રંથનાટક તણોસંમત, વાલ્મિકી પુન્ય પવિત્રરે; શ્રોતાજન સાવધાનથઇને, સુણજો રામ ચરિત્રરે. ૩૩ ઇતિશ્રી રામચરિત્રે સંમત વાલ્મિકી નાટક ધારાયાં બાળકાંડે દ્વિતીયો અધ્યાયઃ ૨

અધ્યાય ૩ રાગ આશાવરી શ્રી રામ[illegible]ના વીસ્તારઘણોછે, પાવન પુન્ય પવિત્ર; હવેરાવણનીઉત્પત્તીકહું, જેનેઅ[illegible]ત્રિ. ૧ વેકુંઠવાસી દ્વારપાળ તે, જય વિજયકહીયેત્યાંહે; સનકા[illegible]યાભુતળમાંહે.૨ તેનું અનુગ્રહ કરવા હરીયે, લીધાછેઅવ[illegible]ળતાકીધાઅંગી

કાર. ૩ પહેલેજનમેપ્રગટયાબંન્યો, અસુરમહાબળવાન; હીરણ્યકશ્યપુ હિર-
ણ્યાક્ષનામે, બળગુણરૂપસમાન. ૪ વરાહનરહરીરૂપધરીને, માર્યા બન્યો વીર;
ભક્તતણું પ્રતીપાલણકીધું, ધર્મ ધોરીધિરધીર. ૫ હવેબીજેજન્મેપ્રગટયારાવ-
ણ, કુંભકરણ અભીમાન; મુળથકીઉત્પત્તી કહું છું, સુણજો થઇ સાવધાન.
૬ બ્રહ્માથી પૌલસ્તથયા ઋષી, મહાનુભાવ મહંત; સુરજવંત તેજસ્વી જાણે
ચારવેદનોઅંત. ૭ ત્રણબીંદુએએકદેવનીકન્યા, પૌલસ્તપરણ્યાતેહ; વિશ્વશ્ર-
વાતેનોપુત્રથયો, મહાત્રીકાળજ્ઞાની જેહ. ૮ ઋષી, ભારદ્વાજની કન્યા સુંદર;
મહામતી જેનુંનામ; વીશ્વશ્રવાતેપરણ્યાપોતે,સાધવીપુરણ કામ. ૯ કુબેર ભં
ડારીપ્રગટયાતેના,મહામતીનો એ તન;તેણે બ્રહ્માનું આરાધન કીધું, વરત્યો
નીરમળ મન. ૧૦ ત્યારે પ્રસન્ન થઇને પ્રજાપતી બોલ્યો, માગ્ય પુત્ર વરદાન;
કુબેરકહે આપો મુને સુંદર, વસવા કેરૂં સ્થાન. ૧૧ વીધીયે પુરવે લંકા ની-
રમી, સાગર બેટ મોઝાર; તેનગરીમાં દાનવરહેતા, બળીયા જોધ અપાર. ૧૨
પછી દેવેજુદ્ધકરીનેકાઢયા, અસુરગયાપાતાળ; કુબેરને તે લંકા આપીબ્રહ્માએ
તતકાળ તે લંકા કેરૂં રાજકરતો કુબેર પુરણ કામ; વૈમાન એક વીધીયે
આપ્યું, પુષ્પક જેનું નામ. ૧૪ હવે દૈત્યસુમાલી નામે રહે છે, પાતાળમાં
નિરધાર; તેણેકુબેરરાજકરંતાં દીઠો, લંકાપુર મોઝાર. ૧૫ તેણે મનમાં વાત
વિચારી, કપટકરૂં નીરવાણ; પુત્રીપોતાનીએકહતીતે, કૈકશી નામે જાણ. ૧૬
સુમાલીકન્યાલેઇનેઆવ્યો, ધરીવીપ્રનો વેષ; વીશ્વશ્રવાને તે પરણાવી, રાખી
મનમાં દ્વેષ. ૧૭ જ [illegible] એના ઊદરથી પુત્ર, થાય અસુર બળવાન; તે પક્ષે
કરીનેલંકાપાછી, આવેહાથનીદાન. ૧૮ એવું વીચારી કપટ કરીને,પરણાવી
કન્યાય; પછેસુમાળીપાતાળગયોતેને, હઇડેહરખનમાય. ૧૯ પછેદીવસ કેટલા
એકસમેત્યાં, દીનકરપામ્યોઅસ્ત; ત્યારેસંધ્યાકરવા મુનિવર પોતે બેઠા થઇને
સ્વસ્થ. ૨૩ તેણેસમેત્યાંઆસુરી આવી, વીનવીયો ભરથાર; ઋતુદાન આપો
મુનેસ્વામીહું છું સાધવીનાર. ૨૧ ત્યારે વીશ્વશ્રવાકહેસાંભળવીનતા. અઘટીત
કર્મનથાય; આવેળાજેભોગકરેતો,દંપતીનકંપળાય. ૨૨ સંધ્યાકાળ નિશાદીન
સંધી, બે ઘટીકાનુંમાન; ઘોરસમો વીત્યાપછી તુજને, આપીશ હું ઋતુદાન.
૨૩ ત્યારેઅબળાઆડીથઇનેઊભ[illegible] [illegible]થતણોકરઝાલી; મુનીવરનેત્યાંમોહ પમા-
ડી, મંદિરમાંલેઇચાલી. ૨૪ [illegible]ળાભોગ કર્યોતે, ગર્ભ રહ્યા નીરવાણ;
ભાવીપદારથભુલે નહીં [illegible]ણ. ૨૫ પછેપુરેદીવસે પ્રગટયા બે,
પુત્રમહાબળવાન. [illegible]હમરાક્ષસ પ્રતસંમાન. ૨૬ મુખમે

અસવહચીતેપુત્રનું. રાવણધરીયું નામ;કુંભકરણતેપુંઠે આવ્યો, પાપી અત્રનું
ધામ ૨૭ જનમ્યાપછીઅતીપ્રૌઢથયા, તેનીકાયાજાજવલ્યમાન; રૂપભયંકરરા-
ક્ષસમોટા,પ્રલેકાળસમાન. ૨૮ કુંભકરણપ્રગટયોતેજાણે, કરશેવીશ્વાનોઆહાર;
ફાડીનેરૂદનકર્યું. ત્યારેવરત્યોહાહાકાર. ૨૯ ત્યારપછીએપુત્રીથઇ,સુર્પનખાતાડી
કાનામ; પાપણીયોતેબન્નેપ્રગટી, કરતીહીંસાકામ. ૩૦ કૈકશી મનમાં કષ્ટજ
પામી, પ્રજાભયંકર જાણી, ત્યારેકરજોડીનેમુનીવરપ્રત્યે, દીનથઇ કહે વાણી,
૩૧ તમોગણીઆસંતતીસ્વામી, કરશેકુળનોનાશ;માટેસાત્વીકસુતઆપોમુજને
તો, પહોંચેમનનીઆશ. ૩૨ ઋતુદાનઆપ્યું અબળાને, શુભવેળા જોઇ તેહ;
તેથકીપુત્રવીભીષણપ્રગટયો, ભક્તશીરોમણીજેહ. ૩૩ એમએતનયાનેત્રણ પુત્ર
તે, પ્રગટથયાનિરવાણ; થોડાદીવસમાંવૃદ્ધીપામ્યા, રાક્ષસ બળીઆ જાણ. ૩૪
ત્રણેબાંધવતપકરવાને, ચાલ્યા તેણીવાર; ગોકરણ તીરથમાં રાવણે આરાધ્યા
ત્રીપુરાર. ૩૫ મંદ્રાચળગીરીઉપરબેઠો, કુંભકરણબળવંત; બ્રહ્માનું તપ માં-
ડયુંતેણે, કરતોકષ્ટઅનંત. ૩૬ વિભીષણેવીષ્ણુઆરાધ્યા, સાત્વીકધરતોધ્યાન;
એમત્રણે બાંધવ ત્રણેદેવને, ભજતાભાવ સમાન. ૩૭ વલણ. એમ ભજતાભા
વેત્રણેબાંધવ, અપુર્વતપમહીમાયરે; કહેદાસગીરીધરતેજેવરપામ્યો, તેનીકહું
કથાયરે. ૩૮ઇતીશ્રીરામચરીત્રેસંમતવાલ્મિકીનાટકધારાયાંબાળકાંડેકુબેરરાવ
ણાદિકઉત્પત્તીકથનંનામતૃતીઓ અધ્યાયઃ ૩

અધ્યાય. ૪ રાગ મેવાડો રાવણે શંકરને આરાધ્યા. કરીયું કષ્ટ
અપારજી; દારૂણ તપ જોઇ અસુરતણું ત્યાં, આવ્યા [illegible]પુરારજી. ૧ માગ
માગ તુજને વર આપું પ્રસંન થયો છું આજજી; ત્યારે રાવણ કરજોડીને
બોલ્યો. સાંભળો શિવ મહારાજજી. ૨ દશ મુખ વીશ ભુજા મુને આપો,
બળગુણ તેજ પ્રતાપજી, દેવ સકળ મારે વશવરતે. સંતની સંપતિ
આપજી. ૩ ત્યારેઅસ્તુકહી અવિનાશી ઉઠયા. આપ્યું છે વરદાનજી, દશમુખ
વીશ ભુજા આપીને, અસુર કર્યો બળવાનજી. ૪ અમૃત કુપી રૂદેમાંસ્થાપી,
અમર કર્યોતતકાળજી, જ્યાંલગીકુપીભંગનથાયે, ત્યાંલગીનહિતુજકાળજી. ૫
વરઆપીવિશ્વંભરવળીયા, રાવણનેતેણીવારજી, હવેકુંભકરણદારૂણતપસાધે
મંદ્રાચળમોઝારજી. ૬ ત્યારેબ્રહ્માભયપા [illegible]વ્યા, શું માગશેવરદાનજી; ઇંદ્ર-
નેહોપથયો તેનીવેળા, સુરસહુ ચી[illegible] [illegible]યારેસુરપતીએ સરસ્વતીને,
મોકલીનેણેઠારજી; અસુરતણાસુ[illegible] [illegible]માં નીરધારજી. ૮ હવે
કુંભકરણનેજગાડયોવિધિયે, મા[illegible] [illegible] બોલ્યોતેણિવેળા

અસુરથયોસાવધાનજી. ૯ ઇંદ્રાસનઅરથે તપશાધ્યો; ફળમાંકાંઇનવફાવ્યોજી, ઇંદ્રાસનમાગ્યું તેણીવેળા, ભારતીયે ભુલાવ્યોજી ૧૦ અઘોરનીંદ્રાઆવીઅસુરને વિધિ વળીયા નીરધારજી, નીંદ્રાપામી દાનવપડીયો, મંદ્રાચળ મોઝારજી. ૧૧ ત્યારેપડતામાંવણુંતરૂવરભાગ્યાં, વાપ્યોશબ્દ બ્રહ્માંડજી, પહોળું મુખવીકરાળ તેનુંછે, ધુમેશ્વાસપ્રચંડજી. ૧૨ કુંજરમહીશપ્રવેશેમુખમાં, સ્વાસથકીખેંચાયજી નાશીકામાંથીનીકળેપાછાં, સ્વાસેઉડીજાયજી. ૧૩ પીતાનેજાણથયું તેણીવેળા પામ્યા દુખઅપારજી, નીશદીનનીંદ્રાપુત્રને વ્યાપી, વ્યર્થગયોઅવતારજી ૧૪ ત્યારે પ્રાર્થના કરીબ્રહ્માકેરી, બોલ્યાવચન પ્રમાણજી, એકસંવત્સરમાં બેદીન જાગે, છહેમાસેજાણજી. ૧૫ કુંભકરણખટ માસેજાગે ત્યારે વરતે હાહાકારજી, એકદીનમાં સહુ ભોગભોગવે, કરતો અહાર અપારજી. ૧૬ વીભીષણે વીષ્ણુ આરાધ્યા, પ્રસંનથયામોરારજી; વૈકુંઠનાથેભકતીમાગી, ભજતોનીરમળમનજી આકાશવાણીથઇતેવેળા, સાંભળઆસુરીતનજી. ૧૮ પ્રસનથશેપુરૂશોતમતુજને આપશે અવીચળરાજજી, વચનસાંભળીવીભીષણહરખ્યો. સરીયુંસરવેકાજજી ૧૯ પહેરાવણનેબહુઅસુર મળ્યા, તેણેકરીયોમાત્રાચારજી, પાતાળમાંથીસરવે આવ્યા, રાક્ષસનોનહીપારજી. ૨૦ કુબેરસાથેજુધકર્યુંત્યાં, વીતીગયાબહુદનજી લંકાહાથનઆવીત્યારે, વાતવીચારી મનજી. ૨૧ પીતાનીપાસે પત્રલખાવ્યો, જોરાવરીતેણીવારજી; લંકાઆપજેરાવણને નાંરહીશનગરમોઝારજી. ૨૨ કાગળતેહકુબેરેવાંચ્યો લેઇચઢાવ્યોશીશજી,. આગ્નાપીતાનીપાળીપોતે, નાવરીમન રીસજી. ૨૩ સંપ[illegible]રવપોતાનીલીધી, ત્રીયાપુત્ર પરીવારજી, પુષ્પવૈમાનભરિનેચાલ્યો, બ્રહ્મસદન મોઝારજી. ૨૪ વાતકહિવીધી આગળસરવે, દશમુખનું વરતાંતજી, કુબેરકરજોડીનેઉભો, દાનથઇબળવંતજી. ૨૫ ત્યારેપ્રસનથયાપરમેષ્ટીપોતે, નગરરચ્યું નીરવાણજી; હીમાચળની પાસે સુંદર; અલકાપુરીતે જાણજી. ૨૬ કુબેરનેતેનગરીઆપી, મનવાંછીતસહુભોગજી દેવનેદુર્લભસરવે પદારથ, નહીવ્યાધીનેરોગજી, ૨૭ ત્યારેકુંભકરણ વીભીષણનેરાવણ, વસીયા લંકામાંહેજી ઠામઠામથીદાનવબળીયા, આવીમળીયાત્યાંહેજી. ૨૮ પ્રહસ્ત મહોદર, વીધુતજીભ્યા, વજદ્રષ્ટી કહેવાયજી, વીરૂપાક્ષ, ખર, દુખર, ત્રીશીરા, માલ્યવંતા મહાકાયજી. ૨૯ મ[illegible]ત્તવીધુતમાલી, જંબુમાલીબળવાનજી બળમહાબળશુકશારણઆરે [illegible]ધાનજી. ૩૦ મયનામાનિકન્યાસુંદર, મંદોદરીતેનું નામ[illegible]ત્રીમીતે, સાધવીપુરણ કામજી. ૩૧ બળીરાજાના કુટું[illegible]હેવાયજી, કુંભકરણને પરણાવી,

દીસંતી મહાકાયજી. ૩૨ ગાંધર્વ કન્યા શરમાનામે, વીભીષણ પરણ્યાતેહજી, લંકાપુરીમાંરાજકરેછે, રાવણમળીયો જેહજી. ૩૩ અનેકકન્યાલાવ્યોદશાનન, હરણકરીનિરધારજી; દેવદાનવમાનવપન્નગી, યક્ષગાંધર્વિનારજી; મેઘનાદતેસહુથીમોટો, પાટવીપુત્રરતનજી. ૩૫ તેશેષનાગનીકન્યાપરણ્યો, પતિવૃતાકહેવાયજી; સુલોચના એવું નામજલેતાં, પાપીતેપાવનથાયજી.૩૬ સહુપરીવારેપનોતોરાવણ, લક્ષ્મીવઇભવપુરજી; સરવદીશા જીતીવશકીધી, એવો બળીયોશુરજી. ૩૭ ॥ વરણ ॥ શુરમળીયોદશાનનને, કોણેજીત્યોનરજાયરે; હવેરાવણેદિગવીજેકીધો, તેનીકહું કથાયરે. ૩૮ ઇતિશ્રીરામચરિતરેસંમતવાલિમકી નાટકધારાયાંબાલકાંડેરાવણાદિવરપ્રદાનોનામચતુર્થો અધ્યાય: ૪

અધ્યાય ૫ રાગ સામેરી દિગવીજે કરીયો રાવણે, જીત્યા સકળ ભુપાળ; નિજ બાહુ બળથી વશકર્યું, તેણે સ્વર્ગને પાતાળ. ૧ આસુરી સેન અતિ ઘણી, કહેતાં ન આવે અંત; અષ્ટાદશ ક્ષોણીવાજે. સેન્યમાં વાજીંત્ર. ૨ છેહરા લાગ્યો પંખગોરીને, સુરપતી જેહણી વાર; કેટલા પરવત રાવણ શરણે, આવ્યા તેણી વાર. ૩ મેઘનાદ ચઢીયો જુધે, રાવણતણો કુમાર; તેઇંદ્રસાથેઆથડ્યો, જુધકર્યું સતરવાર. ૪ ઇંદ્રનજીત્યોતેમાટે, ઇંદ્રજીતપડીયું નામ; મઘવાપતિનેબાંધીને, નાખ્યો કારાગ્રહેઠામ. ૫ બ્રહ્માએ છોડાવ્યો તે, વિનયકરીબહુપેર; તેદિવસથીસેવાકરેસુર, રહ્યારાવણઘેર. ૬ ઇંદ્રલાવેહારગુંથીપુષ્પકેરાતત્ર; દ્રારપાળરવાથયા, ચંદ્રમાધરતાછત્ર. ૭ વરૂણપાણીપાયછે કુબેરલીપેભોમ; વસ્ત્રવન્હિધુવે, પુંજેવાળનોસુતવ્યોમ. ... પુરોહીતબ્રહ્માથયા નીતગાયનરદએવ; પંડીતપણું બ્રહસ્પતિકરે, ઇષ્ટદેવ શ્રીમહાદેવ ૯ એમરૂપધરીનેરહ્યાત્યાંનીત, સેવાકરતાસુર; તણમાત્રકાનેનગણે, અભિમાનવાધ્યું પુર.૧૦ નિત્યમંત્રમેલાજપેદાનવ, કરેઅપુનિતહોમ; ગોબ્રહ્મણનીહિંસાકરે અતી, અસુરધરતાભોમ્ય. ૧૧ ત્યારેકુબેરેરાવણભણી, મોકલ્યોકહેવાદુત; હેભાઇ આપણબ્રહ્મસુત, સંધ્યાકરમસંયુત. ૧૨ સ્વધર્મમુકીકુળતણો, હિંસાકરેછેઅપાર તેપાપભોગવતાંઘણું, દુખપ્રામશોનીરધાર ૧૩ તેવચન રાવણ સાંભળી. ક્રોધ થયોતતકાળ; બહુસૈન્યલેઇરજની વિષે, તેચાલીયો ભુપાળ. ૧૪ અલકાપુરી વીંટી સકળ, પુરમ વેશ્યાપાપીષ્ટ; દર... નગરલુટયું, કપટીદાનવઇશ. ૧૫ વૈમાનપુષ્પ કઆદિલાવ્યો, રાવ... કુબેરનાઠોઇંદ્ર શરણે, ગયો તેણિવાર. ૧૬ કુબેરની સ્વાગતક... વઇભવઘણોઆપી વળાવ્યો, અનેક સુરગણસાથ. ૧... ...રીઉપાય;વ્યથ

વાણીજાયતેની,દુખઅ તેથાય.૧૮ એવોઅવરમકરેરાવણ, મનગણું અભીમાન;
એક સમે કેલાસે ગયો જે, પરમ શોભાય માન. ૧૯ તે ભોવનમાં; ભવઉમા
બેઠાં કરે ગોસ્ટી એકાંત દવારપાળ શીવનો નંદી નામે બેઠોછે બળવંત. ૨૦
રાવણેધરીપેસવામાંડયું, શીવ તણેભોવન; નંદીયેખાળ્યોતેસમે, અવસર વિ-
ચારીમન. ૨૧ મહાદેવછેએકાંતમાં, નહિજવા દેઉ ઘરમાંહે; રાવણ ક્રોધે થયો
રાતો,વચનબોલ્યોત્યાંહે.૨૨ અલ્યામરકટમુજનેખાળે, કરૂં મારીચુર; નંદીનેપ્ર
હારકર્યોતદા,કોપીયોદાનવસુર ૨૩ત્યારેનંદીયેત્યાંશ્રાપદીધો, સુણઅધરમીવાત;
નરવાનરતુજનેમારશે, પ્રગટથઈજગતાત. ૨૪ દશ રૂદ્રનેતે વશકર્યા, તપકરીને
નીરધાર; અગીયારમોહનુમંતથાશે, રૂદ્રનોઅવતાર. ૨૫ તે ગરવતારો ભાગશે,
કપીરૂપમહાબળવંત; અસુરે એવું સાંભળીને, ચઢયો ક્રોધઅનંત ૨૬ ઉપાડી
કેલાસનેલેઇ,જાઉલંકાંમાહે;રાવણેગીરીનેઉખેડયો; કરતળેરાખીત્યાંહેત્યારેપાર-
વતીજીકોપીયાં, જોઇરાવણનું અભીમાન; પગવડે પરવત ચાંપીયા તે, ચંપાયો
બળવાન. ૨૮ કરચ પાયારાવણતણા, વહીગયાંવર્ષહજાર; ઘણિસ્તુતિ શિવની
કરીત્યારે,મુકાવ્યોત્રિપુરાર. ૨૯ એકસમેરાવણરેવામાં, ધરવા બેઠો ધ્યાન; સ-
હસ્ત્રાર્જુનતેસમેત્યાંઆવીયોબળવાન. ૩૦ તે સ્નાન કરવા નર્મદામાં રાય પેઠો
માંહે; સહસ્ત્રભુજથીનીરબાંધ્યું બુડયોરાવણત્યાંહે. ૩૧ ત્યારેદશાનનઅકળાઇ
ઉઠયો, ચઢયો ક્રોધઅપાર; બહુગાળોદેતોઆવીયો. હવડાંકરૂં સંહાર. ૩૧ સહ-
સ્ત્રાર્જુનેતવઝાલીયે બાંધીયોકરીનેહાસ; કારાગ્રહમાંનાંખીયો, તેવહીગયા ખટ
માસ. ૩૩ પોલસ્ત્યમુનીત્યાંઆવીયા, જાચીયોહેહયરાય; રાવણનેછોડાવીયો તે,
પામ્યોમનલજાય.૩૪ અપમાનપામીચાલીયો, મન નહિલાજ લગાર; પાતાળ
માંહેઆવીયો, બળીરાયને દરબાર. ૩૫ સભામાંકહેમુને આપો, જુધ આણિ
વાર;અભીમાનજોઇરાવણતણું, બળીહસ્યાત્યાં નિરધાર. ૩૬ રાવણશુણ એક
વાતકહું, તું મહાબળીયોકહેવાય, હીરણ્યકશ્યપુ સાથ પુરવે, વઢયા વૈકુંઠરાય.
૩૭ હીરણ્યકશ્યપુનાકાનનું, કુંડળપડયુંભુસાથ; તેઉપાડીઉંચું કરેતો જુધકરૂં
તુજસાથ. ૩૮ વીસકરશું બાથમારી, રાવણેતેણીવાર; લેશ હાલ્યું નહી કુંડળ,
થયોશ્રમઅપાર. ૩૯ અધોમુખેનિસ્તેજથઇ, અપમાનપામ્યોમન; ત્યારેવિરોચન
સુતરાવણપ્રત્યે, બોલ્યોહશી [illegible] ૪૦ બળીરાયનીઅરધાંગના, વીંધ્યાવળી
જેનાર; તેસખીસાથેદુતગ [illegible] ાર. ૪૧ બળીરાયકહેદશાનતતું,લા-
વ્યપાસાઆંહે; રા [illegible] સારપાસામાંહે ૪૨ એમ મંદ બુદ્ધિ
પડયોહળવે [illegible] વજરકુલીસે, તરણુનવ છેદાય. ૪૩

બળિરાવનાઅનુચરેઝાલ્યો, રાવણનેતેણીવાર; વસ્ત્રાભુષણકાઢીલીધાં, લુટીયો નીરધાર. ૪૪ મુખશામકરીકરબાંધ્યા, ફેરવ્યોનગરમોઝાર; નમ્રકરીનેનચાવ્યો પછે. કાઢીમુકયોબહાર ૪૫ લંકાભણીતેચાલીયો, અપમાનપામી મન; ધ્યાન ધરતોહનોવાલી. ઇંદ્રકેરો તન. ૪૬ વાટેજતાંવિરોધકીધો, ચુકાવ્યું તવ ધ્યાન; શિશવાલીનેચઢીને, ઊઠીયોબળવાન. ૪૭ વાલીએરાવણઝાલીયો, જેમઅજાને અગધશ; નીજબગલમાંહેઘાલીયો, ચાંપ્યો આણી રીશ. ૪૮ ચતુર સાગરવિષે જઇને. સ્નાનકીધુંતાંહે; પછીકીશકંધામાંઆવ્યો, તેકરિ બેવડીમાંહે. ૪૯ પુત્ર વાલીતણોઅંગદ, હતોનહાનુંબાળ; તેઅંગદનેપારણેબાંધ્યો, અધોમુખભુપાળ. ૫૦ ત્યાંપિતારાવણતણાઆવ્યા, જાચીયોકપીરાય; વીશ્રવાયેમુકાવ્યો, મન પામ્યોલજ્જાય. ૫૧ વાલીએ ચરણેઝાલીયો; કરવડે રાવણ ત્યાંહે; આકાશમાં ઉછાળીયોને, પડીયોલંકામાહે. ૫૨ ॥ વલણ ॥ લંકામાં આવ્યોરાવણ, માન ભંગથયોજદા; ત્યારેચીંતાપ્રગટીમનવિષેતે, બ્રહ્માનેપુછેતદા. ૫૩ ઇતિશ્રીરામચરિત્રેસંસ્કૃતવાલ્મિકી નાટકધારાયાંબાળકાંડેરાવણસ્યદિગવિજયે માનપમાન કથનંનામપંચમોઅધ્યાય: ॥ ૫ ॥

અધ્યાય ૬ ॥ રાગ ચોપાઇ ॥ રાવણ પામ્યો ઘણું અપમાન; સભા કરીને બેઠો સ્વસ્થાન; બ્રહ્મા બેઠા સભા મોઝાર, રાવણે પ્રશ્ન કર્યું તેણીવાર. ૧ મારૂં મરણ કહો વિધિ તમો, કોને હાથે મરીશું અમો. ૨ પ્રજાપતી કહે છે નિરવાણ. ભવિષ્ય વીચારી બોલ્યા વાણ; સાંભળ રાવણ કહું છું તુને, તારૂં મરણજભાસ્યુંમુને; અવધપુરીઅજપાળનરેશ, તેનોદશ[illegible]પુત્રધરેશ. ૩ તેદશ રથઘેરથાશેરામ, પુત્રપ્રગટશેપુરણકામ; તેજરામ તુજને મારશે, ભાર ભુમિનો ઊતારશે. ૪ એવાંવચનવીધીનાંસુણી, રાવણને થઇ ચિંતાઘણી; મનમાં વાત વિચારી તદા, દશરથને મારૂં સરવદા. ૫ મુળથકી શત્રુને હણું; એમ કારજ સાધુંઆપણું; દશરથનીકરૂં કાલેઘાત; તેનારદ ઋષિએ જાણીવાત. ૬ અવધપુરીમાંનારદગયા, અજરાજામનહરખીયો; આસનઆપીપુજાકરી, કરજોડીનેસ્તુતીઉચરી. ૭ વિવાહમાંડયોદશરથતણો, અજરાજાનેહરખજઘણો; લગ્નવચ્ચે આડાદીનસાત, નારદમુનીતવબોલ્યાવાત. ૮ સુણોરાયકહુ એકપેર; મોટું વિઘ્ન થશેતમઘેર; રાવણરાક્ષસલંકાપતી; તે[illegible]ણરોદુરમતી. ૯ એવી વાત મેંજાણીતહીં; છાનોકહેવાઆવ્યો[illegible] નવિચારીમન; ગુપ્તઠેકાણે રાખો તન. ૧૦ એવું કહીનેનારદ[illegible] [illegible]ર થયા; વરકન્યાને પીઠી ચઢી; માટે તેડાણું આવડી[illegible] [illegible]ન; જેમ કન્યા

આવે પરભાત; તેડાવી તેને તતકાળ; કઉશલ્યાગુણરૂપવિશાળ. ૧૨ સતીશિરો
મણ તે સાધવી; જેમ સરિતા માંહે જાન્હવી દશરથ કઉશલ્યાને ત્યાંહે રાવ
બેસાડયારથમાંહે. ૧૩ સાથેપ્રધાનસોંપ્યેચ્યાર; વશીષ્ટ મુનીનોવીદ્યાર્થી, પ્રોહીત
કરીસોંપ્યોસરવથી. ૧૪ બીજીવસ્તુજોઇયેજેહ, શકટભરીનેલીધીતેહ; પ્રધાનને
કહેરાજાવાત, પુર્વ દેશજજોસાક્ષાત. ૧૫ સમુદ્રબેટમાંરહેજોજઇ, અન્યકોઇજેમ
જાણેનહી; ત્યાંવરકન્યાનેપરણાવજો, હું તેડાવું ત્યારે આવજો. ૧૬ એવો પ્રપંચ
કરીનેરાય, વરકન્યાનેકર્યાંવિદાય; નિશાસમેચાલ્યાનિરધાર, પવનવેગેખેડયાતો-
ખાર. ૧૭ પુર્વ સમુદ્રનેકાંઠેજઇ, નાવમાંહેબેઠાસજથઇ; સમુદ્રમધ્યેરાખ્યું વહાણ;
અથાગજળજ્યાંહેનીરવાણ. ૧૮ અરધકોશનું મોટું નાવ, રચનામંદીરકેરોભાવ;
રહ્યાસરવતેઠામેઠરી, ચારદીવસવીત્યાઅનુસરી. ૧૯ રાવણનેતેજાણજથયું, સાગ
રમાંજેવહાણજરહ્યું; દશમુખનેથયોક્રોધઅપાર, હવડાંજઇનેમારૂં ઠાર. ૨૦ રાવણ
ચાલ્યોપામીત્રાસ, પંખીવતઉડયોઆકાશ; નિશાસમેતઆવ્યોત્યાંહ, વહાણ છે
જ્યાંસાગરમાંહ્ય. ૨૧ અસુરેલાગજોઇસરવદા, કન્યાકાઢી લીધી તદા; ગદા એક
મારીનીરવાણ. ભાગીભુક્કોકીધું વહાણ. ૨૨ કન્યાલેઇચાલ્યોદુરમતી દેવનાણી
નવજાણેગતી; લંકામાંઆવ્યોતેરાય, પેટીમાંઘાલીકન્યાય ૨૩ એકમછનેસોંપી
તેહ; જતનકરીનેરાખજેએહ; મછીબેટમાંપેટીધરી, ચારોચરતોજેતેફરી ૨૪ રાવણ
જાણ્યું નિપુંરપ્રસન્નથયો, મનહરખાનેમંદીરગયો; માગીબ્રહ્માનીઆગ્નાય, નગરમાંહે
લાવીશકન્યાય. ૨૫ હરિઇચ્છામોટીબળવંત, તેનોકોઇનજાણેઅંત; જેનીસાહ્ય
કરેજગદીશ. સ... ખવામેતદીસ. ૨૬ નાવભંગજ્યારેથયું, સરવેજળમાંબુડી
ગયું; એકઉગર્યાદશરથરાય, સાહ્યકરીશ્રીવૈકુંઠરાય. ૨૭ વહાણપાટીયું આવ્યું
હાથ. દશરથબાઝયાતેસંગાથ; સુગમસમિરથયો તેણીવાર. આવી છીપ્યુ બેટ
મોઝાર ૨૮ જેટેકાણેપેટીહતી, ત્યાંઆવ્યાદશરથમહામતી; માનગવાઇ કરવા
આહાર, દશરથઆવ્યાબેટમોઝાર, ૨૯ દીઠીપેટીપાસે ગયા. ઉઘાડતામાં વિસ્મે
થયા; કૌશલ્યાકન્યાસરવદા, અજનંદનજોતેહખ્યાતદા ૩૦ એટલેનારદઆવ્યા
ત્યાંહ, વરકન્યાબેઠાછેજ્યાંહ; ગાંધર્વવિવાહ મુનીયે કરી, પરણાવ્યાં આશીષ
ઉચરી. ૩૧ વરકન્યાનીપ્રતિએવ, મુનીયેવચનકહ્યું તતખેવ; તમોને ...તિમંગળ
રૂપ, થશેપુત્રભુવનભુપ. ૩૨ ... ...ગ્યતણોનહિપાર, રમારમણલેશેઅવતાર;
એકપહોરરહેજોઆઠાર, પ... ...રમોઝાર. ૩૩ બેજણચાલ્યાપેટીમાંહ્ય,
હતીત્યમઆડકાવી... ...નમાંસહી, નારદચાલ્યા એવું કહી,
૩૪ ॥ વલણ. ... પરણાવીકન્યાયરે; કહેદાસગિરિધર

એઇશ્વરઇચ્છા, તેકેમમિથ્યાથાયરે. ૩૫ ॥ ઇતિ શ્રી રામચરિત્રેસંમતવાલિમકી નાટકધારાયાંબાલકાંડેકઉશલ્યાદશરથયોર્લગ્નકથનં નામ ષષ્ટો અધ્યાય. ૬ ॥

અધ્યાય ॥૭॥ રાગધનાશ્રી સુણોશ્રોતાવિવેકીજંન, રૂડીરામ કથા પાવન; મુની દશરથને પરણાવી, ગયા કુશળ વાત જણાવી. ૧ હવે લંકામાં તે દીશ, સભામાં બેઠોદશશીષ; વિધીસાથેહસીનેવચન, ચાલ્યોમંદબુદ્ધિદશાનન. ૨ કર્યું વચનતમારૂંફોક, કોણબળીયોહું થીત્રિલોક; કર્યોલગ્નતણોમેંભંગ, માર્યોદશરથબહુ જનસંગ. ૩ કન્યાહરણકરીનેલાવ્યો, નીરભેથકીપાછોઆવ્યો; વિધીબોલ્યાહસીને વાણ, સુણરાવણસાચુંજાણ. ૪ લખ્યોઅંકમટેનહિએહ, વરકન્યાપરણ્યાંતેહ; ત્યારે રાવણકહેકેમમાનું, મારેહાથેકર્યુંનથીછાનું. ૫ જોપરણ્યાંહોયવરકન્યાય, તોજેમા- ગોતેઆપુંન્યાય; વિધીકહેજોથયાંહશેલગન, તોહું માગીશ થઇને મગન. ૬ સુણી ઉઠયોતદાલંકેપ, જેઅધરમીઅમંગળવેશ; તેસમુદ્રનીતીરેઆવ્યો, પેલામછને પાસે બોલાવ્યો. ૭ લાવપેટી, સેઆપીજેહ, લેઇજાઊંહું મંદીર તેહ; ચાલ્યો મછ મહા બળવાપી,તતકાળેઆણીઆપી.૮ સહુદેખેસભાનાજનઆપેટીલેઇનેઆવ્યો દશા- નન; સભામાંહેમુકીતેણીવાર. મનમાંહેહરખ અપાર. ૯ ઉઘાડીને જુવે જેટલે, વરકન્યાદીઠાંતેટલે; મહામનોહરજેનોવેશ,દેખીવિસમેથયાલંકેશ. ૧૦ પછેક્રોધે કરી તેણીવાર. કરમાંખડગગ્રહ્યું નિરધાર; એથી શત્રુથશેઊતપન, માટેએનેપમાડુંપતંન ૧૧ મારવાનેઊઠયોજેટલે, બ્રહ્માઆવીઊભાતેટલે, તેંઆપ્યું તું મુજને વચંન, તે પાળહવેરાજંન. ૧૨ વરકન્યાજેપરણ્યાહોય. જેમાગેતેઆપંસોય;મેંકહ્યું તે થયું છેસાચું, માટઆપહું તુજનેજાચું. ૧૩ કહેદુષ્ટના જીવતાં [illegible] મારી હાથઆવ્યો કેમચુકું; એવિનાજેમાગોતેઆપું, આજશિષ હુંએનુંકાપું. ૧૪ કૌશલ્યાયે સુણ્યાં વચંન, ત્યારેથરથરધ્રુજેતંન; આપેધીરજદશરથરાય, શાનેઅબળાકરે છે ચિંતાય ૧૫ હું છું ક્ષત્રીકેરોતંન, શુદ્ધસુરજકુળપાવંન; આવેમારવાજેઆદીશ, ખુંટીનાંખું એનાંદશશીશ. ૧૬ એમદશરથધીરજદેછે, વિધીરાવણપ્રત્યેકહેછે; આપ્યમાગ્યુંમુ નેઆવાર, તારોથાશેજસવિસ્તાર. ૧૭ એમવિનવતાવિધીવાણી, એવેઆવ્યામંદો દરીરાણી; કહ્યાંનીતિવચનસંબંધ, સમજાવ્યોઅસુર મદ અંધ. ૧૮ સ્વામી એને મારેશું થાય, કાળવિશ્વસકળનેખાય; આવરદાયેસહુજન મરે, તેમાંએ બાપડાં શું કરે. ૧૯ આગે ભુપમોટાચક્રવરતી, જેનીર [illegible] ીઆંફરતી; ને સમેપામી કાળે ગ્યા, નથીઅમરકોઇયેરહ્યા. ૨૦ એવું [illegible]. આપોબ્રહ્માને માગ્યું વ- ચંન; સુણીરાણિતણોપ્રતિબોધ,ઊતર્યો [illegible] ાંવીધીનેવરકન્યાય રંગમેહેલમાંરાવણજાય; બ્રહ્માયેપછી [illegible] ીસાથ. ૨૨ તે

મુકીગયાપુરમાંહે,અજરાજાતણું વરજ્યાંહે; પીતા પુત્રને જોઈ હરખ્યો, વધુ સહિત આવ્યોતેનરખ્યો. ૨૩ કહિદશરથેમાંડીવાત. અથઇતિથઇજે ખ્યાત; એમ દશરથ આવ્યાઘેર,એવિઅકળઈશ્વરનીપેર. ૨૪ એકસમેદશાનનસુર, નિકળિયોપૃથ્વિમાં શુર; આવ્યોઅલકાપુરીનિપાસ, દીઠીસુંદરીરૂપપ્રકાશ. ૨૫ તે કુબેરનાપુત્રજતણિ, વધુઅંગનિશોભાઘણિ; તેનેઝાલીદશાનનઅંધ, કામેભુલ્યો વીવેક સંબંધ. ૨૬ તે સતીનેચઢયોમનકોપ, બોલીલજ્યાકરીનેલોપ; અલ્યાવૃદ્ધશું આચરે આમ; તું સ્વસુરપીતાનેઠામ. ૨૭ તોયેમાન્યુનહીદશશીષ, ત્યારેઅબળાનેચઢીરીષ; પછીતેણીયે દીધોશ્રાપ, તુ ભોગવજેતારૂં પાપ. ૨૮ આવું કર્મ કરેભયરહિત, તારોક્ષે થાજ્યો કુળ સહિત; એવું સાંભળીલાજ્યોરાય, તેનેમુકીચાલ્યોમહાકાય. ૨૯ એમઅધરમ કરતો અસુર, પૃથ્વીમાંહેફરતોસુર; અતીવાધ્યોબળઅહંકાર, એના પાપ તણો નહિ પાર. ૩૦ ધરાઊપરઅસુરઅનેક, ફરેકહેતાંનઆવેછેક; માર્યાઅનેકમુનિવરબ્રહ્મ, કરેરાક્ષસહિંસાકર્મ. ૩૧ શુભજજ્ઞકોણેનવથાય,તેદેખી ભંગકરવાજાય; ગૌ બ્રાહ્મણપામ્યાંકષ્ટ, દુખદેછેદાનવનષ્ટ. ૩૨ અંધીખાનેપડ્યાછેદેવ, તેતોસેવાકરેનિત્યમેવ, થયોપૃથ્વીઉપરઅતિભાર.સેવાયોતેનહિનિરધાર. ૩૩ વસુધાગૌરૂપેથઈ, તેમજાપતીનેશરણેગઈ; કહ્યાંદીનવચનઅપાર, નથી સહેવાતોમેંભાર. ૩૪ એવે દેવ સકળ ત્યાંઆવ્યા,સાથેશીવજીનેતેડીલાવ્યા; વિધીકહેકંઇહવેઊપાય, જેથી દુષ્ટનોનાશજ થાય. ૩૫ જજ્ઞકરમથયાંસહુબંધ, નથીપૃથ્વીમાંપુણ્યસંબંધ; નિત્યસેવા કરાવે નષ્ટ, ગૌ બ્રાહ્મણહણતાદુષ્ટ. ૩૬ માટેસત્વરકરીયેઉપાય,હવેદુખસહ્યુંનવજાય; વિધી કહેચાલોસઊજઈ હરીપાસેજઇદુખકહિયે. ૩૭ભીડભંજનદેવદયાળ, જેસદાકરતાસંભાળ; એવું કહીચાલ્યાનતકાળ. આવ્યાક્ષિરસાગરનીપાળ. ૩૮ ॥ વલણ ॥ ક્ષીરસાગરનેતટેઆવી, ઊભા સરવે દેવરે; વિનવેસઊ વિશ્વંભરને, સ્તુતી કરતા તતખેવરે. ૩૯ઇતીશ્રીરામચરીત્રેસંમતવાલ્મિકીનાટકધારાયાંબાલકાંડેબ્રહ્માણા સહ પ્રથ્વ્યાદીદેવૈ શ્રી નારાયણ પ્રાર્થનાથે ક્ષીરસાગરા ગમનંનામસપ્તમો અધ્યાય. ૭

અધ્યાય ૮ રાગબીલાવરક્ષીર સાગરવિષેરહેતા,નારાયણઅવિનાશ;એકલક્ષ જોજનમણિમંડપ, કોટીસુરજપ્રકાશ. ૧ તે મધ્યમાંહે શેષલાંબા,જોજનસાઠહજાર; પહોળાઇએઅર્ધલક્ષયોજન, શય્યારૂપેસાર.૨ તેશેષશય્યાવિષેપોઢયા નારાયણસાક્ષાત; સચ્ચિદાનંદ સ્વરૂપ સુંદર, ... જગના તાત. ૩ મુગટ કુંડળ પીતાંબર, કટી અંગ કંકણ હાર; ચતુર... નમણી, કનક ભુષણસાર ૪ અનંત શક્તિ નિજ સ્વા... મ; તે ચરણ સેવાકરેનિત્યે, ધરી મન અભીરામ. ૫ ... વ્યા, દુખ કહેતા દેવ; ગદગદ ગિરા-

ચીતસજળલોચન, સ્તુતિકરતાએવ. ૬ જયજયઅનેક બ્રહ્માંડનાયક, પુરણબ્રહ્મ અનુપ; દેવવંદીતદેવ પાળક, અગમ વેદસ્વરૂપ. ૭ જયવિશ્વંભરવિશ્વાનાપાળક, વિશ્વરૂપઅનંત; વનમાળીવ્યાપક વિશ્વપતી, સર્વાત્મકમળાકંત. ૮ જયજગતગુરૂ જુગતાતમાતા,અનાથનાથદયાળ; કરૂણાનિધીકૈવલ્યદાયક, દેવનાપતિપાળ. ૯ જય કમળલોચનકરમમોચન, અખિલજીવનિકાલ; ભક્તવચ્છળભુવનસુંદર. સગુણ નિર્ગુણરાય. ૧૦ જયસુરમરદનમધુસુદન,અખંડરૂપઉદાસ; પ્રતીપાળ ગોસુરતિ દ્વિજતણા, ગુણરૂપનામઅપાર. ૧૧ જયમચ્છ, કચ્છ, વરાહિ, નરહરિ, વામન ફરશુરામ; અવતારધરીદુષ્ટનેમાર્યા, ધરમસ્થાપનકામ. ૧૨ હવેપ્રગટથઇ ખળને-સંહારો, ઉતારોભુભાર;હેનારાયણતુજનેઅગો, નિત્યનમું વારંવાર. ૧૩ એવી સ્તુતિસુરનીસાંભળી, બોલ્યાશ્રીપતિદેવ; ગંભીરવાણી સાગરમાંથી, ધુની થઇ તતખેવ. ૧૪ હેદેવચીંતાનકરશો, હુંધરૂંછું અવતાર; અમોચ્યારરૂપેપ્રગટથઇશું, અવધપુરમોઝાર. ૧૫ દશરથ કઉશલ્યાથકીહું, ધરીશરામસ્વરૂપ; આસેષ તે લક્ષ્મણથશે, મુજબ ધુંસ્મર્મ અનુપ. ૧૬ સુદરશનતે શત્રુઘ્ન વળી, શંખ ભરથ પ્રમાણ; એમચતુરમુરતીપ્રગટથઇશું, દુષ્ટહણવાજાણ. ૧૭ વળીપૃથ્વીનોઅવ-તારકાહાવે, જનકરાજાજેહ; તેનીપુત્રીજાનકીને, ધરીશલક્ષ્મી દેહ. ૧૮ તે માટે સુરસરવેતમો, મુજસાથેઆવોત્યાંય; મરકટવાનરરીંછથઇ, અવતરોપૃથ્વીમાંય. ૧૯ હનુમંતશિવજીપ્રગટશે, બ્રહ્માતેજાંબુવાન; સુરજસુગ્રીવચંદ્રઅંગદ, રષભ ધરમસમાન. ૨૦ અગ્નિનળનેનીલવાયુ, શરભરસનાઇશઃ ધનવંતરીસુક્ષેણને, એમસકલથાઓકીશ. ૨૧ તમોપ્રગટથાઓદેવસરવે, ગીરી મોઝાર; હુંયેપણ થોડાદીવસમાં, ધરૂંછું અવતાર. ૨૨ પુરવેકશ્યપ અદીતીને, આપ્યુંછે વરદાન; તેદશરથકઉશલ્યાથયાંછે, અવધપુરસ્વસ્થાન. ૨૩ નારાયણનાંવચન એવાં, સાંભળી નિરધાર; સુરસકળનીજલોકેગયાતે, કરી જયજયકાર. ૨૪ ॥ વલણ ॥ જયજયકારકરીતદા, સહુદેવગયાસ્વસ્થાનરે; હવેઅજોધ્યાનીકહું કથા, જ્યાંપ્રગટ્યાશ્રીભગવાનરે. ૨૫ ઇતિશ્રીરામચરીત્રેસંમતવાલ્મિકીનાટકધરાયાંબાલકાંડે શ્રીનારાયણસ્તુત્યંનતરં સર્વ દેવાનામાજ્ઞાનાકર્ણ નામ અષ્ટમો અધ્યાય ॥ ૮ ॥

અધ્યાય ૯. રાગધનાશ્રી દશરથરાજાપુન્યપવીત્રજી, કહુ સંક્ષેપતેનાંચરિત્રજી; રાવણેમુકયાંબંન્યો ત્યાંહેજી, વીધીયે પંચાડયાં અવધપુર માંહેજી. ૧ ॥ ઢાળ ॥ અવધપુરમાંરાયદશરથ, રાણી ...પતિ; તેના આનંદમાં દિન જાયછે, નિજધરમપાળેમહામતી. ૨ ... ...સોંપી, અજગયા વનવાસ; તપસાધનાકરીથોડેદિવસે, પા... ...શરથરાજકરતા

નીતિધરમવીવેક; પુત્રનીપેરેપ્રજાપાળે, દયાસત્યવીવેક.૪ એકકેકઇકન્યારાયની,
શુભરૂપકપટીમંન; બળવાનનિરદયઅતિઘણી, તેપરણ્યારાજંન. ૫ વળીનાગ
કન્યા સુમીત્રાને, પરણ્યાપોતેભુપ; બીજીસાતસતકન્યાવર્યા, જેનુંમહા મનો-
હરરૂપ ૬ જ્ઞાનકળાતેકઉશલ્યા, સુમીત્રાભક્તિઅનુપ; કેકઇનિશ્ચે જાણજો, એક
કપટ વૃત્તિ રૂપ. ૭ ત્રીગુણ રૂપ વીવેક મુરતી, માન દશરથરાય; પાવન જસ
અદભુત પ્રાક્રમ, કહેતાં પાર ન થાય. ૮ ધનુરવીદ્યા વીશારદ, પંડિત શાસ્ત્ર
પ્રવીણ; શબ્દ વેધી વીચીક્ષણ, સહુ શત્રુ કીધા ક્ષીણ. ૯ પણ
પ્રજા નવ થઈ રાયને, કંઇ પુત્ર પુત્રી રૂપ; જોબનપણું ચાલ્યુ વહી, ચિંતા
કરેછેભુપ. ૧૦ શાસ્ત્રપંડિતએમકહે. પુત્ર વિનાધિક સંસાર; શુનું મંદીર સુત
વિના, જેમદિપવિણઅંધાર ૧૧ પ્રાણવિનાજેમદેહકહીયે. નાથવિનાજેમનાર;
દયાવિનાભક્તિજથા, જેમક્રિયાવિનાઆચાર. ૧૨ શાંતિ વિન વૈરાગ્ય મિથ્યા,
સંપતિધરમરહિત; જ્ઞાનરેહેણિવિનાજેવું, સભા વિણ પંડિત. ૧૩ વેદાંત વિન
જેમઆત્મવિદ્યા, બંધુરહિતસનેહ; સત પાત્રપાખેદાનજેમ, જળ વિન સરોવર
જેહ. ૧૪ પ્રજાજેમરાજાવીના, ધ્રતલવણપાખેઅંન; રાકાવિધુતરૂફળવીના, સં-
સારસુખનીરધન. ૧૫ હરિનામ અંકીતવીનાવાણી, મનો જયવીણમુન્ય; પુત્ર
વીનાએમજાણજો, કુળવંશસરવેશુન્ય. ૧૬ એમરાયદશરથકરેચીંતા. પુત્ર ન
થયોપેટ; એકદીવસન્રૂપનેનિદ્રામાં, સ્વપ્નઆવ્યુંનેટ. ૧૭ જાણેએપુરૂપ એક સ્ત્રી
મારી, સ્વપ્નમાંનીરધાર; ઝબકીનેજાગ્યારાયજી, કરતાતેમનવીચાર. ૧૮ પ્રાતુ-
પકાળેવશીષ્ટગુરૂને કીરાયેવાત; મેંત્રૈણેજણની સપનમાંહે, કરિશસ્ત્રઘાત. ૧૯
ત્યારેગુરૂકહેએભવી આગળ, થવાનુંછેજાણ; પછેશાંત્તિઅરથેરાયદશરથે, કર્યું
પુણ્યપ્રમાણ.૨૦કેટલાદિનવિત્યાપછી,મ્રગીયારમવાગયાવનરાય, કોઇમ્રગહાથેન
વચઢયો, ત્યારેદુરપંથેજાય. ૨૧ તેવનમાંહેનીશાપડી, ત્યારેવીમાસ્યું મનમાંહે;
એકસરોવરથીદુર તરૂવરતળેબેઠાત્યાંહે. ૨૨ તેસમેબ્રાહમણ શ્રવણ નામે, વૃધ
અંધમાતપીતાય; તેફરેતિરથઅટણકરતો, ધરીકાવડકાય. ૨૩ ત્યારેતેનેનીશા-
માંતરૂપાલાગી, વૃદ્ધનેતેણીવાર; કાવડસરઉપકંઠમુકી, ગયો ભરવા વાર. ૨૪
કુમંડળમાંજળભર્યું. તેશબ્દપ્રગટયોત્યાંહેરાયેજાણ્યુંમ્રગકો, આવ્યોસરોવર માંહે.
૨૫ રાયેતતક્ષણબાણમુકયું. શબ્દવેધિજેહ; તેશ્રવણનેવાગ્યુંતદા, કહીરામ પડીયો
તેહ. ૨૬ત્યારેધશીદસરથગયા [illegible] પડયોજેઠામ; દીનકહેશ્રવણને, મેંકર્યું અ-
ઘટીતકામ.૨૭ ત્યારેશ્રવણ [illegible] , મુજમાતપિતાનેજાણ;એવૃદ્ધનેતમો
પાળજો, એવું કહેતા [illegible] ંડળલેઇરાયઆવ્યા, વૃદ્ધ કેરી પાસ;

બોલ્યાવિનાજળઆપ્યું, ત્યારેથયાંચિત્તઊદાસ. ૨૯ અરે શ્રવણકેમ નથી બોલતો; તુનેક્રોધનહીકોઇદિન; જળપાનનહીકરીયેઅમો, બોલ્યાવિનાચિત્તભિન. ત્યારે રાય વળતીબોલીઆમેં શ્રવણ માર્યોઠામ; અજતણોહું પુત્રદશરથ, અયોધ્યા મુજ ગામ. ૩૧મેંઅજાણેકર્મઆચર્યું,મૃગવરાંસેકરીઆજ; હું પુત્રથઇપાળીશતમને,પીયો જળ મહારાજ;૩૨ એવુંસાંભળીઅતીદુઃખમાં,આક્રંદમાંડયું અપાર અરે શ્રવણ જેવા પુત્રકયાંથી, પ્રગટશેસંસાર. ૩૩ જેમલક્ષ્મિનારાયણતણી, સેવાકરેઅનુદીન; એમ અમારીસેવાકરી, એપુત્રનેછેધન. ૩૪ જેણેમાતપિતાનીસેવા ન કરી, ધરી મનુષ્યા દેહ; ચંડાળતેનેજાણવો, મહાપુત્રપાપીતેહ ૩૫ તેનું જ્ઞાન ધ્યાનબળોસહુ, જપક્રિયા અનુષ્ટાન; ચતુરદાઇ વિદ્યા વ્યર્થ તેની, શ્રવણ અધ્યયન દાન. ૩૬ વેદ વીદ્યા ભણ્યોભોથ્યા, સકળશાસ્ત્રપુરાણ; તેનેતીરથપાવનવકરે, થાયવૃથા સાધનજાણ. ૩૭ માતપીતાનેઊવેખી, શુભકરમકરતાઅન્ય; તેધરમઅધરમજાણજ્યો, સેવા સમુનહીપુણ્ય. ૩૮ એવું કહીધરણીઢળ્યાં, મુરછાથઇતવઆપ, અંતકાળેરાયને બેજણેદીધોશ્રાપ. ૩૯ પુત્રવીયોગે પ્રાણતારા, જજોસત્યવચન; એવું કહિબેમરણપામ્યાં, રાયકપ્યામન. ૪૦ દાહકિરિયાકીધીતેતણી, દશરથે તેણીવાર, પછે અશ્વઆરૂઢથઇપોતે,, આવ્યાનગ્રમોઝાર. ૪૧ ઉત્તરકિરિયા કરીવૃદ્ધની, આપ્યાંઆપરનિતદાન રાય હરખ્યામનવિષે, મહારેથશે સંતાન. ૪૨ એશ્રાપનેવર માનીયો, જેપુત્રથાશેસત્ય; વશીષ્ટગુરૂનેવાતકહી, દ્વિજત્રણપામ્યાંમૃત્ય. ૪૩ એ કરમનીછેઅકળગતી, કયાંશ્રવણદશરથયોગ, લખ્યું ભવિષ્યમટેનહીં, સુખદુઃખ સત્યુ, એલખ્યા પ્રમાણે થાયરે; માટે કલ્પના સરવેતજીને, જેવૈકુંઠરાયરે. ૪૫ ॥ ઇતીશ્રીરામચરીત્રેસંમત વાલ્મિકીનાટકધારાયાંબાલકાંડેદશરથે નશ્રવણવધો નામ નવમો અધ્યાય ॥ ૯ ॥

અધ્યાય ૧૦ ॥ રાગ સામેરિની ચાલ ટુકડી ॥ હવે અસુરતણો વૃષ પરવા, પ્રાક્રમ વંતઅમોઘ; તેણે શુક્રાચારજ પાસે કરાવ્યો, વૃષ્ટી બંધ પ્રયોગ. ૧ મેઘતણું આકર્ષણ કીધું, આણીમનમાંગર્વ; અનાવ્રષ્ટીથઇબારવર્ષની, પીડાપામ્યું સર્વ. ૨ ગૌબ્રાહ્મણનીઆદેપ્રજાસઉ, પામ્યુદુઃખઅપાર; યજ્ઞયાગ સઊબંધથયા, ત્યારેવરત્યાહાહાકાર. ૩ ત્યારેઇંદ્રેઘણાદિનયુદ્ધકીધુ, વૃશપરવાનીસાથ; પણનવ જીતાયોઅસુર મહાબળીયે શુક્રતણોશીરહાથ. ૪ બ્રહ્માએ કહ્યુંમઘવાપતીને, એતુજથી નહીજીતાય [illegible] રાયને તેડીલાવેનો, દાનવ પ્રાજેથાય. ૫ ત્યારેઅવધપુરીમાં ઇંદ્રેય [illegible] થરાય, અજનંદનત્યાં તતપરથઇનેયુદ્ધકરવાનેજાય. ૬ ત્યાં [illegible] પારેજોવું છે યુદ્ધ;

જોઈતમારૂં બળછેકેવું, પ્રાક્રમવિદ્યાવિશુદ્ધ. ૭ કૈકેનેલેઇરથમાંબેઠા, ચાલ્યાત્યાંથી નરેશ; બ્રહસ્પતિઆદેસકાળદેવશુ, આવ્યોસાથસુરેશ. ૮ સીંધુપારજઈનેમાંડયું યુદ્ધકરવાતેણીવાર વૃષપરવાનિસાથેવઢીયા, દશરથરાયઅપાર. ૯ દારૂણયુદ્ધ થયુંતેણિવેળામાર્યાઅસુરઅનંત; સૈનસહીતવૃષપરવાનો, આણ્યોરાયેઅંત ૧૦ ત્યારેવૃષપરવાનીપક્ષકરીને, શુક્રાચારજઆવ્યા; કંઈઅસુરનિસેનાશેષહતીતે, સરવેસાથેજલાવ્યા. ૧૧ અસુરગુરૂત્યાંમંત્રભણીને, મુકેબાણઅપાર; દશરથરાજા શરમુકીને છેદેતેણીવાર ૧૨ શુક્રનેભુપતીયેઅકળાવ્યા, સૈનસકળસંહાર્યું; ત્યારે દ્વિજવરને અતિક્રોધચઢ્યો, જાણ્યુંરાયનેહવણાંમારૂં. ૧૩ પછીપાંચ બાણમહાપૈદાં માર્યાં અસુરગુરૂનીરધાર; દશરથનોરથ પાછોહઠાવ્યો, બારધનુષ તેણીવાર. ૧૪ ધરી ભાગી દશરથના રથની, નમીયો પ્રથ્વીમાંહે; ત્યારે કૈકૈઈયે નિજકર ઝાલી, રથ ઉભો રાખ્યો ત્યાંહે. ૧૫ એવું બળ છે અબળાનુ તે, નથી જાણતા રાય; તદાકારયુદ્ધમાંહેથયા, કોણસનમુખનવરહેવાય. ૧૬ દશરથ રાજાકહેહવે, એબ્રાહમણનેજેમારૂં; તોબ્રહ્મહત્યાનુપાતકબેસે, મનમાં એમ વીચાર્યું. ૧૭ પછીમુગટઉડાડયોશિષવીષેથી, મુકીતીક્ષણબાણ; ત્યારેશુક્રાચારજ નાઠા ત્યાંથી, યુદ્ધમુકીનીરવાણ. ૧૮ જયજયકારથયોતેણીવેળા, હરખ્યા દેવઅપાર; જયપામ્યાશત્રુસંહારી, અવધપતિનીરધાર. ૧૯ એવેરાયે કૈકૈ સામું જોયું, વીસ્મેથયાનરનાથ; રથચક્રમાંધરીઠેકાણે, દીઠો રાણીનોહાથ. ૨૦ પ્રસન્ન થઈ અજનંદન બોલ્યા, માગ્યમાગ્યવરદાન; તેં મુજને રણમાંજસઆપ્યો, રાખ્યું મહારૂંમાન. ૨૧ જે ઇચ્છાહોયતેમાગ્યહુંઆપું, બે વર તુજને આજ; રાણી કહેહુંમાગીશજ્યારે, પડશેમારેકાજ. ૨૨ વચનરાયનુંલીધુંપોતે, રાણીહરખી મંન; દેવે જયજયકારકર્યો, એમ જય પામ્યારાજંન. ૨૩ ઈંદ્રે આભુષણ બહુ આપ્યાં, વસ્ત્રઅનોપમસાર; આશીષદીધીવાચસ્પતિયે, દશરથનેતેણીવાર. ૨૪ ઈંદરેપુછ્યુંરાયતમારે, શાંછેઘેરસંતાન; ત્યારેદશરથરાયનેદુમોચાલ્યો, દીનથયા દુઃખવાન; ૨૫ ત્યારેબ્રહસ્પતીકહેચીંતાનવકરશો, ભુપછોભાગ્યવાન; તમારા પુત્રથઈઅવતરશે, પોતેશ્રીભગવાન. ૨૬ વીભાંડીકરૂપીનોપુત્રછે સૃગી, મરૂગી થકીઉતપંન; પુતરેષ્ટજગ્નકરાવોતેપાસે, છેબ્રહ્મનિષ્ટમુનિજંન. ૨૭ તેને સ્ત્રિ પુરૂષનુંભાનનથીપણ, ગાનથકીવશથાય; બાકીઅન્યઉપાયેતેનવઆવે, સાંભળોસાચુંરાય. ૨૮ ત્યારેદશર[illegible]. અપ્સરામોકલી, મુનિવર મોહ પમાડ્યો; જેમતેમ કરીનેલાવોતેને. [illegible] ધ્યાયો. ૨૯ એવુંકહીરાયેઆજ્ઞા માગી, ઈંદ્રતણીતેણીવા[illegible]ે, આવ્યા નગર મોઝાર. ૩૦ વૃષ

પરણાને માર્યો ત્યારે, મુકતથયોપરજન્ય; સ્રષ્ટીથઇસહુસ્રષ્ટીમાંહે, ટળીયાદુખના દીન. ૩૧ અપ્સરાનેપછેઆજ્ઞાઆપી, ઇંદ્રે મોકલીતેહ; રંભાનામેચતુરચાલી, ચતુરશીરોમણી જેહ. ૩૨ ॥ વલણ ॥ ચતુર શીરોમણી નાયકા, વેગેતતપર થાઓરે; શરૂંગીરૂષીનેમોહપમાડી, અયોધ્યામાં લેઇ જાઓરે. ૩૯ ॥ ઇતી શ્રી રામચરીત્ર સંમતવાલ્મીકી ન ટક ધારાયાં બાલકાંડે દશરથેન વૃશપર્વાહતના નંતરં કેકઇ વર પ્રદાનં નામ દશમો અધ્યાય. ૧૦ ॥

અધ્યાય ૧૧ રાગ મારૂ.

આપી આજ્ઞા નીરજરભુપ, ચાલીઉંઅપ્સરા અદભુત રૂપ; મહા વનમાં તતક્ષણ આવી, સાથે રૂતુસંતને લાવિ. ૧ વન શોભા તણો નહીપાર, ફુલી વનસ્પતિભારઅઢાર; જાઇ જુઇ કેતકી મેહેકે, ત્યાં ગુલાબને ચંપક બેહેકે. ૨ ફુલ્યાં ભર્ણદરૂમને રસાળ, રંભા અશોકતાલતમાલ; બોલે હંસ કારંડ મોર, કોકીલાશુકમેનાંચકોર; ચકવાચકવી ચક્રવાક, બપૈયામોર પીઉનેહાંક; સરોવરમાં ફુલ્યાંકંજ, મત્તમધુકરકરતાગુંજ. ૪ મ્રગ જુથ મળીનેફરતાં, ત્રણઅંકુર લીલાં ચરતાં; તરૂસરળસઘનગંભીર, શીતમંદસુગંધસમીર. ૫ ચારેપાસેગીરીછે અગમ્ય, તેમધેમુનીઆશ્રમ રમ્ય; વીભાંડિકનહિસ્થળમાંહે, શ્રંગીબેઠાએકલાતાંહે ૬ ધરેધ્યાનતેઆસનવાળી, એકબ્રહ્મનીસાથેતાળી; જેનેસરવેવિશ્વસમાન, નથીસ્રીપુરૂષનુંભાન. ૭ તેઆશ્રમકેરીપાસ, આવીઅપ્સરાનેજપ્રકાશ. મ્રગલોચની બીંબનુ વંક, સ્તનપીનસિંહકટીલંક. ૮ ચંદ્રવદનીચંપકવરણી, મંદહાસ્યકરેગતીકરણી; હાવભાવઅતીરસલાવે, કુચમંડળનેકંપાલે. ૯ આભુષણઓ[illegible]ાે, ચીરહારચોળી નવરંગે; કરકામનીવીચહિવીણા, કરેગાનમધુરસ્વરઝીણા. ૧૦ જેનાગાનથીદીનકર થંભે, ફણીડોલેઅસંભે; મ્રગનુંજુથઆવીમળાયું, થયાંતન્મયભાનજટળિયું. ૧૧ મુનીશ્રવણપડયુંતેગાન, નેત્રઊઘડયાંછુટયુંધ્યાન; છેમ્રગીથકી ઊતપંન, માટેનારદેખાણામુનિજંન, ૧૨ ઊઠીબારણેઆવ્યાચાલી, દીઠીરંભારૂપરસાળી; મન જાણ્યું કોઆવ્યામુન્યમુજનેકરવાપાવન. નથીનરનારીનુંભાન, સઘળેએકદ્રષ્ટીસમાન; ધશી આવ્યાતેનીપાસ, મનમાંઆણીઊલાસ. ૧૪ કરીપ્રદક્ષણાપાયેલાગ્યા, ત્રીયેઆલીંગી અનુરાગ્યા; ધન્યદીવસઘડીમહારાજ, માનુભાવપધાર્યાઆજ. ૧૫ આવોરૂડોતમારોવેષ, ક્યાંથીઆવ્યારહોકોણદેશ; કોણવ[illegible]સરોતપ, કોણગુરૂશોમંત્રનોજપ ૧૬ હસીનેબોલીતવરંભા, તપનુંસ્થળ[illegible]ભા; ગુરૂમનમથજપેમોહમંત્ર, સ્રીઆસનતપનોતંત્ર. ૧૭ પંચબાણ[illegible]ીસુખ અંગ સંયોગ; એવું વચન સુણીમુનિત્યાંહે, તેડી લા[illegible]ચ્યું આસન ભાવ

સમાન, કરીસ્વાગતઆદરમાન; પાસેલાવીમુકયાંવનફળ, કમંડળભરીનેજળ. ૧૯
ફળઆરોગોમુનિજન, ત્યારેઅપ્સરાબોલીવચન; એફળ આરોગું નહિ, જુવોઅમ
ફળઆછેસહી. ૨૦ એવું કહીનેકાઢયું પકવાંન,ઘ્રતપકવપીયુષસમાન; તેમુનીનેકરા-
વ્યું આશંન લાગ્યુ સ્વાદ્યદાપ્રસંન. ૨૧ ધન્યમુનીવરતમ અવતાર, આવાફળનો
કરોનિત્યઆહાર; તમારૂં તપઆસનયોગ; દેખાડોમુનતેકરીભોગ. ૨૨ મારેઆશ્રમ
રહોહવેતમો, નિતસેવાકરશું અમો; એમરંભારહીઆશ્રમ, કરેકામકળા અનુક્રમ
૨૩ નીતઅમ્રતભોજનઆહાર, મુનીનેકરાવેનિરધાર; શયન કરતા એક આસન,
મુનિનું થયું ચંચળમંન, ૨૪ રમેરતીસુખઆસનભેદ, કામવ્યાપ્યા ટળ્યા નિર્વેદ;
માયાઈશ્વરનીબળવાનભુલ્યાજોગ સમાધીધ્યાન. ૨૫ બળવાનઈંદ્રીયનું ગ્રામ, મન
આકર્ષ્યુંઅભિરામ;ત્રિયાઆંહિ થયાતદાકાર,જાણ્યોજગતતણોવેહેવાર૨૬એમકહી
ગયાકેટલાદીન,આવ્યાવિભાનકીકમુનીજન; રંભાયેજાણ્યું દેશેશ્રાપ,સુતભ્રષ્ટકર્યો
મેંઆપ. ૨૭ એવું જાણીનેસામીઆવી,રહીચરણેશીપનમાવી; હું છુ શરણતમારે
સ્વામી, આવીહું પરમારથકામી. ૨૮મુંનિકહેબાઈતું છેકોણ, શેકારણઅહીંઆવી
જાણ; ગણકાકહેસુણો મહારાજ, અયોધ્યાનાદશરથરાજ. ૨૯ તેનેપુત્રનથી ઊ-
તપંન, તમારે કરવો છે જગન કહ્યું બ્રહસ્પતિને તેડી લાવો, શ્રંગી પાસે યજ્ઞ
કરાવો. ૩૦ આણી આજ્ઞા મને સુરનાથ શ્રૃગીને મોકલો મારી સાથ; એવું ક-
હીનેરહીજેટલે, શ્રંગીઘાઈઆવ્યા તેટલે ૩૧ મુનિને પાયેલાગ્યા ઉલાસ, પછી
બોલ્યા વચન પ્રયાશ; સુણો પિતા કહું વરતાંત, આ મુનીવર મોટા મહાંત.
૩૨ ભોગ આસનવં ફળ લાવ્યાછેસ્વાદઅનંત; ત્યારેમુનિયે ધરી જોયું ધ્યાન.
પુત્ર ભ્રષ્ટ થયો ગયુ ભાંન, ૩૩ અબળાને જો દેઊ શાપ, તો એ પુત્રમરે પરિ-
તાપ, સર્વજ્ઞ વીભાંડિક જેહ, મનમાંહે વિચાર્યું એહ ૩૪ અવતરવાના છે
ભગવંત, માટે લેઈ જવા દેઊ તંન; એ પુત્ર કરાવશે યાગ, થશે નિરમળજશ
મહાભાગ. ૩૫ એવું વિચારી બોલ્યા મુન, સુણપુત્રકહું તે વચંન; જાઓ રં-
ભાનીસાથેઆજકરોનૃપદશરથનું કાજ. ૩૬ કરવો પુત્રેષ્ટ જગન,જાઓ રાખી
ધીરજ મંન; વિભાંડિકમાં સુણી વચંન, રંભા લેઇ ચાલી મુનિજંન ૩૭ ॥
વલણ ॥ મુનિવરને રંભા લેઈઆવી, અવધપુરમોઝારરે; સ્રુંગીનેજોઈદશરથ
હરખ્યા, સ્વાગત કીધિ અપારરે. ૩૮ ઇતિ શ્રી રામચરિત્રે સંમત વાલ્મિકી
નાટકધારાયાંબાળકાંડેશ્રંગીઆ[illegible]ગમનં નામએકાદશોઅધ્યાય. ॥ ૧૧ ॥

અ[illegible] [illegible]ગ ધનાશ્રી ॥

શ્રંગી આવ્યા અ[illegible] [illegible]શરથ પુજ્યા અરચ્યા અપારજી,
રંભા મુકીગઈસ્રુ[illegible] [illegible]જોગે શોકજી ૧ ॥ ઢાળ ॥ થયો

શોક સંગેવિયોગનો, સુખસંભારીરંભાતણું; પછી ભોજનઆછાદનવડે, રાયે મુનિસંતોષ્યા ઘણું. ૨ શુભકન્યાએકબ્રાહ્મણતણી, રાયદશરથપાળીહતી; તે પરણાવી શ્રંગીઋષીને.લગ્નવિધીયેમહામતી. ૩ વશીષ્ટ ગુરૂનેપુછીને, ઉપચાર યજ્ઞ તણો કર્યો; શુભલગ્નમાંહેરાયજી, આરંભવિધીયેઅનુસર્યો ૪ અનેક મુનિવરમળ્યાછે, તેશબ્દસ્વાહાઃઉચરે; હુતદ્રવ્યહોમસફળમંત્રે, વિપ્ર વેદધુનિ કરે. ૫ સકળમુનિનાસાથમાંહે, મુખ્ય શ્રંગીછે તદા; જેમતારા મંડળ માહે શોભે; રોહિણીવરસરવદા. ૬ પુરણાહુતિથઇયજ્ઞની, ત્યારેપ્રગટ અગ્નિ નરખિયા; જગ્ન નારાયણ રૂપજોઇને, મુનિસરવેહરખિયા. ૭ ચત્વારીશ્રંગને સપ્ત પાણી, ચરણ ત્રયદ્વયશિષ; એમ જવાળમાળી પ્રગટ મુરતી, જોઇ હરખ્યા અવધીશ. ૮ પાત્ર સોનુંપાત્રકરમાં, આપ્યું શ્રંગીહાથ, ત્રિપિંડકરીભક્ષણકરાવો, ત્રિરાણીને સાથ ૯ પ્રશાદઆપીશ્રંગીનેહવે, અનળઅંતરધ્યાન; શ્રંગીયેઆપ્યોવશીષ્ટને. અતી ઘણો આદરમાન. ૧૦ તારે વશીષ્ટે વહેંચણ કરી, ત્રણ પિંડ કીધા તે તણા; જેષ્ટભાગ આપ્યો કૈસલ્યાને, જેના ગુણ છે અતિ ઘણા. તે થકી મધ્યમ ભાગજે તે, કર્યાબગકુ માર, કેકૈ સુમાત્રાતણે કરચરૂઆપીયા તેણીવાર ૧૨ કેકૈ રીસાની તે સમે, કરી કોપ બોલી વાણ, ચરજેષ્ટ આપ્યો કૌષલ્યાને, શું અધીક મુજથીજાણ ૧૩ હું ઘણીવહાલીરાયને. મેંકર્યો બહુઉપકાર; મેંજીતાડયાસંગ્રામમાં, જરાપામિયાનિરધાર. ૧૪ ત્યારેબ્રહ્મનંદનકહેરાણી, કરોચર પ્રાશન; જો ઝાઝીવારલગાડશોતો. થશેકાંઇવિઘન. ૧૫ એમકહેતામાં કૌતકથયું, એકશામળી આવીત્યાંહે; ઝડપ મારીપિંડલીધો,ઊડીગઇનભમાંહે ૧ લપાંત કેકૈ કરેછે અતી, નેઆંત્રેસુધાર; શોકધરતીરૂદનકરતી, થયો હાહાકાર. ૧૭ ત્યારેકૌષલ્યાનેનેત્રસમસ્યા, કરીદશરથરાય, સુમીત્રાનીસામું જોયું,સમજીતેઅભિપ્રાય. ૧૮ કૌશલ્યાનિજચરવીપેથી, આપ્યોચોથોભાગ વળી સુમિત્રાયે, આપીયો; તટલોધરીઅનુરાગ. ૧૯ કૈષલ્યાને સુમિત્રાના, ચરતણાબે અંષ, તેકેકૈયે ભક્ષણ કર્યા; એમસંતોષીઅવતંષ. ૨૦ રાણીયો ચર ભક્ષણકરી. અતિ હરખીયો મન માંહે, ઘણાંદાન આપ્યાંરાયજી. મુનિવર લાવ્યાત્યાંહે. ૨૧ ત્રિયાત્રણસગર્ભાથઇ; ઘણુંહર્ખપામ્યારાય; પેલોપિંડશામળીલેઇગઇ, તેનોથયો કવણ ઊપાય. ૨૨ એકહતોવાનરકેશરી, તેનીઅંજનીનામે પોતાનો આશ્રમ બાંધી, રેતાં વનમોઝાર. ૨૩ કંઇપ્રજાનવથઇતેહને, છેતાંહે; તપકરવાબેઠી અંજની, ઋષી મુખ પરબત માંહે: ૨૪ કામની, તે આરાધે ત્રિપુરાર; વર્ષસાતસહસ્રસુધિ. તપ થઇને ઓશીયાં,

તું માગ્યનેવરદાન; અંજનીકહેમુનેપુત્રઆપે, તેજસ્વીબળવાન, ૨૬ શંકરકહે ધન્ય અંજની, તુજ પુત્ર થાશેનેટ રૂદ્રજેઅગીયારમાં. તે પ્રગટશે તુજ પેટ- ૨૭ આ મંત્ર જંપ્યવાયુતણો, એ કરપસારી એહ; પ્રસાદ આપે પવન તુજને, ભક્ષ કરજેતેહ. ૨૮ શીવજી ગયાએવું કહિકરી, મંત્રદાનપ્રકાશ; તે સમે શમળી પીંડ લેઇને, ઊડી છેઆકાશ, ૨૯ ત્યારેવાયુવાયોઅતીઘણો, છેઆજ્ઞાશીવનીઅભંગ પંખીણીતવવ્યાકુળથઇ, અતિઝપટલાગીઅંગ, ૩૦ ચરૂ ચંચુમાથીપડયો તતક્ષણ, કર્યુંકારજસાર, વાયુએલાવીમુકીયો, અંજનીકરમોઝાર. ૩૧ પ્રસાદપડીયો કરવીષે, તેજોઇહરખીએહ; શીવમંત્રભણીનેઅંજનીયે, ભક્ષ કીધો તેહ. ૩૨ તો શમળીપુર્વેઅપ્સરા, બ્રહ્મલોકરહેતિજાણ; સુવરપ્રસાદેવાંમનાનામેહતિનીરવાણ ૩૩ એકસમેબ્રહ્માનીસભામાં, નૃત્યકરતીનાર, ચંચળકાયેસર્વસામું, જોતિકામ વીકાર. ૩૪ સ્વરમાનચુકીમાનુની, વીધિયેતેદીધોશાપ; તું ચંચળદ્રષ્ટેજુવે માટે શમળીથાજેઆપ. ૩૫ અનુગ્રહેપુછયો પ્રેમદાયેત્યારે, પ્રજાપતીકહેવાણ; થોડા દીવશમાંરાયદશરથ, યજ્ઞકરશેજાણ. ૩૬ પ્રસાદવન્હીઆપશે, રાણીઓને તેણીવાર; કેકૈતણા કરવીપેથી, ચરલેજેતું નીરધાર. ૩૭ તેપીંડભક્ષ કરીશ નહી તું, ઉડજે આકાશ; ચરસ્પર્શથી ાામીશપાછો, સત્યલોકનીવાપ, ૩૮ તે શમળી કેરી ચંચુમાંથી, પીંડપડીયો ચાંહે; નીજરૂપધરીનેઅપ્સરા ગઇ, બ્રહ્મલોકજ માંહે ૩૯ ચરભક્ષકીધોઅંજની, સગર્ભ થઇતેણિવાર; દીનદીનવૃદ્ધીથાયછે, અંજની તેજઅપાર. ૪૦ ॥ વલણ ॥ અપાર તેજ અંજનીકેરૂં, દીનદીન વૃદ્ધી થાય છે; શ્રોતજનસહુસાભળો કહુંહનુમંતકથાયરે, ૪૧ ॥ ઇતીશ્રીરામચરીત્રે સંમત વાલ્મીકી નાટક ધારી બાળકાંડે પુત્રષ્ટ યજ્ઞ કરણાત ચર પ્રાપ્ત નાન દ્વારશો અધ્યાય. ॥ ૧૨ ॥

અધ્યાય ૧૪ રાગ સામેરી ॥

હવેશ્રોતાજંન સહુ સાંભળો ભાવે, હનુમંત જનમ કથાય; પુરા માસ હવા અંજનીને પ્રસન સમેત્યાં થાય. ૧ સુગમસ મીર દીશાઓ દીપેને ફુલ્યો ફાગણ માસ વનમાંથી ઋષી પત્નીયો આવીને, બેઠી અંજની પાસ. ૨, પુત્રનોજન્મ થયો તેણીવેળા, વાનરકેરોવેષ; ઉદયાચળઉપરજેમઉગે, કાંન્તિઅંગદીનેષ. ૩ વિધુતજેવાકુંડળઝળકે, માણી જડિતશીરટોપી. વજકછોટોપીનકંચન, કટિયે મુંજઓપી ૪ મહાવિર રણધીરનેશોભે પક્ષોપવિત્તજ સાર; મુખપુચ્છાગ્ર પ્રવાળા જે વરણ-સકુમાર. ૫ એવો પુત્રજ પ્રગટ્યો દેખી; હરખ્યાસરવેકોય, ાળક ચારે દીશાયેજોય. ૬ ત્યારેપ્રાત કાળે સુરજઉગ્યો; ેજાણ્યુપાકુફળછે, ભક્ષકરૂં એહ. ૭

પછેરેમાઆવળીફુતકારકરીને, ગરજનાકીધી ઘોર દીગ્ગજ કંપ્યાસીંધુ ઉછળ્યા, કુર્મ્મ ચરાપદભેર. ૮ સિંહનાદકરિતલ્પજભારી, ઉછળિયોઆકાશ; દીનકરનેફળજાણીપોતે, ચાલ્યોકરવાગ્રાસ. ૯ જેમવૈકુંઠ માંહેજાયે ઉડયો, વીનતાસુત બળવંત; એમસુરજમંડળપાસેઆવ્યો, ઊછરતો હનુમંત ૧૦ ત્યારેતાપઘણો પ્રગટયોસુરજનો, દાઝવાલાગ્યોતન પવનેજાણ્યું પુત્રજબળશે, વરસાવ્યો શીત પરજન્ય ૧૧ સુરજગ્રહણહતું તેદીવસે રાહુએરવીનેગ્રપિયો; જાણ્યું એફળખાચશેમારૂં, કપીવરવેગેધપિયો. ૧૨ પછેહનુમંતેલાંગુલનીઝપટે. રાહુનેમાર્યોઅપાર તેનિપક્ષજકરવાકેતુઆવ્યો, યુદ્ધકરવાતેણીવાર, ૧૩ પછીરાહુકેતુએનેમાર્યા, નાઠાપામીત્રાસ; રૂદનકરતાઆવિઉભા, સુરપતી કેરીપાસ. ૧૪ ત્યારે ઇંદ્રઐરાવત બેશીચાલ્યો લીધિઘણીસેન્યાય, કપીવરસામેયુદ્ધકરવાને, આવ્યો સુરપતિરાય. ૧૫ દારૂણયુદ્ધથયું તેણિવેળા, વરત્યોહાહાકાર દેવનિઉપરઅંજનીનંદન, મારેવિધી માર. ૧૬ પછીઐરાવતનું પુચ્છગ્રહીને, કપીવરકોપ્યોઅપાર ઇંદ્રસહીતપછાડયોપ્રથ્વી, પામ્યોદુઃખતેણીવાર. ૧૭ ત્યારેઇંદ્રેક્રોધકરીનેમાર્યું, વજ્રકપીનેશિષ તેવજ્રપ્રહારથીમુર્છાઆવી, ધરણીઢળ્યોપતિકીષ. ૧૮ ત્યારેવાયુયેપુત્ર ખોળામાંલઈનેકરવામાંડયું રૂદન, તેણેપ્રાણ અપાન બે રૂંધાંછે, અકળાયાં ત્રણભુવન. ૧૯ દેવસહુઅકળાવાલાગ્યાં, પવનબંધથયોત્યારે, શિવ બ્રહ્માવિષ્ણુ લોકપતિ, મુનિઆવ્યામળાતેવારે. ૨૦ ત્યારેવાયુયેવિધાતાબોલ્યા, શાનેકરેછેરૂદન; દેવસરવેનેજીત્યાએણે, મહાબળીયોછેતન. ૨૧ વિષ્ણુકહેસુણવાયુ એછે. પુરણપીંડનો પુત્ર; ચઉદલોકમાં કોઇથકી, માર્યોમરેનહીસુત્ર. ૨૨ હરીયે [illegible]ીને હનુમંતઉઠાડયો, મુકયોમુસ્તકહાથ; ચિરંજીવીરેજેએમબોલ્યા, પોતેવૈકુંઠનાથ. ૨૩ શીવજીકહેમારાનેત્રનો; અગ્નીબાળેસકળબ્રહમાંડ; તેનોતાપ નહીએપુત્રને, બોલ્યા વચનઅખંડ. ૨૪ ત્રીશુળાદીકજેમારાંઅ યુદ્ધતેએનેનવભેદે, બ્રહમાબ્રહમાસ્ત્રપનવાગે, શસ્ત્રએકનવછેદે. ૨૫ ઇંદ્રકહેમારૂવજ્રનવાગે, થાજોવજ્રદેહીબળવંત. મારેવજ્રેહણ્યોમાટે; નામએનું હનુમંત. ૨૬ કુબેરકહેયક્ષરાક્ષસથી, નવપામે પરાજયએહ; વરૂણકહેયુદ્ધમાંયશથાશે, અભંગશક્તિદેહ. ૨૭ યમરાજાકહેકાળદએને; નહીપીડિઅલીરામ; તેપ્રાણીનેયમદંડનહી; જેસમરેતારૂનામ. ૨૮ આશીષદીધીસરવમુની; થયાવીશ્વામીત્ર કૃપાળ; કોટીવરપેકરમાયનહી, એવીઅસ્ત્રીકમળનિમાળ. ૨૯ એમહનુમંતનેવર [illegible]આપી, દેવગયાનિરધાર, મુનીસરવેનીજ આશ્રમઆવ્યા, વરત્યોજય જય[illegible]. ૩૦ [illegible]ાણઅપાન સકળપ્રાણીના, ગતિકરવાનેલાગ્યા, આખીવિશ્વમાંથ્યા [illegible]નાભાગ્યા. ૩૧ ત્યારે

પુત્રનોશોકધરીનેઅંજનીકરતીરૂદનઅપાર; એવેલોકપ્રાણેશોલાવીમુકયો. ઉછં-ગમાંતેણીવાર. ૩૨ ત્યારેપુત્રનેજોઇ માતાહરખી, વાત્સલ્ય ભાવઅનંત, રૂદેયાંથી સ્તનપાનકરાવ્યું. ત્રપ્તથયાહનુમંત, ૩૩ વળીકોઇસમેહનુમંતમણયોછે સુરજ કેરીપાસ, અન્યપુરાણમાં તેહકથાછે, સુરજશીષ્યપ્રકાશ, ૩૪ વળીઅન્ય પ્રકારે છે ઉત્પતિ. હનુમંતજન્મ કથાય, બહુરૂપીમતને ભેદેકરીને કલ્પકથા કહેવાય. ૩૫ તેમાટેસંદેહનવકરશો, વીવેકીસંતસુજાણ; એસકંધ્ચરીત્રજ દેવતણાં, તેકો-ણુનથાયપ્રમાણએહનુમંતની જન્મકથાકહિ ૩૬ બળપ્રાક્રમચરીત્ર, જેપ્રાણીસાં-ભળેભાવથકી, તેથાયેપુન્યપ્રવીત્ર ૩૭ ગ્રહપીડાથાયેનહીતેને, વીજયસદા તેપામે, ભુતપ્રેતપીશાચ્ય નપીડે વીઘ્નસકળતેવાંમે. ૩૮ જંત્રમંત્રને તંત્રનીવીધા. નાટક ચેટકજેહ; હનુમંતનીકથાસાંભળતાં બાધાનકરેતેહ. ૩૯ ॥ વલણ ॥ બાધાનકરે તેપ્રાણીને, વીઘ્નસરવેજાયરે, કહેદાસગીરીધર કહુંહવે, શ્રીરામજન્મક થાયરે. ૪૦ ઇતીશ્રીરામચરીત્રેસંમતવાલમીકીનાટકધારાયાંબાલકાંડેહનુમાતેત્પત્તીકંથ્ય-નનામત્રયોદશોઅધ્યાય. ॥ ૧૩ ॥

॥ અધ્યાય ૧૪ ॥ રાગ ધન્યાશ્રી ॥

રાયદશરથની ત્રણરાણી, તેસગર્ભ થઇરાણી, થઇગુણખાણી; ચંદ્રશુકલ પક્ષનોજેમ, પામેદીનદીનવૃદ્ધિતેમ. ૧ ત્યારેદશરથપ્રત્યેવચન, બોલ્યાગુરૂવશી-ષ્ટપવન; જાઓરાણીપાસેરાજ. જેમાગેતેઆપોરાજ. ૨ જેનેજેવીઇચ્છારાય તેનાપુરોમનોરથસોય. છેધરમશાસ્ત્રનીરીતિ. માટેઆચરોએવીનીતી. ૩ ઉઠયા વચનસુણીનેરાય, શુભમહુરતજોઇનેજાય. પહેલાઆવ્યા કેકેનેઘેર, તેણીએત્યાં વીચારીપેર. ૪ બેઠીરીસાઇતેણીવાર જાણેસરપીણી ક્રોધઅપાર. એવુંજોઇઅ-યોધ્યાભુપાળ પાસેઆવીબોલ્યા તત્કાળ, ૫ કેમરીસાવીતુંરાણી, જેમાગેતેઆ-પુઆણી, તુંવહાલીછેતનમનધન બોલ્યનીમુજસાથવચન. ૬ મુખમરડી બોલી તેણીવાર, સુણોરાયકહું નીરધાર, કૌશલ્યાશું રાખોછોહેત. તેને માનો છોપ્રેત સમેત, ૭ રાખોઅંતરમારીસાથ, એવુંનાઘટેતમનેનાથ; તે છેવહાલી, તનમન ધન, મારીસાથનામેળવોમન. ૮ અહીઆવ્યાશું કરવાકાજ. પુરોતેનામનોરથ આજ, એવાસાંભળીરાયવચન, દીધુંરાણીને આલીંગન. ૯ પ્રાણવલ્લભતુમને વહાલી, તુને મળવા આવ્યોચાલી, એમ કહિ ઘણા વિનય વચન. રાણી સં-તોષી રાજન. ૧૦ આપ્યાં પટ અ[illegible] ાણ સારકરાવ્યાંભુપે દાનઅપાર, કરી કેકઇને આસ્તાવાસ [illegible] ુમીત્રાની પાસ. ૧૧ ઉઠી અબળા તેણીવાર, કર્યોનમ[illegible] આસનપુજન કીધું, ઘણી સ્વાગતે

માનજદીધું. ૧૨ મંદહાસ્યકરીનેરાણી, ઊભીસનમુખ જોડીપાણી; ઘણાં મીઠાં મધુરાંવચંન, સુણિસુખપામ્યારાજંન. ૧૩ જેબોલી હતીકૈકૈઆપ, તેનો લાગ્યો તોરાયનેતાપ; સુમિત્રાનાંવચનરૂપીજળ, તેણેભુપથયા શીતળ. ૧૪ સુમિત્રાનો ઝાલીહાથ, હસીબોલ્યાઅયોદ્ધાનાથ; માગ્યમાગ્યઇચ્છાવરઆજ, પુરૂસકળમનોરથકાજ. ૧૫ સુમિત્રાકહેસદાઆચરણ, ચિત્તરહેજયોતમારેશરણ; કૌશલ્યાનો પુત્રથાયરતન, તેનીશેવામાંરહેમુજતંન. ૧૬ જેષ્ટનિપાળવીઆજ્ઞાય, ધરમનિતીનોએવોન્યાય; સુમિત્રાનાંવચનવરિષ્ટ, લાગ્યાંઅમ્રતપેઅતિમિષ્ટ. ૧૭ હરખી પછીઆપ્યાંભુપ, અલંકારનેવસ્ત્રઅનુપ, રાણિનેહાથેવાણાંદાન, અપાવ્યાંદ્વિજને સનમાન. ૧૮ સંતોષીનેચાલ્યાનરેશ, કૌષલ્યાગ્રહેકર્યોપ્રવેશ; રાણીગ્રહિતથયાંથઇ શાંત, બેઠીઅંતરગ્રહમાંએકાંત. ૧૯ થયોબ્રહ્મગનોઆવિરભાવ, દેખેરામસ્વતંત્ર સાવ; હરિનાવર પુરણ બ્રહ્મ, શિવઅજમાનજાણેમર્મ. ૨૦ જેની આજ્ઞા માને લોકપાળ; કરતાજેઉદ્દેસ્થિતિનાળ; કૌશલ્યાનું ઉદરજ્ઞાનખાણી, છપાયા તેમાં સારંગપાણી. ૨૧ અંતરજામીએકનિસંગ, રહ્યાવ્યાપીસર્વેઅંગ; કૌષલ્યા નેત્ર અભિરામ, દેખેસર્વત્રએકજરામ. ૨૨ સ્થુળસુક્ષ્મકારણદેહ, ત્રિઅવસ્થાકહીયે જેહ; તેરહિતથઇજેવૃત્તિ, ખટઊરમીપીડા નથી રતી ૨૩ રામ રૂપ થઇને નિષ્કામ, બાહ્યાભીતરદેખેરામ; સપ્તમીભોમિકાયેસ્થિતિ, પરાત્પરતણીજેરિતિ. ૨૪ રાગાધીસ્થબેઠીએકલગ્ન, બ્રહ્માનંદમાંથઇનેમગ્ન; એવીરાણીનેદીઠીબેઠી, જોઇરાયનેચિંતાપેઠી. ૨૫ જાણ્યુંએમુજસાથેરીસાવી, નથીબોલેવચણુંએબોલાવી; રૂદેચાંપીઆલીંગનદીધું, હાંકમારીબહુહેતકીધું. ૨૬ સુણી રાયનાં પ્રેમવચન ઊઘાડ્યાં કૌષલ્યાએ લોચન; નથી દેહનું ભાન લગાર, ન જાણે હું છું નરકે નાર. ૨૭ ત્યારેરાજકહેમાગ્યઆજ, તારાપુરૂમનોરથકાજ; બોલ્યાંકૌષલ્યારાણી ગંભીર, હું છુંજગદાતમારઘુવીર. ૨૮ અજ્ઞાનઅપેક્ષાનથી, પુર્ણકામહું છુંસરવથી હોવિશ્વસકળભરપુરે, સ્થુળલીંગકારણથીદુર. ૨૯ મહાકારણનહોયેમહારૂપ, હું તોઆત્મારામઅનુપ; દ્વૈતાદ્વૈતનેજ્ઞાત જ્ઞાન, નથીમારેધ્યાતાધ્યાન. ૩૦ હું તો સાક્ષસરવનિવાસી, સાખોચૈતન્યવિશ્વપ્રકાશી; સચ્ચિદાનંદ છું અવિનાશી, સુખરૂપઆનંદવિલાસી. ૩૧ એવું સાંભળીદશરથરાય, મનમાંઘણુંવિસ્મેથાય; અરેરાણીતનેશું થયું, આજભાનતારૂંક્યાંગયું. ૩૨ મનેઓળખહુંછું કોણ, કેમ થઇગઇછેકઅજાણ; તુનેકરીગયોરાવણહરણ, હું લાવ્યો કરી પાણી ગ્રહણ. ૩૩ સુણીરાવણકેરૂનામ, કરીગરજનાબોલીભામ [illegible] ધનુષબાણઆદિશ, છેદુ રાવણનાંદશશિષ. ૩૪ ત્રિશરાખરાદ 'સુબાહુસંહારૂં; શુર્પન-

મનુંછેદુંનાક, છોડું બંધસકળરિપુપાક. ૩૫ એમસકળ ચરિત્ર અશેષ, કહ્યાં રાણીયેસુણતાંનરેશ; રાયદશરથનેદુખજાગ્યું, રાણીનેકાંઇચેટકલાગ્યું. ૩૬ કહ્યું કામણકોઇયેઅચેત, વાવળગ્યું અનેભુતપ્રેત; એમચિંતા કરી નરદેવ, તેડાવ્યા ગુરૂનેતતખેવ. ૩૭ આવીજોયું વશીષ્ટેઅનુપ, કૌશલ્યાનેદીઠારામરૂપ; જેમઅજંનવિધાવંન, આડરહિતદેખેતેધન. ૩૮ એમદિઠાવશીષ્ટેરામ, કોટીકંદર્પમુર્ત્તી શ્યામ; ઓનીજેહતીઆકૃતિ, તેજોયામાંનથી આવતી. ૩૯ રઘુવર મુર્ત્તી ચીત બાધી, મુનીવરનેથઇછેસમાધી; ત્યારેબોલાવેછેરાજન, નથીબોલતાતેમુનીજંન. ૪૦ રાયબીન્યાતેણીવાર, આતોકઊતુકદીસેઅપાર; આવશીષ્ઠજેવા મુનીરાજ, તેનેભુતેઝડપ્યાઆજ. ૪૧ મોટુંચેટકછેએમાંહે, હવેનાશીનેજઇયે કયાંયે; એમ ચીંતાકરેછેભુપાળ, એવેંજાગ્યાગુરૂતતકાળ. ૪૨ ભુપેપુછ્યું લાગીપાય, ગુરૂકહે નહોયચેટકરાય; સાક્ષાતજેશ્રીભગવાન, શીવબ્રહ્માધરેજેનું ધ્યાન. ૪૩ તેંકારણ લીધાઉદરઅવતાર, આવ્યાહરવાભુમીનોભાર; તમનંચરીત્રકહ્યાંજેટલાં, પ્રગટથઇ કરશેતેટલાં ૪૪ આજકાલમાંહવેભુપ, અવતરશેરામસ્વરૂપ; એવું સાંભળીદશરથરાય, પામ્યાઆનંદહરખનમાય. ૪૫ પછેગુરૂનેતેડીસાથ, સભામાંહેઆવ્યા નૃપનાથ; વણું હરખભર્યા નીજંન, આવ્યો પ્રસવ સમયનો દન. ૪૬ અયોધ્યા વાસીનરનાર, તેનાહરખતણોનહીપાર, ઊદયચંદ્રનોઇચ્છેચકોર, વન્યાહેમપૈયામોર. ૪૭ ભાનુઆગમપુલકુંજ, કુસુમાકરકોકીલ રંજ; એમ કુશળ ઇચ્છે પ્રજાય, કયારેરાયનેપુત્રજથાય ૪૮ મેલ્યાઅખંડદીપદ્વાર, નીશાયેજાગેસહુનર નાર; બેઠાગણુકલેઇઘડીયાળ, સભાપુરીબેઠા ભુપાળ. ૪૯ ॥ વલણ ॥ ભુપાળ બેઠાસભા માંહે, વશીષ્ઠ આદે મુની જંનરે; વાટ જુવેછે વધામણીની, કયારે પ્રગટેજગજીવંનરે. ૫૦ ॥ઇતીશ્રીરામચરીત્રેસંમત વાલમીકીનાટકપાયાં બાલકાંડેકૌશલ્યા શ્રીરામવિર્ભાવોનામવાલમીકીચતુરદશોઅધ્યાયઃ ॥૧૪॥ છ છ છ

॥ અધ્યાય ૧૫ ॥ દોહા ॥

દેવસકળત્યાંઆવિયા, સુતીકાઘરજેહાર; ગરભસ્તુતીકરતા સહુ, અદ્રશ્ય રહીનીરધાર. ૧ અગ્રરહ્યાસહુદેવને, બ્રહ્મા ચતુર સુજાણ; પ્રભુ પ્રગટયા આગમ લહી, સ્તવતામધુરીવાણ. ૨ ॥ બ્રહ્મ ઉવાચ ॥ જયજય અગમ અગાધ, બોધ અવીચળઅવીનાશી; આદીપુરૂષઅવ્યક્ત, હરીસચરાચર વાસી. ૧ અખીલ વીશ્વઆધાર, અમલઅજઅંતરયામી; પુરણકામપરમેશ, પરાપરવ્યાપકસ્વામી, ૨ અપરીછીન્નઆનંદ, રૂપસર્વજ્ઞસુખાકર; બ્રહ્મસચ્ચીદાનંદ, જ્ઞાનઘન નીગુણ ગુણાકર. ૩ નીગમઅ[illegible] અજસીદ્ધઅમરગણ; પારનપામેસકળ,

લક્ષણાકરેવીશેષણ. ૪ મનવાણીગોતીત, અગોચરનવપ્રમાણે; હારૂદારા સુત્રધાર, કરતાનવજાણે. ૫ આતમારામઅગ્રાહ્ય, અપારદ્રશ્યઅનાદી; અકળરૂપઅવીકાર, સકળસ્રષ્ટીકરઆદી. ૬ તવપીનીજઇચ્છાય, ભક્તગોસુરદ્વીજકારણ; સ્થાપન ધર્મઅશેષ, ધરોવીવીધતનુધારણ. ૭ અંશકળાયુધઅ્યુ, રૂપઅદભુતવરધરતા; નીજજનપુરણકામ, અનુગ્રહનીગ્રહ કરત'. ૮ મચ્છ રૂપ ધરી વેદ, ગ્રહ્યા શંખાસુરમાર્યો; કુરમધરા નિધિ, મથનમંદ્રાચળતાર્યો. ૯ રૂપવરાહવિશાળ, ગ્રહણ કરીભુમીસ્થાપી; હીણ્યાક્ષહત કર્યોવિમળકીરતિજગવ્યાપી. ૧૦ ભિમ ભયંકર તનુ. નરહરીસ્થંભવિદાર્યો; હિરણ્યકશ્યપુહણ્યો, ભક્તપ્રહલાદ ઊગાર્યો. ૧૧ વાંમનથઇબળીદ્વાર, જઇજાચીભુત્રિક્રમ; કરીસુરપતીનિસહાય, વિરતરયું અદભુતવિક્રમ. ૧૨ ભૃગુકુળકમળપતંગ, ફરશુધરસહસ્ત્રભુજારી; નક્ષત્રી એકવીશ વાર, કરિભુવદ્વિજકરધારી ૧૩ અબઊદયાચળઉદદ, માતકૌશલ્યાકેરો; ઊદય હોઊશ્રીરામ, રવિહરિવિશ્વઅંધેરો. ૧૪ અસુરસઘનવનવિપુલ, દુષ્ટદશા સુખ આદીસબ; જાતવેદરઘુવીર, જન્મધરીનકરોઅબ. ૧૫ દેવદીનહોઇરહે. વેદપંથ ધરમનિવારે; ઊતારોભુભાર. કરોસુરસંતસુખારે. ૧૬ જયજયશ્રી જગદીશ. પ્રભોજનઆરતભંજન; ગંજનવીમુખસમુહ, સદાનીજનમનરંજન ૧૭ જય જયદીનદયાળ, હરીશરણાંગતવત્સલ, પ્રગટથાઓપરીબ્રહ્મ, કરોપાવનપદભુતળ ૧૮ જયજયજગ નીવાસ, રમાપતીસંકટમોચન; કોટીકામલાવણ્ય, છબીહમ નીરખહુલોચન ૧૯ જયઅપારગુણનામરૂપ; અદભુતચરીત્રવર; ત્રીનિધીતાપ હરવિમળ, સુવોસમશ્રવણમંગળકર. ૨૦ કરૂણાનીધાનભગવાન,જયપુણ્યશ્લોકપાવનકરણ; અબપ્રગટહોઊગીરીધરપ્રભુ, જયરઘુપતી અશરણ શરણ. ૨૧ દોહરોગર્ભસ્તુતીકરીદેવતા, રહિઆકાશવીમાન; પુષ્પઅંજલીગ્રહીજુવે, જન્મ સમયભગવાન. ૨૨ ઇતીશ્રીરામચરીત્રસંમતવાલ્મીકી નાટકધારાયાં બાળકાંડે બ્રહ્માદીકૃતશ્રી રામસ્યગર્ભસ્તુતિનામ પંચદશોઅધ્યાય. ૧૫

અધ્યાય ૧૬ રાગ ધવળ ધનાશ્રી.

શ્રીરામજન્મમંગળસુખદાયક, ગ્રહસકળઅનુકુળજી; દશદિશા દીપ્તમાન થઇ,શુભલગ્નક્ષેમ ગળમુળજી. ૧ ઋતુવસંતચૈત્રનોમીશુભ, શુકલપક્ષમધ્યાનજી પુશ્ય નક્ષેત્ર રવીવારે પ્રગટ્યા, રઘુવર રૂપ નીધાનજી ૨ દેવ દુદંભી વાગ્યાં નભમાં પુસ્પની વૃષ્ટી થાયજી; સુર વિમાનની ભીડ થઇ, ગુણ ગાંધ્રવ કીંનરગાયજી. ૩ સુતીકાઘરમાંકૌશલ્યાજી, જોતાંથઇસાવધાનજી, વર્ષઅષ્ટાદશકે રિમુરતિ, પ્રગટ્યાશ્રીભગવાનજી. ૪ શંખચક્રગદાપદ્મવિરાજે; ચતુરભુજ ઘન શ્યામજી; કુંડળમુગટઆભુષણમંડીત, લાજેકોટી કામજી ૫ પીળું પીતાંબર

॥ અધ્યાય ૯ ॥ રાગ ધનાશ્રી ॥ આજ્ઞામાગીચઢયોઇદ્રજીતજી, જેમહોજો-દ્ધોબળઅતુલીતજી; રાવણેપુછયુંબ્રહ્માપ્રત્યેજી, મહુરતઆપોજીતાએશરતેજી. ૧ ॥ ઢાળ ॥ જીતાયેવાનરસર્વથા, ત્યારેવીધી બોલ્યા વચન; જાઓઝલાશેએકર્પા નીશ્ચેતજોચીંતામન. ૨ ઇંદ્રજીતસેનાલેઇઆવ્યો, અશોકવનમોઝાર; સીંહનાદ કીધોમેઘનાદે, ધગકંપીઅપાર ૩ ભુભુકાર નાદકરીતદા, કોપેચઢયાં કપીરાજ; પછેમારૂતીમેઘનાદચઢતા, જુવેદેવસમાજ. ૪ એકઅસુરનિલોહસાંગલીધી, ઝડ-પીનેહનુમંત; તેસાંગથીસહુસેનમાર્યું, ગાજીઓબળવંત. ૫ એકતરૂપમારીતેસ-મે, અંજનીપુત્રસુજાણ; ઇંદ્રજીતકેરાકરથકી, લીધાં ધનુષનેબાણ. ૬ તેબાણથી રાવણીકેરો, મુગટપાડયોત્યાંહે; તવ ઇંદ્રજીતેધનુષ બીજું, ગ્રહ્યુંનીજ કરમાંહે ૭ બ્રહ્મપાશ મેલ્યું મંત્રભણી, કહ્યુંકપીનુંમંત્રનઅંગ; ત્યારે તનવધાર્યુંમારૂતીજાગે, પુષ્ટપવ શરીરમ. ૮ તેપાશબંધનતોડીને, એકસાંગમારીસુર; ઇંદ્રજીતનોરથભા-ગીયો, આરથીકીધોચુર. ૯ કર્યોનગનફાડીવસ્ત્રત્યારે, નાઠોઅસુરકુમાર; એકવી-વરમાંપેઠાતદા, ભયપામીનેતેણીવાર. ૧૦ પાષાણમોટોમુકીયોતે, ગુફા મુખહનુ-મંત; તેખબરજાણીરાવણે, ત્યારેથયોમહાદુઃખવંત. ૧૧ પછી પ્રાર્થના કરીવી-ધિતણી, હોપીતામહમહારાજ; તમોજાઓત્યાંઉતાવળા, વાનરઝલાવોઆજ. ૧૨ પુત્રનુંજીવતદાનમુજને, આપોજઇઆદન; એવુંસુણી આવ્યા અશોકવન, બ્રહ્મા વીચારીમન. ૧૩ ઇંદ્રજીતનેબ્રહ્માકહે, તું નિકળહાવેબહાર; રાવણીકહેનહીની-કળુંમુને, કપી મારેમાર. ૧૪ કરી પ્રાર્થના હનુમંતની. પરમેષ્ટીયે તતખેવ; હે વજદેહીવચનમારૂં, સત્યકરતુંદેવ. ૧૫ મુજપાસથી બંધાઇને તું, ચાલ રાવણ પાસ; પછીપરાક્રમદેખાડજે, કહ્યુંમાન રગુવરદાસ. ૧૬ એવું કહી વીધીએ પાસ મુકી, બંધ યાહનુમંત. પછી વીવરમાંથી નીકળ્યો, ઇંદ્રજીતજે બળવંત. ૧૭ તેણેદોરમોટાલાવીને, બાંધીયોપવનકુમાર; તેબંધનકંઇનવલેખવે, હનુમંતમન-મોઝાર. ૧૮ સંસારનાબંધનવીષે, આવીયાદેખાયજ્ઞાનીજેમ; પણ અંતર માંહે મુકતછે, હનુમત; શકારીને વળી પરમેષ્ટી તે લેઇ ચાલ્યા હનુમંતઃ પછેરાવણ કેરી સભા માંહે બળવંત. ૨૦ મારગ વીષે મારે અસુરતે, અનેક શસ્ત્રનાઘાય; મહાવજદેહમાંવાગતાં, તેસરવભાગીજાય. ૨૧ હનુમંતનેજોઇરાવ ણનેમન, ચઢીસબળીરીશ; અધરપીસે દંતથું, રાતો થયો દશશીષ, ૨૨ ત્યારે

બંધનસરવનાડીયું, વાયુસુતેનેણીવાર; પછે કુંડાળુંકરીપુંછાસન, બેઠાસભામોઆર. ૨૩ ત્યારેરાવણપુછેરીસથી, અલ્યા મરકટછે તું કોણ; તું દુતકોનોકયાંથી આવ્યો, કહેસાચીવાણ. ૨૪ હનુમતકહેરેદુષ્ટમશ્યક, પાપીદુરમતવંત; તુજકુળ તણોહુંકાળછું, અવતરયોકરવાઅંત. ૨૫ તુજરૂદેપરથીપનુષલેઇને, ભંગકીધું તાસ; જેણેજીવાડયોતુજનંત, રામનાહુંદાસ. ૨૬ જેણેસુબાહુતાડીકામારયાં, કરી સુખંક્ષાય; તુજભગનીશંકરણનાશા, છેદીતેરગુરાય. ૨૭ ખરદુખર ત્રીશીરા આદીમારયા, અસુરજેબળવંત; હુંદાસછુંતેરામનો, મુજનામતે હનુમંત. ૨૮ તુંનેશીક્ષાકરવાઆવ્યો, કરયોસકળદળસંઘાર; અશોકવનઊજાડીમારયા, અક્ષે આદેકુમાર. ૨૯ ઇંદ્રજીતનેમેંગાંજ્યો, ટાળ્યોદેવળકેરોઠામ; એવીનાવળીબીજું કરૂં, પણનથીઆગ્નારામ. ૩૦ તેમનેકેમનવઓળખે, સુણદુષ્ટલોચનઅંધઃ કાલે રગુવરઆવશે, કરીસાગરસેતુબંધ. ૩૧ દશશીષછેદીતાહરાં, દશદીશામાંબળી દાન; તેઆપશેઅયોદ્ધાપતી, તુંસત્યસુણજેકાન. ૩૨ વરમંાંયકોજેમશ્વાનઆવી; વસ્તુલેઇનેજાય; અરેતસ્કરએમલાવ્યો, હરણકરિસીતાય. ૩૩ સુણીરાવણે મન વીચારયું, એવજદેહિજાણ; સ્વામીઊપાસકસત્યવચની, નહીમરેનીરવાણ. ૩૪ ત્યારેરાવણકહેરેકપીતારૂં, મરણકહેમુનેસત્ય; હનુમંતકહેહુંઅમરછું, તેજાણજે દુરમત્ય. ૩૫ રાવણકહેબ્રહ્માદિકનો, થાયકાળેનાશ; માટે મરણતારૂંથાયનહિં કેમ, કહેસત્યપ્રકાશ. ૩૬ હનુમંતકહેઅમોકપીકરૂં. પુંછમાંજીવન; જો પુંછબા ળેઅમારૂંતો, પડેનીશ્ચેતન. ૩૭ વાલ ણા પછેનીશ્ચેપડેતનકપીનું, જો પુંછબા ળેસત્યરે; એવાંવચનસુણીનેરાવણે, કરીબાળવાનીમત્યરે. ૩૮ ॥ ઇતિ શ્રી રામ ચરીત્રસંમતવાલમીકીનાટકધારાયાસુંદરકાંડહનુમાનઇંદ્રજીતસંગ્રામેબ્રહ્મ પાશા ના હનુમંતઃબંધનંનામનવમોઅધ્યાયઃ ૯ ॥

અધ્યાય ૧૦ રાગ સોરઠ હનુમંતકેરાવચનસુણીને, હશીયોરાવણરાય; પછી પુંછબાળવાકારણસરવે, કરવાલાગ્યાઉપાય. ૧ અનેકવસ્ત્રલીજવીતેમા, વી ટયાંકપીનેમુંછઃ તેમ તેમલાંગુળલાંબુવધેછે, દેખીતુંમહાગુછ. ૨ જેમ બોલતાંવા ણીવધેપંડીતની, મહાકવીનીપદરચનાય; એમપટકુંગજેમલાવીવીટે; તેમલાંગુ ળલાંબુથાય. ૩ ત્યારેઘણાંગોદડાંલાવીગામના, બોળ્યાંતેલમોઝાર; તે ભીંજવતાં વતતેલજખુટયું, નાવેપુંછનોપાર. ૪ પછેઅગ્નિચેતાવાલાગ્યાસરવે, નવચેતે તે ઠામ; અનેકઉપાયકરીનેથાકયા, સ્પર્શકરેનહીધામ. ૫ ત્યારેરાવણકહેલાવોહુંચે તાવું, બેઠોજઇનેપાસ; ત્યારેવેદજાતવાયુનીપ્રાર્થના, કરીહનુમંતેપ્રકાશ. ૬ થયો ઓચીંતોભડકોજયારે, ફુંકમારીદશાનન; તવદાઢીમુછબળીરાવણનીવરવુંથયું છેવદન. ૭ ઘણુંપાપકરયું છેલંકાપતીએ, કહેતાંનઆવેપાર; તેનું અર્ધ પ્રાયચીત

કરયુંહનુમંતે, લાગ્યાતેણીવાર. ૮ પછીપ્રચંડજવાળાપ્રગટીતતક્ષણ, કુદ્યા કપીહનુમંત; પ્રથમઆવ્યાનાસેહેજઉપર બેઠાજઇબળવંત. ૯ નાસેત્રાસે સરવેરાક્ષિયો, લાગી લોકમાંલ્હાય; તજ્ઞપમારતાકુદેકપીર કોણેનજવાળ સહે વાય. ૧૦ છુટયોપ્રાણજતેણેસમે, ઘણીમારીઝપટયોપાસ; તેમહનુમંતફેરવે વાળથી બાળ્યાસરવઆવાસ. ૧૧ નગરલંકામાંલ્હાયજલાગી, લોકકરેપોકાર; જેમકલપાંતરૂદ્રજકોપે, કરવાનેસંઘાર. ૧૨ ભડભડાટસઉભોવજ લાગે, મણી આતુપાષાણ; અતિયાંગોહુઃખિયોથયોદશાનન, લોકકરેચુંબાણ. ૧૩ હનુમંતને બાળેછેએવી, કોણેસીતાનેકહાવ્યા;ત્યારેધ્યાનધરીનેજકરાગ્નિને, પુછીજોયુંમાત. ૧૪ ત્યારેઅગ્નિકહેચિંતાનવકરશો, એરહેશેકુશળખેમ; લંકાનગરબાળીનેજા શે, રઘુપતિપાસેપ્રેમ. ૧૫ હવેસીજાભાગનીલંકાબાળી, સમરથવાયુતન; વિ ભિષણઆદીભગવતીસ્થાં, ઉગારયાંભોવન. ૧૬ એવુંકાજકરીનેકુધાત્યાંથી, આવ્યાસિંધુતીર; સાગરમાંહેપુછઆવવામાંડયું, પુંછપોતાનુંવીર ૧૭ જાગજંતુ બળવાલાગ્યાંત્યારે, જળાનિધીબોલિયાવાણી; રાખોબારણેપુંછતમારૂં, હું છોળેછાંટુંપાણી, ૧૮ તે વચનમાનીનેમારૂતીવળતા, બેઠાસિંધુતીર; પુંછશીત ળકરયુંસિંધુએતતક્ષણ, છોળેઉછાળ્યુંનીર. ૧૯ તેસમેહનુમંતનેસ્વશ્રમ થયો શ્રમપરિસ્વેદ; તેશ્રમબીંદુસાગરમાંપડયો, એકમાછલીયેગળયોવેદ. ૨૦ પુત્ર મક રધ્વજતેનોથયો, તેહનુમંતનોકહેવાય; પરાક્રમતેનુંકહેવાશેઆગળ, જુદ્ધ માંકથાય, ૨૧ હવેહનુમંતશ્રીરઘુવીરપ્રતાપે, નપદાઝ્યાકાંઇતન; જેમરામભક્ત પીધુંહળાહળ, શોભ્યાંપંચવદન. ૨૨ એવું આદભુતકાજકરીનેવિચારે, મનુરસુ તમનમાંહે, મેનવજવાયેસીતાનેમલ્યાવિન, માટેજઉત્યાંહે. ૨૩ વળીપુછશેમુ જનેરઘુપતિ, કહેશોશું કરીઆવ્યોકાજ; ત્યારેમારૂપાક્રમમારેમુખથી, કહેતાં આવેલાજ. ૨૪ માટેસહ્યારહેછેરાવણપાસે, જઉઉતાવળોતત્ર; વિધીપાસે તે જાઉલખાવી, આવરતમાનનોપત્ર. ૨૫ એવું કહ્યુંછેશાસ્ત્રમાંહેજે, નિજપ્રાક્રમ બળતીરથ; જસધરમવિદ્યાપુરૂષારથ, ભજનદારનીજઅરથ. ૨૬ એટલીવાત નશોભેકહેતાં, નકહેવીપોતાનેમુખ; અન્યકહેનેઆપણસુણીયે, ત્યારેશોભાસુખ. ૨૭ એમવિચારીસુક્ષ્મરૂપે, ચાલિયાઅદ્રશ્યબળવંત; એકાંતમાંબ્રહમાનીપાસે, આવીબોલિયાહનુમંત. ૨૮ ॥ વલણ ॥ હનુમંતકહેહેપ્રજાપતિ, હું જઉછું જ્યાં રઘુરાજરે; આપરાક્રમજેમેંકરયું, તેપત્રલખીઆપોઆજરે. ૨૯ ॥ ઇતિશ્રી રામચરિતરેસંમતવાલ્મિકીનાટકધારાયાંસુંદરકાંડલંકાદહનાનંતરહનુમાન બ્ર હ્માસમાગમોનામદશમોઅધ્યાયઃ ॥ ૧૦ ॥

અધ્યાય ૧૧. ॥ રાગ મેવાડો ॥વચન સુણી વિધી પ્રસન્ન થયા, હનુ

તનેકહેચન્યધન્યજી; ધન્યપુરૂષારથ ટહાપણતારૂં, સમરથ વાયુતનજી. ૧ એવું
કહીપછેસખ્યાવિધીયે, શ્રીરામનીઊપરપત્રજી; જનસાનસકુતેમાંલખીયું, આ
પ્યે કપીનેપત્રજી. ૨ તેબ્રહ્માપત્રકરમાંલેઇચાલિયા, આવ્યાજાનકીપાસજી; કરી
વંદનાગદગદથઇને, ચરણેનમિયોદાસજી. ૩ માતામુજનેઆજ્ઞાઆપો, હું જાઉં
જ્યાંરઘુવીરજી; સંદેશાનેવાટજોતાહશે, રામલક્ષ્મણરણધીરજી. ૪ ત્યારેજાન
કીગદગદથઇનેબોલિયા, અતિદુઃખપ્રગટયુંમનજી; સાચું કહેભાઇકયારેમળશે,
મુજનેપ્રાણજીવનજી. ૫ મુખથકીદુખછેમુજમનમાં, પતિવિરહનેરોગજી; વળિ
તેમધિદુખબીજું પ્રગટયું, વીરાતારોવિજોગજી. ૬ ત્યારેકરજોડીનેકપીવરકહેછે,
ધીરજરાખોમાતજી; હવેથોડાદિવસમાંમળશેતમને, અવશેઅહીંજુગતાતજી.
૭ માતમુજનેકંઇઆપો એંધાણી, છાનીવાતકહોઆજજી; ત્યારેચોસી રત્નમણિ
છોડીઆપ્યો, આલેઇજાતુંકપીરાજજી. ૮ છાનીવાતકહેજેપ્રભુને, રહેતાંચિત્ર
કુટમોઝારજી; લક્ષ્મણજીવનમાંગયાતા, ફળલેવાએકવારજી ૯ રઘુપતિના ખો
ળામાંશીરમુકી, નીંદ્રાકરીમેં જાણજી; ત્યારે મારીલલાટે પ્રભુએ,કેસરઆડકરી
નિરવાણજી. ૧૦ એવાતઅંતરનીકહેજેવીર, માગીવળોકરીપરણામજી; વાનર
સૈન્યાલેઇરઘુપતી, કેમઆવશેઆણેઠામજી. ૧૧ છેશતજોજનસીંધુ વચમાં, કેમ
ઉતરશેપારજી; એવાં વચન સુણી સીતાના વખતાં બોલ્યા પવન કુમારજી
૧૨ સેતુ બાંધશે સાગર પર. વાશીસશે મુકી બાણજી; વાકરશે વાળ્ય મુજ
પુંછતણી, તેથી ઉતરશે નીરવાણજી. ૧૩ જળ ઊપર જેણે પરથવી રાખી,
સ્થંભવિનાઆકાશજી; તોસાગરકરોભારકેટલો. માતા રાખોવિસવાસજી ૧૪
જેઉદરમાંહેજઠરાથીજાળવે. ગરભનેશ્રીભગવાનજી; એકલાજઠરનહિકોઇનેકરાવે,
માંસવિશેપયપાનજી. ૧૫ એકક્ષણમાંબ્રહ્માંડઉંડે, કરેમાળેતથાકરેભંગજી, સાહે
ક બીજોસંગનહીંતેશું નકરેશ્રીરંગજી. ૧૬ એવું કહીસાષ્ટાંગકરીપછે, ચાલ્યાવા
યુતનજી; ત્યારેસીતાયેકલ્પાંતકરયું, જળભરિયુલોચનજી ૧૭ પહેલકાગિરીને
શીખરચઢી. દીવ્યરૂપધરયું તતકાળજી; ઉત્તરપંથચિતવીહનુમંતે. કુદીનેમારી
ફાળજી. ૧૮ ત્યારેજયજયકારકરીકહેસુરસહુ, નીજદુખહેતુસબધજી. હવેવહે
લાઆવજોરામનેતેડી, છોડાઅમારાબંધજી. ૧૯ ત્યારેહનુમંતકહેચાંતાનવધર
શો, ધરજોમનમાંધીરજી; કોલઅપેછેસિંધુતીરે, આવશેશ્રીરઘુવીરજી. ૨૦ એવું
કહીપછેસાંધુઓળંગી, આવ્યામારૂતતનજી; જાંબુવાનઆદેસહુમળિયા, દીધા
આલીંગનજી. ૨૧ સરવેકપીહનુમંતનેદેખી, પામ્યા હરખઅપારજી; કોપરદક્ષ
ણા કરીપાયેલાગે, વંદેવારમવારજી; ૨૨ કોઇનેઝાલેકોહસ્ત પુંછને, ચુંબનકર
તાજી; પુષ્પમાળાકોપુજેપ્રેમે, કોદેતાઆશીશજી. ૨૩ એમબ્રહ્માનંદમાંમગ્નથ
ઇકપી, પુછેસહુસમાચારજી; ત્યારેહનુમંતકહેકુશળછેજાનકી, મલ્યાંમુજનેનિર

ધારજી. ૨૪ સકળવરતાંતલખ્યુંછેપત્રમાં, બ્રહ્માયેનિરવાણજી; ચાલોપ્રભુની પાસેત્યારે. થશેતમનેસહુજાણજી. ૨૫ એવુંકહીપછેચાલ્યાતતક્ષણ, આવ્યારઘુશી સુખપાસજી; ત્યાંગસુગ્રીવકેરુંમધુવનછે, ફળપકવરમ્યતરૂવાસજી. ૨૬ તેવનમાંહે પેઠાસરવે, ફળખાધાંનીરઆરજી; તરૂઉપટ્યાંરક્ષકમારયા, મનઅભીમાનઅપાર જી. ૨૭ તેઅનુચરનાંઠ આવ્યારઘુશીમુખ, બોલ્યાનામીશીશજી; વરતાંત સરવેક હ્યુંસુગરીવને, સુણીહરખ્યોપતિકપીશજી. ૨૮ ત્યારેસુગ્રીવકહેછેરઘુપતિપ્રત્યે,કપીઓ કરીઆવ્ય કાજજી; નહિતોમારૂંમધુવન તે, કોનવમોડે મહારાજજી. ૨૯ એટલે આવ્યાકરીગરજના, કહેતાજયજયરામજી; મંગળધુને સુણીજોઈહનુમંતને, ઊ ઠીસભાઅભિરામજી. ૩૦ ॥ વલણ ॥ અભિરામપામીસભા સરવે, થઈ છે મહા સુખવંતરે; કિષ્કીંધાપતિ અયોધ્યાપતિઉઠ્યા, આવતાદેખીહનુમંતરે. ૩૧ ॥ ઇતિશ્રીરામચરિત્રસંમતવાલ્મિકીનાટકધારાયાં સુંદરકાંડે સાગરોલ્લંઘનાનંતરં મધુવનભંગાતગમદર્શનોનામએકાદશોઅધ્યાયઃ ૧૧ ॥

અધ્યાય ૧૨ ॥ રાગસોરઠ ॥ જેમસુપરણઅમ્રતલેઇને આવે, વિનતા કેરેટ વછ; જેમપ્રઅસંજીવનીસાધીઆવે, બ્રહસ્પતિનોસુતકછ. ૧ એમહનુમંતઅતી હરખભર્યા, તે કરીનેઆવ્યાકાજ; સાષ્ટાંગકરીનેચરણેલાગ્યા, પ્રસન્નથયા રઘુ- રાજ. ૨ ઘણીવારશીરમુકીરહ્યા, હનુમંતપ્રભુનેપાય; ત્યારે મારૂતીને મહસ્તક કરમુકી ઉઠાડ્યારઘુરાય. ૩ ભુજભરીનેઆલીંગનદીધું, ચાંપ્યોરૂદયાસાથ; પછે હરખઆંસુપ્રેમે થઈ, ગદગદબોલ્યાશ્રીરગુનાથ. ૪ અંરેધન્યધન્યમારૂતસુતબળિ યા, તું કરીઆવ્યોકાજ; પછેસભાકરીનેરામનીસન્મુખ, બેઠાસરવ સમાજ. ૫ ત્યારેપ્રથમવૃત્તાંતકહ્યુંવાળીસુત, અંગદેમાંડીવાત; અહીંથીનીકળતાંશ્રાપમુક્ત થયો,દંડીંક્ઋષીનોજાત. ૬ પછેવીવરમાંહેસુપ્રભામળી, ત્યાંથીગયાસિંધુતીર; ત્યાં ગીધજાતીસંપાતીમળ્યો, જેજટાયુકેરોવીર. ૭ પછે મારૂતસુત સિંધુ ઓળંઘ્યા, ચઢીપરવતનેશીપ; એટલીવાતઅમોજાણુંછું, સુણીયેશ્રીજુગદીશ. ૮ પછે રામે હનુમંતસામુંજોયું, ત્યારેબોલ્યાવાયુકુમાર; મહારાજસુખીછેજનકનંદની, અશો- કવનમોઝાર. ૯ ઘણુંકરશ્યથમાંછેતમારેવિજોગે,ચીંતાકરેદિનરાત; હુંમુદ્રીકાઅ- પીપાયેલાગ્યો, કહીકુશળનીવાત. ૧૦ તમારાનામનીસુધાયેકરીને,તનમાં રહ્યા છેપ્રાણ; મેંજહીનેત્યાંથી રજઆપી, શુભલક્ષ્યોનીરવાણ. ૧૧ એટલુંકહીરગુવી- રનેઆપ્યો, ચુડામણિસાક્ષાત; વળીવિસ્તારીનેકહીરામને, ચીત્રકુટનીવાત. ૧૨ તેસુણીનેગદગદકંઠથયા, મણિરૂદેચાંપ્યે.રઘુવીર; વિરહવ્યાકુળથઇનેરઘુપતી,નેત્રે ભરતાનીર. ૧૩ જેઅજ અજિતત્રિગુણાતિતપુરણ, રહિતઉદે અવશાન, તે સિતા વિયોગનાશોકસાંધુમાં મગ્નથયાભગવાન. ૧૪ પછેઅંજનીસુતનેપુછેછે વળી

પોતેપુરણબ્રહ્મ; તું કેમગયોમેળાપથયોતે, કહેમુજનેસહુમર્મ. ૧૫ ત્યાંજઇશું પ્રા-
ક્રમકીધું તે, શું બોલ્યોરાવણસાથ; એ સરવવાતમાંડીકહેમુજને,એમપુછેરઘુના-
થ. ૧૬ ત્યારેશ્રીરઘુવીરનાકરમાંઆપ્યો,મારૂતિયેબ્રહ્મપત્ર;મહારાજએપત્રવિધીયે
લખ્યોછે, વરતમાન સહુ તત્ર. ૧૭ શ્રીરામે લેઇ લક્ષમણને આપ્યો, વાંચવાને
તેકાળ, પછેઉકેલ્યો સહુસભાસાંભળતાંવાંચ્યેસુમીત્રાબાળ. ૧૮ વળણસુમીત્રાસુ
તેકરકાગળલીધો થઇએકચીતસભાસર્વત્રરે કહેદાસગીરીધરશુણોશ્રોતા, વાંચેલક્ષ
મણજીબ્રહ્મપત્રરે૧૯ઇતીશ્રીરામચરીત્રે સંમતવાલ્મિકીનાટકધારાયાંસુદર કાંડેહનુ-
મંતાશ્રીરામહસ્તેબ્રહ્મ પત્રાર્પણોનામદ્વાદશોઅધ્યાયઃ ૧૨॥

અધ્યાય ૧૩ ॥ રાગદોહા ॥ કનકપત્રવિધિયેલખ્યો, શ્રીરામની ઉપરજેહ,
તેલાવ્યાહનુમંતજી; આપ્યોપ્રભુને તેહ, ૧ તેકરમાં લેઇહરખિયા, રઘુપતિ જુગ-
ધાર, પછેવાંચવાકારણઆપિયો, લક્ષમણનેતેણીવાર. ૨ તે કરમાંલેઇઅનંતજી
ઉકેલ્યો નિરવાણ સુણતાંસહુવાંદરસભા,લક્ષમણવાંચેજાણ, ૩ પ્રથમ સ્તુતીરઘુ-
વિરની, પછેહનુમંતચરિત્ર, તેસાવધાનથઇએકચીતસુણો, શ્રોતાપુન્ય પવિત્ર. ૪
॥ છંદ ॥ જયજયઅનંતકોટીબ્રહ્માંડ, નાયકઅજ અજીતઅખંડ, પતિવૈકુંઠજ-
ગપ્રતીપાળ વ્યાપક શ્રીનીકેતદયાળ, અંકુરમુળમાયાકંદ ગુરૂજગસત્યચીદઆ-
નંદ; કારણરૂપ ધારણતત્વ ચૈતનસગુણ નિરગુણીસત્વ, નમુવેદાંતવેદ સ્વરૂપ,
માયાચક્રચાલકભુપશોષક દૈત્યજળધીઅગસ્ત, છેદકદેવબંધસમસ્ત. હરતાભાર
ભુમિદુષ્ટ કરતાપ્રરમભક્તિપુષ્ટ, ચાતૃક ભક્તજળદસમાજ, ભવગજવિદારક
મૃગરાજ, સંતચકોરચંદ્રઅમીષ, હરિમમજનકત્રિભુવનઇશ, મંગલરૂપતવઅ-
વતાર; સ્થાપનધરમપરમઉદાર; જયજયમીનકમળ.૧૨ હ,નરહરી ત્રિવિક્રમ
ભ્રગુનાહ; દશરથ સુવન શ્રીરઘુવિર, ધારણ સત્યવૃત રણધીર, લક્ષમણ ભરથ
શત્રુઘન; ભરથ પ્રગટયાચતુર વ્યુહ પાવન; મુનીસુખરક્ષત્રિય ઉદ્ધાર નીશાચર
તાડીકા સંહાર; શિવ કોદંડ ખંડનરામ, તનયા જનકપુરણ કામ; પાળક પિતુ
વચનવનવાસ, ગૌતતીમંગાતિરનીવાસ; ગૌદ્વિજસંત સંકટહરણ, ભવરૂજ વૈદ
કરૂણા કરણ; મનુજાકૃતીગૃત સુરકાજ, પદપદપૃથ્વી તીરથરાજ; કોટીમનોજ.
તનુકમનીય, નમુંનીત્યભુમિજારમણીય; તવગુણશમનત્રિવીધીતાપ, હરતાનામ
કલીમમપાપ, રાજીવનયદશ્યામલગાત્ર, અદભુતકરમજ નકજમાત્ર; સદગુણઅ-
લંકૃતસુખરાશ. સુણોએકવીનતીઅવિનાશ; લંકાપુરીથી લખીતંગ, શેવકકમ-
ળભુતવઅંગ; આવ્યોઇહાંવાયુતન, કુદ્યો સીંધુશતજોજન, ટાળ્યાંવિઘ્નપંથઅ-
માત, ખોળ્યુનગરસરવઅભિત; સીતાતણીપામ્યોશુદ્ધ, આપ્યોમુદ્રિકા મળ્યોબુ
ઊજાડ્યુઅશોકચંડીધામ, માર્યાઅશુરકરીસંગ્રામ; હણીયાઅખેઆદીકુમાર

શુરાવિરઓજઅપાર; અક્ષીનઅસુર માયાંઅને, પડયોદશાનનને શોક, ચઢયો ઇંદ્રજીતઅમોઘ , વીધાવંત બળગુણ એત્ર. તે શું કર્યું જુદ્ધઅનંત નાંઠોરાવણી બળવંત, પેઠોવીવરમાંલેઇપ્રાણ, ગાજ્યોપવનપુત્રશુજાણ; એવું કર્યું અદભુતકામ તેતમપતાપેશ્રીરામ. મેંજઈપ્રારથ્યોહનુમંત, ત્યારેબળવંત; લાવ્યાનગરમાંહેપ્રમુખ, જોઇભયપામ્યોદશમુખ, બાળીલંકાઆડેઅંક, થઇતવકનક કેરીલંક; એ હનુમંતતેછેધન્ય, શેવકસ્વામીભકતઅનન્ય; સ્વામીતણુએવું કાજ, બીજેથાય નહિમહારાજ; એમેંલખ્યું સરવેસત્ય, સાચુમાનજો રઘુપત્ય; રાખો સદાચરણે નીજવાસ, કહેકરજોડી ગિરિધરદાસ. ॥ દોહા ॥ બ્રહ્મપત્રશુણીકપીસહિત, હરખ્યા શ્રીરગુનાથ- ધન્યધન્યકહીમારૂતી; ચાંપ્યોરૂદયાસાથ, ૨૫ ॥ ઇતીશ્રીરામચરીત્રે સંમતવાલ્મિકી નાટકધારાયાં; સુદરકાંડેબ્રહ્મપત્રે હનુમાનચરીત્ર કથંન નામતેરમોઅધ્યાય: ૧૩ ॥ અધ્યાય ૧૪.

॥ રાગ મારૂ ॥ સુણીબ્રહ્મપત્રપાવન. પામ્યાઆશ્ચર્યસર્વેજન; ત્યારે હરખ્યા ઘણું રગુનાથ, ચાંપ્યોમારૂતીરૂદયાસાથ, ૧ પ્રાણવલ્લભ પવનકુમાર, તુને શોકરૂં હું ઉપકાર; કહયાંરામેકરૂણાવચન, ત્યારેબોલ્યામારૂતતન, ૨ જોઆજ્ઞાકરોમહારાજ, તોલાવુ જાનકીનેઆજ. કહેતોરાવણનેજઇમારૂં કુળરાક્ષસનુ સંહારૂં. ૩ ત્યારેબોલ્યા દશરથતન. ભાઇધિરજ રાખોમન હજીકરવું છેકાજઅપાર, ઘણું જુદ્ધથશેતેઠાર. ૪ પણપુછું તુંનેહનુમંત, કેવીલંકાછેશોભાવંત; લોક શોપાળેછે ધર્મ, કેવોરાક્ષસકેરૂકર્મ. ૫ હનુમંતકહેગઢલંક, ત્રણસેગાઉલાંબીછેલંક; એકવીશ કોટીબારલક્ષ, પુરમાંપ્રહિરછેપ્રત્યક્ષ, ૬ એકેકાવરમાંદશદશાવાસ, સોળ માળના ઊંચાઅવાસ; તેનીવિગતકહું વિસ્તારી, અકએકપેશોભાસારી, ૭ પાંચલક્ષઆરસનાધામ, સાતલક્ષત્રાંબાનાંકામ, પાંચકોટીકનકનાં વિખ્યાત, રત્નહીરાતણાંકોટીસાત. ૮શીવનાંદેવાળછેનવકોટી, થાયછેકાળપુજામોટી; અગનીહોત્રઅશુરનેગેર, થાયવેદાધ્યન મહુપેર. હરૂદ્રાક્ષવીભુતીસંગ, કરેધારણનીશીચઅંગ; કર્યારાવણેવેદનાખંડ, દેવનેદેછેઘણોદંડ. ૧૦તપદારૂણકરતાઅશુર, જપે મલીનમંત્રમહાભુર: નહીદયારાક્ષસનેલેશ, રહીનઆચારઅપવીત્રક્લેશ ૧૧ ગાબ્રાહ્મણશુરનેપીડે. નીત્યહીંસાકરતાહીંડે; ત્રણલોકનોવઢભવજેહ, છેરાવણનાં ઘરમાંતેહ. ૧૨જેનેશુંદરીયોછેઅશંખ્ય, કરેનીશદીન ક્રીડાનીશંક: જેનેપુત્રજમાત્રઅપાર, પુત્રપૌત્રતણોનહીંપાર. ૧૩લંકામાંએકવીભીષણભક્ત, જેછેતમસાથેઆસકત; બાકીસરવેઅશુરછેઅધરમી, નીરદેઅપવીત્રહીંસાકરમી ૧૪ એવીકહીહનુમંતેવાત, તેશુણીનેહરખ્યાજુગતાત; એમનાતપહોમનેવિકાર, ના જાણ્યોજેણેતત્વવીચાર. ૧૫જેશાસ્ત્રશુણ્યાંનેવ્યર્થ, જેણેઆત્માનજાણ્યોસમર્થ;

જેવીસર્પનીશાન્તીમાણો એવાંક્રીયાઅશુરનીજાણો. ૧૬જેવુંવીત્રવાનુંરૂપયૌવ-
વન, અંત્યજનુ જેવુંરમ્યભોવન; જારનાજેશુભ આચરણ, જેવુંતસ્કરનુંડહા-
પણ. ૧૭દંભીતનુંભજનને ધ્યાન, જેમલુનદયા વીગુજ્ઞાન; એસરવેજેમ મીથ્યા
જાણો,એવાંઅશુરનાંકરમપ્રમાણો. ૧૮શુણહનુમંતનીરચેજાણ,મારેહણવાઅસુર
નીરવાણ કરેરાક્ષસજેઅનાચાર મારેકરવોતેનો સંહ ર. ૧૯લંકાહનુમંતબાળી
જ્યારે,સોનાનીપ્રૃથ્વીથઇત્યારે;પામ્યાઆશ્ચર્યપુરણકામ,જાંબુવાનનેપુછેરામ. ૨૦
કહોરીંછપતિએકવાત,મુનેસંદેહથયોસાક્ષાત;ત્રણકાળનાવૃદ્ધઅપાર: તમોબ્રહ્મા
તણાઅવતાર.૨૧ માટેકહોલંકાનીઉતપત્ય.પુરવેકોણેવસાવીસત્ય; કેમસાગરમાં
થયોબેટ; નેકહોઅથઇતિનેટ. ૨૨ ॥ વલણ ॥ અથપતીકહેલંકાંકેરી,રીંછપતી
બળવાનરેએવાંરામચંદ્રનાં વાયકસુણીને, બોલ્યાજાંબુવનરે. ૨૩ ॥ ઇતીશ્રીરામ
ચરિતરેસંમતવાલ્મિકીનાટકધારાયાં સુંદરકાંડે શ્રીરામસામીચંદ્રનુમંતાલંકા
શોભાવણનનામચાદમોઅધ્યાય: ૧૪ અધ્યાય ૧૫.

॥ રાગશામેરી ॥ જાંબુવાનકહે સુણોરામજી; પુરે ગ્રહ્યો ગજગ્રાહે; ત્યારે
હરીઆવ્યા, ગરૂડબેસી. કરવાગજનિસાહે, ૧ ત્યારેચક્રમુકીને છેદીયો નક્રનેને-
મીવાન: ત્યાંગતિઆપીગ્રહને; ગજનોકર્યો ઉદ્ધાર. ૨ સમારભગવત ચાલીઆ,
વૈકુંઠપત્યેજાય, તવ ક્ષુધાલાગીગરૂડને, વિનવ્યાવૈકુંઠરાય. ૩ ત્યારેવિષ્ણુ કહેએ
કલેવર. ગજગ્રાહનાંછેજેહ; હુંજાઉંછુંવૈકુંઠમાં, જાભક્ષકર તું તેહ ૪ ત્યારેગરૂડે
આવીકુરમપઅંકુના, ગ્રહાંચંચુમાંહે, મનચાહ્યુંજે કરું ભક્ષએ, એકાંતજઇનેતાંહે
૫ એટલેએકશાલ્મંમ રાક્ષસ તેણમાગ્યોભાગ; તેનેમારીઆવીનતાસુત; મેરૂગયો
મહાભાગ; ૬ તમેરૂઉપરજાંબુનાએક, વૃક્ષમેંહઅપાર; એકશાખાઉપરબેઠોજઇ
તેનો: શતજોજન વીસ્તાર. ૭ સાઠશહસ્ત્ર વાલખીલ્યરૂપી ટીંગાયા હતા તે ડાળ
વળી ગરૂડ તે ભરે કરી: ભાગી પડી તતકાળ. ૮ ગરૂડે જાણ્યું મુનિ ચંપાશે
ગ્રહીશાખાકરમોઝાગ: ગજનકચ્ચપચુમાંગ્રહિને, ઊડચાતેણીવાર. ૯ કશ્યપરૂપીએ-
ઠાહતા. આવીનેપુછ્યુંત્યાંહે: હેપીતાકોઆશાખાદવે. જઇનેમુકુંક્યાંહે. ૧૦ એ
પુત્ર સંકટમાંપડયો. કશ્યપેજાણ્યુમત, પછેવ્યાલખીલ્યનીસ્તુતીકરીને, ઉતાર્યા
મુનિજન. ૧૧ પછેપુત્રનેકહ્યુપ્રજાપતીએ, જાતુંદક્ષીણદેશ; લંકાગીરીનિ ઊપર
જઇનેભક્ષકરજેએશ. ૧૨ તે ગીરીસાગરમધ્યમાંહે આવ્યેતેણેઠાર, ત્યાંગરૂડઅ
વીગ્રાહગજતન, તણોકીધો આહાર ૧૩ તેભક્ષકરીને અસ્તી નાંખ્યા ગરૂડેત્યાં
સાક્ષાત; તેતણોત્રિકુટાચળથયે . તમોસુણોરઘુવરવાત; ૧૪ પેલીશાખા શતજો-
જનની, હતીકનકકેરીજાણ, તેસીંધુમાંનાખીનહા, થયોબેટત્યાંનિરવાણ. ૧૫ તો
બેટમાંચીથિએરચ્યું, લંકાનગરવિખ્યાત. મહાકનક મણીમય ધામસુંદર; કોટ

પાઞીસાત. ૧૬ તે જંબુનદીભોમનીચે, મલીનથઈતીઆપ, તેલંકા બાળીહ-નુમંતે, લાગ્યોઅગ્નિકેરોતાપ. ૧૭ ત્યારેદેખાઈશુધકનકભોમી સુણોશ્રીરગુવીર; એપ્રકારેલંકાથઈ, ઊતપત્તિકહીરણધીર, ૧૮ સુગ્રીવકહેશ્રીરામરે, તમેસુણોશ્રી મહારાજ; પ્રયાણકરીયેઆપણેશુભ, મહુરતછેવળાછેઆજ, ૧૯ રગુપતિકહેહ-વેચાલવુભાઇ, નવલગાડોવાર; સુગ્રીવેકપીતુસૈન્યસહુ; તતપરકર્યુંતેણીવાર. ૨૦ શરદઋતુનોમાસઅશ્વિન, પક્ષઉજવળજેહ; વિજયાદશામી ચંદ્રવાસર, શ્રવણક-હિયેતેહ. ૨૧ અભીજીતમહુરતમાંહેરામે, પ્રયાણકીધુંસાર; અઢારપદ્મસૈન્યાસં-ગાથે, ચઢયો સુરજકુમાર, ૨૨ ॥ વલણ ॥ ચઢયોસુરજ કુમાર સુગ્રીવ, અઢાર પદ્મદળસાથરે, શુભમહુરતમાં પ્રયાણકીધું, લક્ષ્મણનેરગુનાથરે. ૨૩ ॥ ઇતીશ્રી રામચરીતરેસંમતવાલ્મીકીનાટકધારાયાં સુંદરકાંડે શ્રીરામસામીયેજાંપુત્તા લંકાસત્તિ કથનંનામપંદરમો અધ્યાયઃ॥૧૫॥

અધ્યાય ૧૬. ॥ રાગ સોરઠ ॥ જીતવા રાવણ, રાયને, રઘુવરચઢયા તેની વારરે; શકુ કપીતણા શીરદાર સુગ્રીવ, સૈન્યનો નહીપારરે ૧ હનુમંત સ્કંધે રામ ચઢિયા, ચાપશરગ્રહીહાથરે; જેમ ગરૂડ ઊપરશ્રીપતી એમશોભતારગુના થરે ૨ અંગદકેરેસ્કંધબેઠા, લક્ષમણજી તેણીવારરે; જેમ ઐરાવતપર ઇંદ્ર શોભે. નંદીપરત્રિપુરારરે. ૩ વિશાળવૃક્ષ ઉપાડીને, કપીયે ગ્રહ્યાં કરમાંહરે; તે છત્ર કરતારામને, નવપલ્લવ ચમરત્યાંહરે, ૪ જયબોલાવી રઘુનાથની દળ ચાલ્યું દક્ષીણદેશરે; ચીકારકરતાચાલતા, ગિરિસમકપીનાવેશરે, ૫ ભુભુકારના હહુકારકરતા, કુદતાબળવાનરે; કરમાંહેગીરીઉછાળતા, તે કુસુમ ગેંદ સમાનરે. ૬ કેટલા કપીયેવૃક્ષઝાલ્યાં, કેટલાકપાષાણરે, કેટલા કર નખ દંતકરડે, કરેમહા ભુંબાણરે. ૭ જયજયધ્વનીકહીગર્જના, પદપ્રહારધ્રુજેધરણરે; સીંધુંજળઉછળ્યાં સુરજથયેધુંધળવર્ણરે. ૮ દીગ્ગજડગ્યાનેશેષસળક્યો. ભુતીનસહે ભારરે; એમ ચાલીસૈન્યારામનિ, કહેતાંનઆવેપારરે- ૯ જોજનદશવિસ્તાર પહોળી, કપીસૈ-ન્ય જાયરે; મારગતણાપાષાણતરૂ, તેભાગીભુકોથાયરે. ૧૦ એકએકનાશીર ચાંપ પગદઈ કુદતાકપીતસરો; કેપૃથ્વીઊપરદોડતા, કોઉડતાઆકાશરે. ૧૧ જયરામજય જયરામ. કહિને, ગર્જતામહાવીરરે; એમકપીસૈન્યસહીતઆવ્યા, રામસંગરતી રરે. ૧૨ દશજોજનમાંઊતરીસૈન્યાં, સોરથાયઅમીતરે; ભભુકારબ્યાપ્યોદશદીશા સીંધુથયેભયભીતરે. ૧૩ તેખબરથઈલંકાંવીષેજ્યાં બેઠોરાવણરાયરે; શ્રી રામ આવ્યાસાગરતીર, લેઇકપીસૈન્યાયરે ૧૪ એવું સાંભળીનેદશાનન તવ, ચમ-ક્રીયોમનમાંહરે; સભાવિષેતેડાવ્યાસહુ, જેઅધિકારીત્યાંહરે. ૧૫ ઇંદ્રજીતઅદે સુ ત્રનેવથી, પ્રહસ્તઆદિપ્રધાનરે; એવિનાઅન્યઅસુરતેડાવ્યા, સભામાંહઈ જાનરે

૧૬ તેસરવસાથવિચારકરવા, લાગ્યોરાવણભુપરે; ભાઇઆપણેહવે શું કરવું, તે કહોસમેઅનુપરે. ૧૭ દશરથતણાસુતઆવિયા, ઉતર્યાસાગરતરરે; કપીસેન્યાને સાથેવળુ. હનુમંતસરખાવીરરે. ૧૮ શત્રુસર્પનેઅગ્નિનીત્રણે, નગણવાલઘુએહ રે; કરેવિઘ્નતેક્ષણમાત્રમાં, માટેધીરિયેનહિતેહરે. ૧૯ એકવાનરેલંકાં પ્રજાળી, અક્ષેઆદીઅસુરરે; તેહણીનીરભેગયોપાછો, મળ્યુંકપીદળ પુરરે. ૨૦ તે માટે પણ સર્વને, કહો હવેકરવું કમરે;નીશ્ચેવીચારકહોસઉમુજ, કુશળથાયેજેમરે. ૨૧ એવાંવચનસુણીરાવણતણી, પછીબોલ્યાપુત્રપ્રધાનરે; મહાક્રોધઆણીકહેવાણી, કરીમનઅભીમાનરે. ૨૨ અરેરાયશુંચીંતાકરો, એરામનાશાભારરે; શું યુદ્ધકરશે કપીએનર; વાનરઆપણોઅહારરે. ૨૩ રામલક્ષમણમનુષ્યએકરી, તપથયાકૃશ-કાયરે; કપીબાપુરીંછમરકટ તેથકીશુ થાયરે. ૨૪ આજ હેત્રેમોકલ્યુંઘેર બેઠાં, ભક્ષઆપણુંએહરે; તમેનીરભેથઇરહોભુપતીચીંતાનકરશોતેહરે. ૨૫ એમશાક જીતઅતિકાય, દેવાંતકનરાંતકનીઆદરે; વજ્રદ્રષ્ટીમહોદર, કરતાચણો બકવાદરે ૨૬ તેસમેસભામાંવિભિષણ,બેઠાહતાતેઠારરે; રામનીનીંદાશ્રવણસુણીમન, થયા ક્રોધ અપારરે. ૨૭ મહાપુન્યપાવનવિભીષણ, સદગુણગંગાનીરરે; જેમ વાયસ કેરીસભામાં, રાજસંહબેઠોવીરરે ૨૮ પુણ્યપરમારથવૃક્ષનાં, જેસત્યસીંધુ ન્યા-યરે; ભક્તિજ્ઞાનવૈરાગસાગર, વિવેકીકહેવાયરે, ૨૯ એવાવિભીષણજેવિચક્ષણ તેણે, સુણ્યાંઅસુરવચનરે; પછેસભાથાંહેબોલીયા, ઘણુંક્રોધઆણીનેમનરે. ૩૦ ॥ વલણ ॥ મનમાંહેઆણીક્રોધબેલ્યો, વિભીષણતેણીવારરે; તશોતાજન સઉ સાંભળો, કરૂંસંક્ષેપેવિસ્તારરે. ૩૧ ॥ ઇતીશ્રીરામચરીતરેસમ ૧ વાલમીકીના ટકાસારાયાંસુંદરકાંડેસેન્યાસકીતસ્યશ્રીરામચંદ્રસમુદ્રતી રાગમન નામ સોળમો અધ્યાય. ૧૬ ॥

અધ્યાય ૧૭.

॥ રાગ બીઆસ. ॥ નીંદાસુણીરઘુવરનીત્યારે, થયોવિભિષણનેખેદ;જયા રથપોંગજાગેછેપ્રભુને નીરગુણસગુણઅભેદ. ૧ તે સભામાંહેપછેબોલ્યા વિભી-ષણ, નીતિવચનનીરધાર; રાવણતણાપ્રધાનપુત્રશું, ક્રોધકરી તેણિવાર, ૨ અ-લ્પ દુષ્ટદુરીજનપામરપાપી; બોલોવીચારીમન; શું દશમુખનેઅનરથ સમજાવો, માથ્ય;ગરવવચન. ૩ જેસ્થિતીઉદભવસંહરણકારણ, કોટીબ્રહ્માંડનાઇશ, જે જી વનાજીવનસકળકર્મના, ફળદાતાજુગદીશ. ૪ તેરામઆવ્યાસાગરતીરે. સાથેસે-ન્યઅપાર, એરાક્ષસનોસંહારજકરશે, ઊતારશે, ભુભાર. ૫ એકહનુમંતનું બ-ળસહિતશકાયુ, અક્ષેકુમારનેમાર્યો; ઇંદ્રજીતનાશીવીવરમાંપેઠો, તેબ્રહ્માસ્ત્રે ઉ-ગાર્યો. ૬ ગોપદવતજેણેસીંધુઓળંઘ્યો, બાળ્યુંલંકાગામ: અસુર અનેક સંહારિ પાછો, નીરભેગયોનિજધામ. ૭ તેરામનેતમોમનુશજાણો; જેનાદાસનોમહિમાઅ

પાર; તેનેભક્ષકરવાઇચ્છો, તમારીબુદ્ધિનેધીકાર. ૮ અલ્યાનિશાપતીનેનીંદે ત-
સ્કર, મુકતાનેજેમકાગ. એમતમોરઘુપતીનેનીંદો, જેપુન્ય શ્લોક મહાભાગ. ૯
જેનુંશિવસનકાદીકધ્યાનધરેછે, સ્તવનકરેવીધીશેષ; જેનોઅપારમહીમાવેદ કહે
જે, દેવતણાદેવેશ. ૧૦ એદશરથનોપુન્યપરવંત, જેનીત્રાલોકમાંકીરથીવ્યાપી;
એતમારાકુળનોક્ષેકરશે, તેનેમનુષજાણોછોપાપી. ૧૧ કેવળવનચરનથીએવાન
ર, અવતરયાસહુદેવ; નીજદુઃખજાણીહણવાતમને. કરેછેપ્રભુની સેવ. ૧૨ જેણે
સહસ્રાર્જુનનોનાશકર્યો, હણ્યાઅશેષક્ષત્રિધીર; તેભ્રગુપતીનોગર્વઉતાર્યો, એવા
શ્રીરઘુવીર. ૧૩ હેમુરખરાવણધ્રજનેકાંઢયો, ધનુષતળેથીજેણે, સર્વનૃપનોદર્પ
હરીને. કોદંડભાગ્યુંતેણે. ૧૪ તેરામનેતું સીતા સોંપી, જઇને ચરણે લાગ્ય; કરી
વિનતીદીનવચનથી, અભેદાનતું માગ્ય. ૧૫ શરણાંગતવત્સલછેરઘુપતી, નહિ
જુવેઅવગુણતારા; માટેસુણરાવણએપરમહીતકારી, બોલમાનજે મારા, ૧૬ જે
મઅવધકટુલાગેપણ, ટાળેમુળરોગનીરવાણ; એમદમણાંકડીણલાગેમુજ વાયક,
પરીણામેકલ્યાણ. ૧૭ આસવેમળ્યાછેકબુદ્ધિતમને, કરશે વિપરીત પેર; અલ્યા
જાણીજોગનેમુરખરાવણ, શીદખાયજેઝેર. ૧૮ એમવણાંવચન વિભિષણે કહ્યાં,
તેનાતીનાંજનીવાર; ત્યારેપ્રધાનઆદેઇંદ્રજીતતે. ચઢીયોક્રોધઅપાર. ૧૯ અલ્યા-
વીભીષણતું બોલવીચારી, ડહાપણજાણ્યુંતારૂં; શું કરીએજેરાજ્યમંછુછે. નીક
ળવડાંમારૂં; ૨૦ અલ્યાવહાલોથઇનેવેરવધારે, જાતું નારેવેર; જીવતોમુકીએ જા-
ણીજોઇને, નહીતોહણીએઠેર ૨૧ રાવણનેકહેજુવોવાતમઝધુ, કેવળ કરેછે કુડું;
શતરૂનીપક્ષકરીનેબોલે, આપણુંઇચ્છેભુંડું. ૨૨ ત્યારેકહેવિભિષણમોસરવ મ
ળીને. રાવણનેકર્યું ભ્રષ્ટ; રાજખોળવાબેઠાછો, ઉપજાવિકુબુદ્ધિસ્પષ્ટ. ૨૩ અલ્યા
પ્રધાનરાયનેનીયમેરાખે, ગજનેઅંકુશએક; મંત્રનાગનેજ્ઞાનચતુરને, જ્ઞાનીને વિ
વેક. ૨૪ સ્ત્રીનેલજ્જાસાધકનેગુરૂ, સમુદ્રનેમરજાદ; એમરાયનેનીયમેરાખે, નીશ્ચ
પ્રધાનરહીતપ્રમાદ. ૨૫ હવેતારૂરાજનહીરહે, રાવણનીઅયેસાક્ષુંમાનઃ તેનેસંગી
સરવેદુષ્ટમળીયા; જેમવરકનીપાસેશ્વાન. ૨૬ એવાવચનસુણીને રાવણ ઉઠયો
ક્રોધકરીનીરધાર; ડાબાપગનીપાટું મારી. વિભીષણનેતેણીવાર ૨૭ અરેમુરખ
રામનિપક્ષકરેતો, જાતું તેનિપાસ; બાંધોમારો એવું કહિને. દેખાડયો બહુ ત્રાસ
૨૮ ત્યારેતેણે સભેમુકાવ્યોઆવીરાવણકેરીમાત; અરેપુત્રતું રામ શરણજા, નહી
તોકરશેઘાત. ૨૯ ત્યારેરાવણકહેજાઅહિંથી. નાઠનથીઅમારેકામ; ચાહવીછે લા-
જેરૈન્યજા, શું કરશેતારોરામ. ૩૦ એવું સાંભળીવીભીષણઉઠયાતત્ક્ષણતેણીવાર
ચારપ્રધાનપોતાનાસંગે, લીધાતેનીરધાર. ૩૧ રાવણનેકહેવિભિષણ, તું છેમારો
ભ્રાત; માટે તુજ આજ્ઞાથીઅમોજાઉછું, રામશરણશાક્ષાત. ૩૨ એવું કહીવિભી

સંગુચાલ્યા, લેઇપોતાનાપ્રધાન; જેમકાયાછોડીપંચપ્રાણ, તેજાયજથા અવસાન.
૩૩ જલપાંતેમરાપુતમળે, જેમસ્વરૂપમાંનીરધાર; એમવિભીષણત્યાંથીઉઠી ચા
લ્યા. સાથે મંત્રીચાર. ૩૪ જેમવાયશકેરામેળામાંથીઉઠીજાયમરાળ. ખળનીદિ ક
રીમંડળીમાંઉઠિશાધુદયાળ. ૩૫ એમચારમંત્રીશુચાલ્યા વિભીષણ, રામશરણ
નીરધાર; ઉડ્યાપંથકિધાપાંચેજણ, આવ્યાસીંધુપાર, ૩૬ પૃથ્વીઉપરઉતરીઉ
ભા, સૈન્ય તણેપ્રદેશપંચેરાક્ષસનેજોઇનેભયપામ્યા કપીઅશેષ ૩૭ ॥ વલણ ॥
અશેષવાનરભયપામ્યા, જોઇરક્ષસદેહદીર્ઘઘણી. પછેવિભીષણકરજોડીનેઉભા ક
રેવિનતીકપીવરતણી. ૩૮ ॥ ઇતીશ્રીરામચરીતરેસંમતવાલ્મિકીનાટક ધારાય
સુંદરકાંડે રાવણે વિભિષણાઅપમાનાતશ્રીરામચંદ્રશરણાગમનંનામ સપ્તદ-
શાધ્યાય ૧૭. અધ્યાય ૧૮.

॥ રાગ ધનાશ્રી ॥ વાનરદીઠારાક્ષસપંચજી, જાણ્યુંએઆવ્યા કપટના કરી
સંચજી; કર્યોસૈદ્ધાયાવૃક્ષપાષાણજી, ત્યારે વિભિષણ, બોલ્યા જોડી પાણુજી. ૧
॥ ઢાળ ॥ પાણુજોડીબોલ્યાવિભિષણ, સુણો સહુકપીકરણ; હુંકનીષ્ટબંધુરાવણ
કેરો. આવ્યોરઘુપતિશરણ ૨ હો કપીતમારાપાયેલાગું, તમેસહુકોહો રઘુવિન
ના; પતીતપાવનપદકમળ તે. દેખાડોરઘુવીરના. ૪ મુજકાઢી મુકયોરાવણ, તેક
શે પ્રભુનેકહુ; હું આવ્યો રાક્ષસકપટથી, તોશ્રીરામકેરીઆણ. ૪ મેળવો મુને
સીતાવલ્લભ, જેનુંધ્યાન શીવબ્રહ્માધરે; વેદવાગીશવિનાયકજેનું, સ્તવનશેષસનક
કરે. ૫ કોટીબ્રહ્માંડધારીજે પ્રભુભક્તમાટેઅવતર્યા: લીલાવીગ્રહતન ધર્યું છે. ભાર
ભુતળનાહર્યા. ૬ અજઅજીતઆત્મારામવ્યાપક, નિર્ગુણએકનીપક્ષ: તત્વમ
શીપદમેગત્રી, વેદાંતકહેછેબ્રહ્મ. ૭ વ્યાકરણસાધેશબ્દને; નીચે કરે છે રૂપને;
જેનાનામનાકરેઅર્થ અગણિત. દેખાડોરઘુકુળભુપને. ૮ પાતાંજળીચાષ્ટાંગયોગે,
આત્મકરીપામેજતી; કલ્પનારંજનજેરૂપને, તેદેખાડોસીતાપતી ૯ પ્રકૃતિપુરૂપને
વિવેકકરે, સાંખ્યતત્વાતીત; તેદશરથાત્મજમેળવો જે, અખંડ એકઅજીત. ૧૦
મીમાંસકજેકર્મમારગ, થઇજ્ઞમેયજ્ઞને, તેમેળવોમિત્રકુળભુષણ, શ્રેષ્ઠમાનેકર્મને
૧૧ ન્યાયકહેએકઇશ્વર કરતા, પારનજડેજીવને; જીવઅનેકતેઅજ્ઞાની, નથીજા-
ણતાતેશિવને. ૧૨ તેમળવો મુનેઅવધપતિ: અજરાજપુત્રકુમાર; જેના ભક્તિ
કરતાંભવતરે, જનએહ્યપામેસાર ૧૩ એવાંવિભિષણતાંવચનસુણી, થયાચકીત
કપીવરમાત્ર; તતકાળઆવ્યાખબરકહેવા, જ્યાંછે સામળગાત્ર. ૧૪ સમુદ્ર કાંઠે
સભાકરીને, બેઠાશ્રીરઘુવીર, અગ્રાજુથપતિસુગ્રીવ, આદેમુખીત્રી રણધીર, ૧૫
મહારાજરાવણતણોઅંધુકનિષ્ટવિભિષણજેહ; અતીદીનથઇકરેવિનતી, તમશ-
રણઆવ્યોતેહ. ૧૬ એવુંસુણીજોયુંસુગ્રીવસામું, રઘુવરેતેણીવાર; વિચાર કરી

રગુવીરસાથે, બોલ્યોઅંકકુમાર, ૧૭ એરાવણબંધુકપટકરી, અહા આગ્યોહોય આજ; કંદગોઆપણશું કરે, ત્યારેશુંકરીયેમહારાજ. ૧૮ જાંબુવાનકહેપ્રભુશ્રરણ; આવ્યોશુદ્ધચીત્તજેહ; ત્યારેપોતાનોતેનેકરોછો. બિદતમારૂએહ. ૧૯ અંગદ કહેએવાતખરીપણ, તેડાવોએનેપાસ; એનેબોલાવીલ્યોપરિક્ષા, પછીકરોચરણ નેદસ ૨૦ સુખેણકહેસમોકકીણછે, માટેકરોવીચારીકામ; એરાક્ષસરાવણતણો બંધુઆવ્યે આણેકામ ૨૧ એમકરવામાંડ્યાતર્કબહુ બુદ્ધિતણે અનુસાર; પછી સેવટીયેકરીગર્જના, ત્યાંબોલ્યાપવનકુમાર. ૨૨ હનુમંતકહેહુ ગયોતો, લંકામાં એનેઘેર; આચરણશુભછેએતણાં, હુંજાણું સરવેપેર. ૨૩ તમાઅસુરદેખોઉપર થી, માંહેપરસાધુઇષ્ટ; જેમફણસકંટકનું ભર્યું, અંત રમધુરસ્વાદીષ્ટ.૩૪ બરદ તમારૂંશરણવત્સલ, વજરપંજરરૂપ; માટેપાસેતેડીભક્તને, કરોઅભયરવાં કુળ ભુપ ૨૫ એવાંવચનશુણીહનુમંતનાં, થયાંચિત્તસરવનીશાન્ત; જેમઇતરશાસ્ત્ર નાતકમાં, નીશ્ચેકરેવીદાંત. ૨૬ શ્રીરામચંદ્રેકરીઆજ્ઞા, અંગદનેનીરધાર; ત્યારે તેડીલાવ્યાવિભીષણને, કરગ્રહીતેણીવાર. ૨૭ વીભીષણે દીઠા રામને, થયો સજળલોચનત્યાંહે રગુવીરચરણેશીશમુકી; પડ્યોપૃથ્વીમાંહે. ૨૮ લંકેશઆવ્યોએવું કહીને, હરખ્યાશ્રીજગદિશ; કલ્યાણદાયક અભેકર, કરમુક્યોએનેશીશ. ૨૯ પછેકરગ્રહીઊઠાડીયો, ચાંપ્યોઊરેભગવાન; આશીષ દીધી વિભીષણને.અતી આદરમાન, ૩૦ જ્યાંલગીરવીશશીતપેધરણી, લોકનથસમાજ; તુંચીરંજીવી ત્યાંલગી, કરજેલંકાનુરાજ. ૩૧ જેમઅંજનીસુતચરણજીવી; તુંપણએવોજાણ; એમપ્રસન્નથઇજાનકીવલ્લભ, બોલ્યાવચનપ્રમાણ. ૩૨ પછેલક્ષમણ ભેટ્યા વીભીષણ, જુથપતીનેત્યાંય; પુષ્પવૃષ્ટીકરીદેવે; દુંદભીનભમાંહે. ૩૩ પછેરામ સનમુખરહ્યાઉભા, વીભીષણતેણીવાર; જુગહસ્તસંપટગીરા, ગદ્ગદસ્તુતીકરતાસાર. ૩૪ ॥ વલણ ॥ સારસ્તુતીકરતાવીભીષણ, જોઈને જગપ્રાણરે. કહે દાસગીરીશ્વરસુણો શ્રોતા, થાય પરમ કલ્યાણરે. ૩૫ ॥ ઇતીશ્રીરામચરીત્રેસંમત વાલમીકી નાટક ધારાયાં સુંદરકાંડે શ્રી રામચંદ્રે વીભીષણ શર્ણાગીકર્ણનામ અષ્ટાદશો અધ્યાયઃ ॥ ૧૮ ॥

અધ્યાય ॥ ૧૯ ॥ રાગ છંદ ॥ જયરામરાજીવનનયન, કરૂણા અયનજન સુખદાયકં; દુખદવનસીતારવનમંગળ, ભવનત્રિભોવનનાયકં. ૧ જયશામસુંદસુભંગતનઘન, કોટીમામપ્રભાહરેશીરજટામુગટવીશાળભુજ, કોદંડશર ભાથા ધરે. ૨ જય અરૂપઅદ્વેતબ્રહ્મનિરગુણવાણીમનપોહોચેનહી;તેભક્તકારણ શગુણ તનુધરી, ભારહરવાનેમહી. ૩ કોદંડખંડમયંકનીશીચર, તાડીકાદિની હરણં; વનગમનસીતારવન, પદરજકોટીજીવઉદ્ધારણં. ૪ જયસચ્ચીદાનંદબ્રહ્મપુરણ,

અજનજીતઅનમયં; અખાડવ્યાપકરૂપઅગજગ; સુરણ નીરગુણઅભયં. ૫ સુરભ્યંધદક અસુરબંદક, પંથવેદકપાલયં, જયશરણવત્સલદીનબંધુઅભયકર કરૂણાલયં. ૬ જાણુંનહીજગજીવનમને અજ્ઞાનેકરીઆવર્યા, જેકામક્રોધમદકલ્યા મુરખમોહમાયાનાભર્યા ૭ ભવયોનીનાહાવાબ્રમતનીશદીનકાળકર્મગુણે કરી, નવપામેતેવીશ્રામસુખતવચરણશરણવીનાહરી ૮ કરી આનાદરતવ ભક્તાનો જેવીનતીજ્ઞાનસહાવહે, સુખરહીતકેવળઊગરેશ્રમમંદભાગીવીબુધકહે. ૯ ભક્તી તમારી અંગનવયુતપ્રેમેસહીતકરેસદા, સુખસ્વર્ગભુઅપ વર્ગતુલના અવરનવ આવેકદા. ૧૦ જે પદઅનંતઅનંગઅજશીઅમરઅજનીતસેવતા, ત્રૈલોકયપાવ નજળવીમળજેથંગપદનખનીગતા. ૧૧ જેરમાકરલાલીત્યપદાંબુજધ્યાનમાં જે ગીધરે; મમશીષપામ્યુંચરણતેપદઅભયદાનકીધુંકરે. ૧૨ મમતામસીયોનીઅધમ તનમલીનમનથીભ્રમહરીઃકોણજન્મસંચીતકર્મફળપ્રભુઅંગીકૃતકરૂણાકરી. ૧૩ અહોનાથતવગુણગણનીરમળશ્રવણકીરતનજેકરે; તજીત્રાસ રહીત પ્રયાસભવ જળવત્સપદહવનેતરે. ૧૪માગુહવેવરનાથજોડીહાથહરીતમનેકહું; જન્મોજનમત વહાશધરચરણશરણસદારહું; ૧૫ા દોહા ાાવીભીષણની એવીસ્તુતિ સુણીપ્રસન થયા રગુનાથ; ભુજ ભરીભેટયા ફરી ફરી, મુસ્તક મુકયોહાથ. ૧૬ ઇતીશ્રીરામ ચરીતરે સમંતવાલમીકીનાટકધારચાંસુંદરકાંડેવીભીષણકૃતાશ્રીરામચંદ્ર સ્તુતી નામએકોનવીંશોઅધ્યાયઃ ાા ૧૯ાા

અધ્યાય ાા ૨૦ ાા રાગ આશાવરી ાા વીભીષણની એવી સ્તુતી સાંભળી, બોલ્યા શ્રીરણધિર; જેવાઅમોછું ચારબંધું, એમપાંચમો તું મુજવીર, ૧ પછી હનુમંતપાસે મંકાવરાવી, વેળુતણીતણીવાર; ચારસમુદ્રનુંનીરમગાવ્યું, ક્ષણ ન લાગીવાર, ૨ પછેવીભીષણનેઅભીષેકકરીને, આપ્યુંલંકાનુરાજ; રાજ્યતિલક સ્વહસ્તેકરીને, બોલ્યાશ્રીમહારાજ. ૩ હવેલંકામાંઅવીચળકરજે એવુંકહ્યુરગુરાય; દેવદુંદુભીનાદકર્યાને, પુષ્પનીવૃષ્ટીથાય ૪ ત્યારેતેણેસમેત્યાં સુગ્રીવકહે, એકસુણોવીનતીરામ, લંકાઆપીવીભીશણને;તેકર્યુંવગર વીચાર્યુકામપકહાપીરા વણશરણઆવશે, સીતાનેલેઇઆજ; ત્યારેરાવણનેશું આપશોવળતીકહોમુજને મહારાજ. ૬ ત્યારેરગુપતીકહેજોરાવણઆવશે, શરણાંગતકરીહેત, ત્યારેમારીઆયો ધ્યાઅ પીશએનેવૈભવરાજસમેત. ૭હું કરીશતપવનમાંજઇ, રાજકરશેરાવણરાય; પણવીભીશણનેજેલંકાઆપી, તેમીથ્યાનવથાય. ૮ એવાંવાયકસુણીપ્રભુનાંથયો ગદગદસ્વરવેસાથ; ધન્યધનસહુદેવજકહેછે, સત્ય વચનરગુનાથ. ૯ પછે સ્વસ્થ થઇનેબેઠાસરવે, સભાકરીતેઠામ; ત્યારેમધુરવચનથી પુછેવળતા, વીભીષણનેશ્રી

રામ. ૧૦ કહોકેમકરીશિંધુંશતજોજન, ઉતરીએહેલીપાર, કાંઇઊપાય હોયતે મને. કમોવોશ્વશ્રવાનાકુમાર ૧૧ ત્યારેવીભીષણકેહેકરીમાથંના, તમો શીંધુતણીમહારાજ; આપેમાગજોજળનીધિ; ત્યારેથાયઆપણુંકાજ. ૧૨ત્યારેસાગરની પુજાકરીરામે, પ્રારથનાકરેછેરગુવીર; દરભઆસનપરબેઠાપોતે, સીંધુંકેરિતીર. ૧૨ ફળજળવરજીતનીરાઅહારસહુ બેઠાત્રકમોઝાર; એમસાગરની પ્રારથના કરતા, પોતેજુગદાધાર. ૧૪ એકરાવણકેરોહુતઆવ્યોહતો, શારદુલનામેત્યાંહે; તે સરવે ચરચા જોઇ ગયો પાછોલંકામાંહે, ૧૫ રાવણનેકેહેરામઆવ્યાછે, જળનીધીકેરીતીર: કપીનુસેન્યઅહરમીતછે. ત્યાંભજ્યોતમારોવીર. ૧૬ લંકાઆપી વીભીશણને, કરયુંરાજતીલકનીરધાર; એવીખબરસાંભળીરાવણમનમાં,પામ્યો ખેદઅપાર. ૧૭ ત્યારેશુકનામેએકઅસુરહતો, તેમોલાવ્યોરાવણરાય; તુંસાગર પારજઇકહેસુગ્રીવને, જેમીત્રઅમારોથાય ૧૮ તારેસીતાનુંશુંકારણછે. તું,જાને તારેઘેર; એરામનેઅરથેરાવણસાથેશાનકરેછેવેર. ૧૯ એવાવચનસુણિ શુકરૂપ થઇને, આવ્યોસૈન્યામાંહે; છાનોરહિનેકહેવાલાગ્યો, સુગ્રીવબેઠાજ્યાંહે. ૨૦ તુ ભઇન્યાસર્વેલેઇનેસુગ્રીવ, જાકીષ્કીંધાગામ; રાવણતુજનેમીત્ર માનશે શું કરશે એરામ. ૨૧ તુંપક્ષકરીનેશીદઆવ્યો, તારેસીતાનુંશુંકાજ; જોવચનઅમારૂંનહી માનેતો, મારીશતુજનેઆજ. ૨૨ ત્યારેસુગ્રીવેતેનેઝાલ્યોતતક્ષણ, પ્રગટયોઅસુર મહાકાય; પછેમારવાલાગ્યાવાનરસરવે, મુષ્ટીપદનાઘાય, ૨૩ ત્યારેપોકારકર્યોઅસુરે, મુજનેછોડાવો શ્રીરામ; ભાઇજાવાદોએનેમારશોનહી,એમબોલ્યાપુરણકામ. ૨૪ તેનેમુકીદીધોતેજતાંનભબોલ્યો. વાંકાંવચનતેદીશ; તેને ઝાલીને બધિખાનેનાંખ્યો, ચઢીઅંગદનેરીશ. ૨૫ હવેત્રણદીવશવીત્યારામમાગે,મારગસીધુ પાસ: પણમાગનઆપ્યોજળનિધીએ, છેઉપવાશીઅવિનાશ.૨૬ ત્યારે શ્રીરગુપતિએ વિચાર્યું મનમાં, થયો એને મદ નીરવાણ; આજ સરવે જળ સોસું એનું, જાતવેદનું બાણ. ૨૭ પછે કરોધકરી કોડંડ ચઢાવ્યું, શરકીધો સંધાન; મંત્રબ્રહ્માસ્ત્રનોથાપ્યોતેનેમુખ, કોપ્યાશ્રીભગવાન. ૨૮ તેણેસમેસીંધુ તપ્તથયો, અકળાયાંજળચરજાત;સરિતાસહિતધરીરૂપત્યાંઆવ્યો, રામશરણવીખ્યાત. ૨૯ જળનીધીઆવીચરણેલાગ્યો. જોડીનેજુગહાથ; પાહીપાહી શરણાંગત વત્સળ, શ્રીપતીશ્રીરગુનાથ. ૩૦ તારે રગુપતીકહેઅલ્યાઅભીમાની, તે ન માને દીધા વીન માર; હવેચાપચઢેલુંબાણજપાછું, નહીઉતરેનિરધાર. ૩૧ માટે અમોઘ બાણએમારૂં, જ્યાંમુકું ત્યાંપ્રલયથાય; તારે કરજોડીઅંબુનીધિબોલ્યો, સુણીએ શ્રીરગુરાય. ૩૨ એક પશ્ચિમદેશમાંમરૂદઇતરહેછે, પિડેગોદ્વિજસંત;વનીઉપર એબાણમુકો, તેપાપકરેછેઅનંત. ૩૩ તવશ્રીરામેઅગન્યાસ્રબાણતે, મુકયું પ-

સ્થિમહેશઃશાર છેહનુતેર રૂદ્રનુ, પૂરતીપડીયુંઅરા. ૩૪ પડતામાંજાગા સરવે
સોપ્યું, પૂષ્વિતણું નિરધાર; પછી દંગ નરચોતેમારવાડનામે, અચાપો ઉંડું વાર.
૩૫ તેદેશમાંજાગાસ્વલ્પરહ્યું. ૫ ગ્રસફળસારહેવૃક્ષ; રામબાણનો મહિમા જોજો,
જનુએછેપરતક્ષ ૩૬ પછેદીવ્યરત્નચડેપુજાકીધે, જળનીધિએરગુવિર; અનેક
વસ્ત્રઆભુશણઅરપ્યાં, સંતોષ્યારગુવીર; પછેમુતાફળનીથાળભરિને. વધાવ્યા
સીંધુયેરામ;સ્તુતિઅપારકરીક્રોધસમાવ્યો, પ્રસન્નકર્યાતેરામ. ૩૮ ત્યારે સહુ
કપીયપ્રાર્થનાકીધિ રગુપતીનાતેણિવાર; કૃપાનાથએપટઆભુશણ, તેકરો અં-
ગિકાર. ૩૯ સંગ્રામમાવનકુળઘટેનહીં, માટેધરીયેએહઃ ત્યારે ભકતવચનપાળ-
વાને, શ્રીરામેપહેર્યાં તેહ. ૪૦ મણિમયમુગટ મનોહર કુંડળ, અંગ દંકણહારઃ
લક્ષમણને વળી પહેરાવ્યાં, ઘણું શોભ્યા દેવમોરાર. ૪૧ એમ અંગીકાર કરી
સાગરકેરી, પુજ્યાશ્રીરગુરાય; દેવેજયજયકાર કર્યાને, પુષ્પનીવૃષ્ટી થાય. ૪૨
॥ વલણ ॥ પુષ્પવૃષ્ટીવરસાવેદેવતા, કરતાજયજયકારરે; પછે સરવે સાંભળતાં
સાગરપ્રત્યે, બોલિયાજુગહાધારરે. ૪૩ ॥ ઇતિશ્રીરામચરિત્રેસંમતવાલ્મિકીના-
ટકધાંરાયાંસુંદરકાંડેશ્રીરામબાણત્રાશીતસમુદ્રેણ શ્રીરામપંદ્રયર્ણં નામ વીશમો
અધ્યાયઃ ૨૦ ॥

અધ્યાય. ૨૧

॥ રાગધનાશ્રી ॥ સાગરપ્રત્યે કહે રગુરાયજી, હવે લંકાંજવાનોકહો ઉપા-
યજી; સિંધુબોલ્યોસુણોમહારાજજી;મુજપર બાંધોપાશાણનીપાજજી. ૧ ॥ઢાળ॥
પાજબાંધોપાશાણની,ઊતારોપેલીપાર; નળવાનરને કર વરથકી, તરશેઉપર
નરધાર. ૨ એ બાળપણમાંનળકપી, રહેતોહનો વનમાંહેઃ માતંગઋષી નીત
આવતા, પંપાસરોવર જયાંહે. ૩ મુનીસ્નાનકરીનેવસ્ત્રધોતા, શીલા ઉપર જેહ;
નળકપીઆવીનાખે રહીને. દુરજળમાંતેહ. ૪ વળીમુનીખોળીકાઢતા, નળના-
ખતોનીતમ ; માતંગઋષીયકરોધકરીન, શાપદીધો એવ. ૫ નળનેહાથેપાશાણ
તરજો, જળવીષેનીરધાર; તે ઋષીવચન મીથ્યા નહીં, છે સત્યજુગહાધાર. ૬ તે
માટેનળનેહાથેબંધાવે, સુવેણું લગાપાજ;અન્યસહીત શતજોજન સીંધુ, ઉતારો
મહારાજ ૭ પછાઆજ્ઞામાગીઅદ્રશ્ય કહી, થયોસાગર અંતરધ્યાન; ધન્ય ધન્ય
કહીનળનેબોલાવ્યો, પાસેશ્રીભગવન. ૮ આઇતારેહાથેતરેછે, પાશાણજળમાં
જેહ; માટેઆપથઇનેસીંધુઉપર, પાજબાંધોએહ. ૯ એવા વચનસુણીસહુકપી-
વરને, સગ્રીવેઆજ્ઞાકરીઃ ગીરીલાવતાકરીગર્જનાઅહિ, હસ્તઆશીરપરધરી. ૧૦
નળેબાંધવામાંડી, સીંધુઉપરત્યાહેઃ તુંબીફળવતતરેજળમાં. સ્પર્શ કરતાંમાંહે.
૧૧ જેમસિદ્ધમંત્રપ્રયોગેસાધકથાયછે બળવંત. ૧૨ એમનળનાકરસ્પરશથી
જળમંતરેપાશાણ; સહુકપીવરલાવેગીરિ, કરેગરજનાસુબાણ. ૧૩ વાનરપક્ષ

અઢારછે, વળરીંછબોતેરકોટી; છપનકોટીગોલાંગુળજેનીકાયાબળવંત મોટી.
૧૪ જળમાંહેસરવેમુકતા. ગીરીશીખરલાવીત્યાંહે; નળસ્પર્શકરકર હેતો. જા-
યસાગરમાંહે. ૧૫ સઉ નાથજિલાવેઅધીક ગીરીશીખર પવનકુમાર; વાલ્મિક
ગણનાકરીછે, તેકહું કરીવિસ્તાર. ૧૬ ચારલક્ષગીરીપુંછેવીંટચા, શીરઉપરખ-
ટલક્ષ; બેલક્ષતેબેહાથમાં, એમલાવતાપરતક્ષ.૧૭ કંઇઅગલમાંકાંઇકંધઉપર,
લાવતાબળવંત; આશ્ચર્યપામેરગુપતિએમ, જોઇ બળ હનુમંત. ૧૮ અભીમાન
નળનેઆવિયુંજે, થયુંમુજથીકાજ; ત્યારેપ્રથમદિવસેઆઠજોજન,બંધાઇતેપાજ
૧૯ તેરાત્રીયેએકમચ્છઆવ્યો, પાજસરવગળીગયો; પ્રભાતેજુવેતાકંઇન દીઠું,
શોકસરવેનેથયો.૨૦જાણ્યુંપાજભાગીરાવણે,તેજણાવ્યુંશ્રીરામને; હામરાજશ્રમ-
મીથ્યાગયો,કાણેવણસાઢયુંએકામને.૨૧જેવરૂણનોઅવતારછે, જેનુંશરભવાન-
રનામ; તેનેકહ્યુંતુંશોત્રકર, એમબોલીયાશ્રીરામ. ૨૨ તેપ્રવેશ્યે.સાગરવીષે, લા-
વ્યોઝાલીનેબેમચ્છતેણેકહ્યુરગુનાથને, રેગળીગયોઅમવચ્છ. ૨૩આશ્ચર્યપામ્યા
એમસુણી, પછીકહ્યુંતેનેરામ; ત્યારે મચ્છ લાવ્યાપાજ વળીસ્થાપનકરાતે ઠામ.
૨૪ મચ્છે કહ્યુ રગુવિરને અમો, પાજ તક્ષે રહી શું તદા; ત્યારે રહેશે ઠામ
નહીતો ગળી જશે જળચકતદા. ૨૫ એવું સુણીને નળતણું, વળતું ઉતર્યું
અભીમાન; ગર્વ ગંજન કર્યો તેનો, લીલા હરી ભગવાન. ૨૬ બાધવા માંડી
પાજવળતી, નળેમુકીગર્વ; હનુમંતઆદેલાવતા, મહાપ્રૌઢપરવતસર્વ. ૨૭ કેટ-
લાકકવિકહેછેલખ્યું, પાષાણઉપરરામનામ; પણએઅસંભવવાતછે,નવકરેએવુ
કામ. ૨૮ સહુકપાઉપાસકરામના, મહાઅનન્યકહીયેજેહ; રામનામઊપરચરણ
મુકી, કેમચાલેતેહ. ૨૯ માટેશ્રોતાજનસહુસાંભળો,સંદેહનીવરતુંએહ; હનુમાન
નાટકમાંકહ્યુંછે, કહુંજથારથતેહ. ૩૦ મુખેરામનામસ્મરણકરી, નળમુકતો પા-
ષાણ; તેણેકરીનેપરસ્પરતે, જોડયાનીરવાણ. ૩૧નાનામોટાનિચાઊંચા,વક્રગીરિ
તેકાળ; શ્રીરામનામપ્રતાપથી, બેઠાઅરોબરઢાળ. ૩૨ જેમહોયચોકજડાવગારસ
ઊપરચોંટચાએમ; એમપાંચદીવશેપાજપુરણ, થઇકુશળક્ષેમ. ૩૩ શતયોજન
લાંબીસત્તરપોહોળી, એકજોજનઊંચીત્યાંહે; નળેઆવીપ્રણામકીધો, રામ બેઠા
જ્યાંહે. ૩૪ ॥ વલણ ॥ બેઠાજ્યાંશ્રીરગુપતિ, આવીનળેકર્યોપ્રણામરે, પાજપુર
ણથઈજાણી, પ્રસન્નથયાશ્રીરામરે. ૩૫ ઇતિશ્રી રામચરીત્રસંમતવાલ્મિકીનાટક
ધારાયાંસુંદરકાંડેસમુદ્રોપરીસેતુબંધનંનામએકવીશમો અધ્યાયઃ ૨૧ ॥

અધ્યાય ૨૨ ॥ રાગ ॥જ્યારેબંધાઇપુરણપાજ,ત્યારેપ્રસન્નથયારગુરાજ;
શિવસ્થાપનકીધુંરામ; તેનુંરામેશ્વરછેનામ. ૧ ત્યાંતેડાવ્યામુનિઅનેક, રામેકર્યો
શિવનેઅભીષેક. ૨ એમરામેસ્થાપ્યાશિવજેહ, સેતુંબંધુરામેશ્વતેહ; પછે સુગ્-

તાંસરવસભાય, પોતેબોલિયાશ્રીરઘુરાય. ૩ મમસ્થપનાઆમહાદેવ, કોભાવેકરે
એનાસેવ; તેતોમનવાંછાતફળપામે, કોટીજનમનાકિલવીશવામે. ૪ ચઢાવેગંગા-
જળલાવીજેહ, ચારપદારથપામેતેહ; જેરાખેશીવઉપરસ્નેહ, મનેઘણોવહાલભજન
તેહ. ૫ રાખેમુજથું અનન્યઆશકત, શિવદ્રોહકરેમમભકત; નાથઉપસનતેનેકો
કાળ, તમાગુનેગણુંચાંડાળ. ૬ એમશ્રીમુખેશ્રીરઘુવીર, બોલ્યા વાણી પ્રફુલ
ગંભીર; પછેરામેશ્વરનેકરીનમસ્કાર, સેતુપરચઢયાજુગદાધાર. ૭જયારેસુગ્રીવ
વિભીષણેકરીવીનતીહનુમંતસ્કંધેબેઠારગુપતી; અંગદઉપરસુતીત્રાકુમાર, ચા-
લ્યું સકળસેનતેણિવાર. ૮ દેછેકપીએકએકનેસાદ, વજાડગાલકરેસીંહનાદ; કુદે
ઉછળેપાડેચીસ, કપીદળજોઇહરખ્યાજુગદીશ. ૯ વ્યાપ્યોવિશ્વમાંહે ભુભુકાર,
ચાલ્યું કપીદળપુરઅપાર; જયેરામસઇન્યાભગવાન, જુવેદેવ ચઢીને વિમાન ૧૦
સમાતાનથીપાજમોઝાર, કુદેઆકાશમાંતેણિવાર: મુકેએકએકશીરપરથાય,એમ
ઉછળતાકપીજાય. ૧૧ કપીરીંછભાલુમરકટ,ચાલેચેતુઉપરસંઘટ; કરમાંગ્રહ્યાંતરૂ
વરપાષાણ, કુદેકપીકરતાબુમાણ. ૧૨ પાજઉપરસઇન્યનમાય રામરાવણજીતવા
જાય; ચારઘટીકામાંતેણીવાર, સઇન્યઉતર્યું પેલીપાર, ૧૩ આવ્યા સુવેળુએ શ્રી
રામકર્યોમુકામ તેણે ઠામઉતર્યું સરવસઇન્યનેહાર, દશયોજનમાંવીસ્તાર. ૧૪
રામસુવેળુઆવ્યાજ્યારે, લંકાંનગરખળભળ્યું ત્યારે; શુકનેરાખ્યાતોબંધનઠામ,
તેનેછોડાવ્યોશ્રીરામ. ૧૫ વંદિરામચરણતેણીવાર, ગયોઅસુરતે લંકા મોઝાર;
રાવણનેકહ્યુંસહુવર્તમાન, રામસઇન્યાતણોઅનુમાન; ૧૬ મળ્યોસાગર મુરતી-
મંત, સેતુબંધાવિર્યોભગવંત: એમપાર ઉતર્યારામ, સુવેળુએકર્યોછેમુકામ૧૭
તમારેસંદેશોજેહ, મેં કહ્યોશ્રીરામનેતેહ, નવચાર્યોરવીપુત્રલગાર, મને બાંધિને
માર્યોમાર. ૧૮ ત્યારેમું બ્યોશ્રીરગુવીર, મહાદયાળુછેશ્યામશરીર; માનોમારૂસત્ય
વચન, આપોજાનકીહેરાજન. ૧૯ તમથીરામનહીજીતાય, જાઓશરણતોમહા-
સુખથાય; એવાંવચનસુણ્યાંદશશીશ, ત્યારેચઢીમનમાંરીસ. ૨૦ મુંરખ શત્રુનાં
કરે વખાણ; અલ્યા હવડાં હરીશતુજમાણ; એવું કહી પછે રાવણસુર, તેડયો
શુક સારણ જે અસુર. ૨૧ અલ્યા સમાચાર જઇ લાવ્યા, સઇન્યાની ના
કરી આવ્ય; જોજે મુખ્ય જોદ્ધા છે કોણ, તેનું કરી આવો પ્રમાણ. ૨૨ એવાં
વચનસુણીનેએશ, આવ્યોધરીવાનરનોવેશ; જોતો સઇન્યમાં ફરતો એહ, ત્યારે
વીભીષણેઓળખ્યોતેહ. ૨૩ ઝાલ્યોકપીએતેણીવાર, તેનેમારવામાંડયોમાર;લેઇ
ગયાતેરામનિપાસ, ત્યારેહશીનેપુછેઅવીનાશ. ૨૪ કહેભાઇતું અહીં કેમઆવ્યો
શામાટેકપીનોવેષલાવ્યો; શુકસારણકહેમાહારાજ, મનેરાવણેમોકલ્યોઆજ. ૨૫
જોવાસઇન્યસકલસમુદાય, તેનીકરવાનેગણનાય; રામકહેસુણોકપી તજી ગર્વ,

એનેસઇન્યદેખાડોસવ. ૨૬ કોઇમારશોનહીઅન્યાય, દગદેખાડીનેકરો વાંહાય; પછે જોઈ સકળ દળપુર, ગયો લંકામાંતે અસુર. ૨૭ સોળમાળનુંગોપુરજેહ, છે કનકમણિમયતેહ; અરધજોજનમાંવિસ્તાર, જાણેરત્નતણોગિરિસાર. ૨૮ તેનીઉપરઅસુરભુપાળ, બેઠોસભાકરીનેકાળ; ત્યાંઆવ્યો શુકસારણદુત, જોઇ રામસન્યાઅદભુત. ૨૯ ત્યારેરાવણ તેનપુછે, કહેકપીનું શેન્ય કેટલું છે; તેમાં કોણકોણછેજોધ, મુજશું કરેરણમાંવિરોધ. ૩૦ ॥ વલણ ॥ વિરોધકરેમુજસાથે જોધાએવા, કોણછેત્યાંબળવંતરે; ત્યારેવચનશુણીરાવણતણાં, બોલ્યોશુકસારણ ગુણવંતરે. ૩૧ ॥ ઇતિશ્રીરામચરિત્રેસંમતવાલમિકીનાટકચારાયાંસુંદરકાંડેસેતુંબંધેરામેસ્વરસ્થાપનાનંતરંશુવેલ્લુપર્વતેશુંકશિક્ષાકથનંનામદવાવીંશતીતમો અધ્યાયઃ ॥ ૨૨ ॥

॥ અધ્યાય ૨૩ ॥ રાગબિલાવરચોપાઇ ॥ શુકસારણકહે સુણોહોરાય,કહું તમનેકપીદળનીસંખ્યાય; જુવોપેલોસુગરીવકપીનોઇશ, શોભેછે સ્વેતછત્ર જેને શીષ. ૧ કીપકીંધાવાશીવાળીનોલઘુવીર, ગરજસાઠસહસ્ત્રનુંબળછેશરીર; કપી આઠપદમતણોએનાથ, રામેમીત્રીકરીજેનીસાથ. ૨ વિસ્વકર્માનોનળકપીઅવતાર, જેપંપાસરોવરનોરહેનાર; સાતતાડજેનુંઊંચુંશરીરએકપદમજોધાપતિરણ ધીર. ૩ તારમગિરિગઉતમીત્રઠવાશી, અગિનનોપુત્રનીરબંધારાશી; એકપદમ કપીનોસ્વામી, બળવાન્યુંશરણરામનુંપામી. ૪ તારાતણોસુત અંગદવીર, સંધ્યાસમાનજેનુંશ્યામશરીર; સપ્તતાડસમોમોટુ અંગ, જેણેકર્યો વાસવવર્ગનો ભંગ. ૫ સરિતાપુલીંદાતટનોનીવાસી, એવોવાળીનોપુત્રઅંગદ સુખરાશી; અવતારચંદ્રતણોએકહેવાય, જેનીસાથેપાંચપદમસેન્યાય ૬ હવેકુમુદકહાંલગી તટકેરો, રૂપાદ્રીજેવોસ્વેતઘણેરો; નીતકરેગઉમતીજળપાન, જ્યારે તે જન્યોમહાબળવાન. ૭ ત્યારેકુદયો ચંદ્રમંડળ ધરહેવાસુર, કર્યો એણેગીરીગોમતીચળચુર; એવોકુમુદજેનીગતીમહામોટી, જેનીસાથેકપીમળ્યાપચાસકોટી. ૮ કાશીનોનિવાશીધુમરકેતુ તીર, જાંબુવંતકેરોકહાવેલઘુવીર, બારકોટીરીંછતણોસરદાર, હવેજાંબુવંતબ્રહ્માનોઅવતાર. ૯ નિવાસીનરમદા નડજળપાન. સુગ્રીવનોમીત્રીદેહવજરસમાન; દીર્ઘાયુષ્યવૃધમાનેરઘુનાથ. સાઠકોટીરીંછજેનીસાથ. ૧૦ પોતાવરણતનપહાડસમાન, મેરૂપરવતનોવાશીબળવાન;નામકેશરીહનુમંતનોપીતાય, તેનીસાથેસાઠકોટીસેનાય. ૧૧ ગંધમાદનકુબેરઅવતાર, રહેછેગંગાનીપાર; તુંગભદ્રાનુકરેજળપાન, સાઠસહસ્ત્રગજસમબળવાન. ૧૨ ભેરીસમાન જેનોસ્વરઘોર, જેનીસાથેકપીત્રણકોટીકઠોર; શુંષેણધનવંતરીનોઅંશએહ, કઇલાશશ્રંગસમાનજેનોદેહ. ૧૩ ઇંદ્રનોમિત્રછેઇચ્છાચારી; જાણેસકળઅઉષધી

ઉપચારી: કમલપત્રસમકોમળઅંગ, એકવીશકોટીકપીતેનીસંગ. ૧૪ કેશરીશુ
તકહીએહનુમંત, અવતારરૂદ્રનોમહાબળવંત; જેણેપ્રજાળ્યુંલંકાગામ, કોણેન
થાય એવાંએનાંકામ. ૧૫ ભણ્યોસુરજનીપાસેવિદ્યાય, ચાલ્યોરવીરથનીઆગળ
પાછેપાય: મેરૂસપક્ષહોયએવું તન, અગિયારકોટીતણોએરાજન. ૧૬ ગિરિવીં
ધ્યાચળનોવાશીએમયંદ, શરીરપુષ્ટતનુજાણુગયંદ; બળવંતકાલનાસરખોકરો
ધ, તેનીસાથેશીનેરકોટીજોધ. ૧૭ ગંધમાદનગોકરણગીરીનોનિવાશી, તેનાકપીસ
પ્તકોટીબલરાશી; સગ્ભવાનરતેવરૂણનોઅંશ, તેનીસાથેકોટીપંચાણુંઅવતંશ
૧૮ દધીમુખસી ધુતાંશુઅવતાર, કોટીબેતાલીશજોધજુઝાર; દ્વિવિદવાનરરે
હેતોમધુવન, તેનીસાથેમરકટકોટીછપન. ૧૯ કેશરીમુખનોવાશીતારકનેમાતંગ.
શતકોટીવાનર તેનીસંગ, તક્ષનાગનોઅવતારકીશ, તેનીસાથેસેનકોટીચાલીશ.
૨૦ પણુક્ષકપીતેપવનસ્વરૂપ, દશકોટીયોધ્ધાતણોતેભુપ; સ્વેતાચળપરવતનોર
હેનાર, ગંજકપીનામેબળીયોઅપાર. ૨૧ જુગલપદમપકીનેનીસાથ, એવાઅને
ક્ષ્મી જાંબુકપિનાથ; હિમાચળનોવાશીશુભનામ, જેણેમાન્યોરામગેવામાંઅભિ
રામ. ૨૨ મહાબળિયોજેનીઆંતમોટી, તેસાતકોટીયોધ્ધાનોપતિ; ત્રિકુટાચલનોમહા
બલીનામ, ચઉદકોટીજોધ્ધાનોસ્વામ. ૨૩ શબલાચલનોરિપુમરદન, બત્રીશકો
ટીપતિકપીજન; અન્યકપિબળિઆબહુસરદાર, તેનુસેન્યકહેતાંનઆવેપાર. ૨૪
॥ છંદ ॥ નવપારચાએકપીદળનો. શુકસાધારણકહેભુપતિ: મહારથીમોટામાન
મુકે, કહેતાંલાજેસરસ્વતી. ૨૫ હવેસંખ્યાકહું મહામદમની, બુધ્ધિથકીગણના
કરી; તેમુખજનશુણીમોહપામે, ચતુરારાખેચિતધરી. ૨૬ જ્યારેસહસ્ત્રકોટીથા
યત્યારે, એકશંકુબુધકહે; એવાંસહસ્ત્રશંકુમળેતવ, અરબુદએકથઇરહે. ૨૭ અ
રબુદ સહસ્ત્રનીઅવધીએ, એકવરંદતેકહેવાયછે; એવાંસહસ્ત્રવરંદમળેતદા, એ
કપદમસંખ્યાથાયછે. ૧૮ એવાંપદમઅષટાદશકપીદળ, રીંછબોતેરકરોડછે. મર
કટછપનકોટિબળિયાઅશુરહણવાહોડછે, ૨૯ દશયોજનમાં જટાવ જડિયો, સં
ખ્યાકપિસેનાતણી; નવપામેબીજાપેસવા, એમચોકશાઇકીધીત્રણી ૩૦ તેની
મધ્યશ્રીરઘુવીરલક્ષમણ, ગઉરશ્યામવિરાજેતા; સનમુખઅષ્ટપ્રધાનબેઠા; ગોષ્ટી
કરતાગાજતા ૩૧ હું જાણુંછુરાયતમથકી, નહિરામજીતાએશરે; એકસમેઆવે
કરતાંતચઢીતો, તેનઝાલીવશકરે. ૩૨ માટેમળોજઇનેરામને, આપોજનકતન
યાસતી; તેઅભયતમનેઆલશે, છે શરણવતશવલરઘુપતિ. ૩૩ જે નમે જઇને
રામનેતેને, અભયકરમસ્તકધરે, દાસગિરિધરદીનઉપર, દયાશ્રીરઘુવીરકરે. ૩૪
॥ દોહા ॥ શુકશારણનાવચનશુણી, હશિયોરાવણરાય અલ્યામુરખ અધિકતા
શીકરે, એકપીતરથીશુંથાય. ૩૫ મુજપ્રતાપજાણેશકુ, શિવસુરપતિદિકપાલ;

તોકપીભાલ્લપીટ્યમડ૩; છું કાળતણોહું કાળ. ૩૬ એમકરીપ્રકરીનંદશવદને બો હ્યોગરવધરીમન; તેકાળવિવશઆનેનહીં, જેશિક્ષાદીતવચન. ૩૭ વેતફળેફુલે નહીં; જોવરસેઅમરતમેહ; શતવિરંચીશમગુરૂમળે, પણમુરખ નસમજે તેહ. ૩૮ ઇતિશ્રીરામચન્દ્રેશંમતવાલમિકીનાટકધારાયાંશુંદરકાંડેરાવણંપ્રતિશુકેન કપીસઇન્યવર્ણનંનામતેવીશમો અધ્યાયઃ ૨૩ ॥

॥ અધ્યાય. ॥

॥ રાગધવળધનાશ્રી ॥ શુકસારણેકહ્યું દશમુખને, કપીદળનીસંખ્યાયજી. હવેસુવેલુપરવતનીપાસે શું કરતા હવારઘુરાયજી. ૧ સભા કરીત્યાંરઘુપતીબેઠા, અષ્ટજુથકપીનાથજીનેસમેવિભિષણદેખાડેરામને, ઊંચોકરીનેહાથજી. ૨ જુવોમ્હારાજપેલોરાવણચઢિયો, ગોપુરઉપરએહજી; દશછત્રમુસ્તકપરશોભે, રવિસઝળકેનેહજી. ૩ બેપાસેથાયચમ્મરઢાળા, આપે સેવક ઊપભોગજી; ગાંધર્વગાય અપછરાનાચે, તાનતાળસંજોગજી. ૪ મણીજડીત્રમુગટશીરછાળકેવિધુતવતઅલંકારજી; એમસીંહાસનપરબેઠે રાવણ, ધરવા મનઅહંકારજી ૫ તેરાવણકેરા છત્રનીછાયા, આવીપડીરામનેશીરજી, ત્યારે ક્ષોભ થયોમનમાંતેણીવેળા, ચડી લક્ષમણને રીસજી. ૬ પછીધનુષઊપરબાણ ચઢાવિ, મુક્યું સુમીત્રાકુમારજી; રાવણનાદશમૂગટછત્રદશ, ઊડાડયાતેણીવારજી. ૭ ત્યારેમનમાંઅતિભયપામ્યો દશાનન, નાઠોથઇભયભીતજી; મન જાણ્યું હવડાંમુનેમારત, થાત વાતવિપરીતજી. ૮ રંગમેહેલમાંઆવ્યો વળતો; ભયઊપન્યોઅતિમનજી; તેજ દિવશનુંનથીભાવતું, રાવણનેજળઅન્નજી. ૯ અહરનીશાતનથયોઅજંપો, નીંદ્રાનઆવેનેણજી; મન્મથયોમનસુખામધ્યે. કોનુંબોલ્યુંગમેનહિંવેણજી. ૧૦ સુણોશ્રોતા સમરથનીસાથે. વેરકરેજનજેહજી; સુખશાંતીકયારેનવપામે, હરિનત્રબેસેતેહજી. ૧૧ લક્ષમણેછત્રનેમુગટઉડાડયા, રાવણનાતેણીવારજી; ત્યારેસરવસભાયેવખાણ્યા તતક્ષણ, સુમીત્રાસુતને અપારજી, ૧૨ એમ સુવેળુએ કપીસૈન્યસાથે, વિરાજેશ્રીરગુરાયજી; એસંબંધઅહિંપુરણથયોજે. સુંદરકાંડકરાયજી. ૧૩ હવે યુદ્ધકાંડઆગળકહેવાશે, રામરાવણસંગ્રામજી; પછીદશમુખનેહણીનેજાશેઅવધપુર, લક્ષમણસીતારામજી. ૧૪ એસુંદરકાંડથયેસંપુરણ, હરિગુરૂસંત કૃપાયજી; પદસાતસેંસાતેપુરાં, અધ્યાયચોવિશકહેવાયજી. ૧૫ વાલ્મિકીરામાયણનોઅરથ એકર્યો, પ્રાકૃતપદબંધજી, હનુમંતનાટકકેરોએમાં મેળવિલીધોસબંધજી. ૧૬ પદેપદેપાવતએરામગુણ, અંધગ ઊધારણકહાવેજી; જે શ્રવણ કીરતનભાવેકરેતે, ફરીગર્ભવાસનવઆવેજી. ૧૭ ॥ વલણ ॥ નવઆવેફરીગર્ભવાસતેજન, જેરાખે રામહૃદેહરી; કહે દાસગિરિધર નિરમળશ્રોતા; એકવારબોલોશ્રીહરી. ૧૯ ઇ

શ્રીરામચરિતરેસંમતવાલમિકીનાટક ધારાયાંસુંદરકાંડે લક્ષમણેન રાવણસ્યમુગટઝત્રછેદન નામ ચોવીશમોઅધ્યાયઃ ૨૪।। ઇતિશ્રી રામચરિત્રેસંમતવાલમિકીનાટકધારાયાં સુંદરકાંડ સમાપ્તમ, શ્રી કૃષ્ણાર્પણમસ્તુ,

ઈતી શ્રી સુંદર કાંડ સમાપ્ત.

અથ શ્રી યુધ્ધકાંડ પ્રારભ.

।। શ્રી ગણેશાય નમઃ ।।

।। અથ શ્રી રામ ચરિત્રે યુદ્ધ કાંડ લિખ્યતે. ।।

।। રાગ ધનાશ્રી ।। શ્રી પુરૂષોત્તમપુરણાનંદજી, મંગળમુરતીસુખનાકંદજી અંતરજામીચેતનચંદજી, વિશ્વના આત્મા મુરમુનિવંદજી. ૧ ।। ઢાળ ।। વંદે નિત્યસુરીનરમુનિવર; અખિલપુરણકામ; એવાપુષોત્તમપદકમળજુગને, નમી કરૂંપ્રણામ. ૨ તવકૃપાએકરણાનિધીકહું, રસિકરામચરિત્ર; જથા મતિએગાઉ ગુણજશ, કરૂંવાણીપવિત્ર. ૩ કૃતત્યાનત્રેતામાંકહ્યું, પરીચર્યાદ્વાપરસારઃકેશવ કીરતતથકીકળીમાં, પામેજીવીસ્તાર. ૪ ગતસારસધાનસહુથયાં,બીજેનથીઅ વરઉપાય; હરીનામતરવાજીવનેસંસારસાગરનાવ. ૫ એમવિચારીનેકર્યોઆદર ગાવાગુણજુગદીશ; સહુકવીજનભગવતિસાધુ. ચરણ નામુ શીષ. ૬ વાલમીકી રામાયણથકી,પ્રાકૃતકર્યોવીસ્તાર;હનુમંતનાટકમેળવિ,પદબંધરચનાસાર૭બા ળાકાંડનેઅયોદ્ધા આરણ્યકીષ્કીંધાય;સહીતસુંદરપંચકાંડની, કહીપુરવેકથાય. ૮સાગરઉપરસેતુબાંધી.ઉતર્યા રઘુવીર;કપીસૈનસાથેસુવેલુએ, રહ્યાશ્રીરણધીવર જોવરાવીચરચાદશાનન,કપીથળકર્યુંગણનાય; દશછત્રપાડયાંલક્ષમણે, ત્યારેથઇ ણચીંતાય.૧૦પરમગ્લાનીપામીઓમન,રાવણતેણીવાર; તેસુંદરકાંડકથાવિષે, વરણવીકહયેવિસ્તાર. ૧૧હવેયુદ્ધકાંડકથાકહું,તેશ્રોતાધરજોમન; રણમાંહેકોપ્ય રામજી, કર્યું રાવણ કુળનાશન. ૧૨ તે કથા નોવીસ્તારઅદભુત, કહુંજથામતિ અર્થ; હરીનામઅંકીતવાણીનહીંતે, કાવ્યજાણેવ્યર્થ. ૧૩ જ્યારેરાવણનાદશછત્રપાડ્યાં, મુકીઅનંતબાણ; ત્યારે વ્યાકુળ દશવદનઆવ્યો, સભામાં નીરવાણ.

૧૪ પછેપોતાનાજેપ્રધાનમીયે,તેનેપુછેરાવણવાત; હું ઇચ્છુછું મનકામનાંતે, કહો મનેશાક્ષાત. ૧૫ સુણોમંત્રીછેમુજમનવીષે, સંકલ્પએચીંતાય; રામલક્ષમણસંધારને, જાનકીવશથાય. ૧૬ એરાતદીવશચીંતાદહે, માટેપુછુતમનેવાત, એએ કારજશીદ્ધીપામે. કરો એવું ભ્રાત. ૧૭ ત્યારે વરજદ્રષ્ટી પ્રધાનકહેછે, રાખોરાય વીશ્વાસહવડાંલેઇઆવુંજાનકીને, ગેસાડું તમપાસ. ૧૮ રાવણરહેમને બ્રહ્માકેરો, શ્રાપછેવળીએહ;આગ્રહેપરસ્રીશંગકરતાં, ભસ્મ થાએ દેહ. ૧૯ માટે એની મેળે આવેસીતા, પ્રસનથઇમનમાંહે; ઉપાયએવોકરોસત્વર, તમોજાઓત્યાંહે.૨૦ત્યારે વીધુતજીવ્યાપ્રધાનબીજો, બોલીયો તેનીવાર; હું કપટરચીમાયાદેખાડું,સીતાને નિરધાર. ૨૧ ત્યારેરાવણહરખ્યોમનવીષે, ભાઇ ભલો મંત્રી ?ય; છેતેથકીઅધીકાર તુજને ઘણો આપીશ હુય. ૨૨ જેમ મદ પામીને મળે ભંગી, જારને સ્રી હે રાજ; જેમ લીંબના ફળ પકવ જોઇને, હરખે કાગ સમાજ. ૨૩ એમરાવણ હરખ્યો મન વીષે, જોઇ મંત્રબળ તે ઠામ; પછે આજ્ઞા આપી દશવદન, જાઓ કરી આવો એ કામ. ૨૪ તે કપટ રચવા ગયો વળતો પામીમનઉલ્લાસ; ત્યારપેહેલો રાવણ આવી બેઠો, સીતાકેરી પાસ. ૨૪ જાનકી બેઠાંનીચીદ્રષ્ટે; રામચરણેમન; પાસેઆવીબોલવાલાગ્યો,રાવણદુષ્ટવચન. ૨૬ ॥ વલણ ॥ દુષ્ટવચનબોલતોરાવણ,શીતાશુંતેણીવારરે; કહેદાસગિરિધરજેજન અભિમાની, તેનેનવ હોય વિવેક વિચારરે. ૨૭ ॥ ઇતિશ્રી રામચરિત્રે સંમત વાલમિકી નાટક ધારાયાં યુદ્ધકાંડે શીતા સમીપે રાવણો ગમનં નામ પ્રથમો અધ્યાય. ૧ ॥

અધ્યાય. ૨

॥ રાગ દેશાખ ॥ જેમહરિણીસમીપેવ્યાઘ્રરજઆવે, સીંહીકરીણી પાસ; તેમશીતાસમાપેરાવણઆવીને, બોલ્યોવચનપ્રકાશ. ૧ હેસીતાસુણનિશ્ચે વાત કહું, જેથીસરેતુજઅર્થ; આટલાદિનતેંધીરરાખી, તેસરવેથઇવ્યર્થ. ૨ હવે વર તુંમુનેતજીસંદેહ. થાલંકાંનીરાણી; મંદોદરીતારીસેવાકરશે, પટરાણીતુનેજાણી, ૩ તુ આશારાખેછેજેનીતેથયું, તારાપતિનુંમરણ; તેમાટેમુજનેઉવેખીને, રહીશ તું કોનેશરણ. ૪ તેવર્તમાનકહુંતુજનેસુણ, જનકસુતાઅભિરામ; સાગર ઉપર પાજબાંધીને, શુવેલુએઉતર્યારામ. ૫ ત્યારેમારોપ્રધાન પ્રહસ્ત નિશાએ, ગયો હતોતેઠાર સરવશૈન્યાનીદ્રાવશજાણી, પ્રાક્રમકીધુંઅપાર. ૬ તેણેતુજ પતિનું શિરછેદયું, માર્યાબીજાજોધઅનંતઃ લક્ષમણનાશીગયોઅવધપુર, જેતું કહેતી બળવંત. ૭ સુગ્રીવઅંગદવિભિષણકેરાં, શીરછેદ્યાં તેણીવાર; જાંબુવાન હનુમંતનાકાપ્યા, કરપદત્યાંનિરધાર. ૮ રાક્ષસગળીગયાઅન્યશૈન્યકપી મરકટ કેરૂ જેહ; સેતુભંગકરીસાગરમધે, કારજકીધુંએહ. ૯ એવુંવર્તમાનશીતાનીઆગળ,

જુઠું કહ્યું દશશીશ; એટલેઆવ્યોવિદ્યુતજીભ્યા, કપટકરીતેદિશ ૧૦ માયામય
શિરધનુષ્યરામનું, કરગ્રહીલાવ્યોવેહ; તેલાવીશીતાનીપાસમુકયું, કૃત્રીમમિથ્યા
જેહ. ૧૧ શ્યામસુંદરમુખકંદનાળથી, રૂધીર શ્રવેછેજાણ; કીરટકુંડળમંડીતશુભ
ઝળકે, કાન્તીસુરજપ્રમાણ.૧૨ કુંચીતકેશકુટીલશુકનાસા, અધરદંતદ્યુતીચળકે;
આરક્તનેત્રકમળકસરતું. તીલકભાલમાંઝળકે. ૧૩ એવુંદીઠુંજનકનંદની, મુ-
રછાઆવીત્યાંહે; જેમકદળીઉપરવીજપડેએમ, થઇપડયાંપૃથ્વી માંહે. ૧૪ દગ્ધ
થાયમહીમાકહુતણી. ગુલીકનેવન્હિતાપ; એમશોકમાંદગ્ધ થયાં વઇદેહી, મહા
દુઃખપામ્યાંઆપ. ૧૫ પછેમુરછાવળીતેમુરછાવળીતેશીરજોઇ, દ્રષ્ટેદીઠું પ્રથ્વી
મોઝાર; કરવામાંડયુંઉંચેસ્વરથી, શોકરૂદતતેણીવાર. ૧૬ હાહાનાથઅયોદ્ધાના-
યક, રાજીવનેત્રરઘુરાજ; અનંતગુણસંપનજગમોહન, આશું કર્યુંમહારાજ. ૧૭
કોમળચરણેવનપરવતમાં, ચાલ્યાચતુર્દશવર્ષ. મુજઅરથેઘણોશોકકરીને, શ્રમ
કર્યોઉત્કર્ષ. ૧૮ મુજઆટેવાળીમાર્યો. સુગ્રીવશુમીત્રિકીધી;મારૂતીપાસેશોધકરાવ;
સંભાળમારીલીધી. ૧૯ સાગરઉપરસેતુબંધાવી, આવ્યાસુવેલુ ઠામ; છંલે વારે
તમનેઘટેનહીં, આવુંકરવુંકામ ૨૦ હેઅવધપતિહવેતમોવિનામાને, કોણછોડા-
વશેઅહીંથી; પ્રભુવિદેશમાંહેમુકીગયાહવે, મેલાપથાશે કયાંથી. ૨૧ હેમુધરનો
અવતારસુમીત્રિ, કેમગયાબંધુનેમુકી; વનઆજ્ઞાપાલીવરષચતુરદશ, અંતે સેવા
ચુકી. ૨૨ ભરતકઉલ્યાજીપુછશેતમને, ત્યારેશોદેશોજવાબ; સુરજવંશમાં દુષણ
લાગ્યું, એમકરેછેવિલાપ. ૨૩ વાલમીકેકાવ્યકરીતેમેસુણી,જુઠીપડીશહુઆજ;
અહોપ્રાણનાથમુજવિજોગટાળો, પાસેતેડોમહારાજ.૨૪ એમથીતારડતાંપશુપંખી
સહુ, રોયાંવૃક્ષપાષણ; એદુઃખકહેતાંકવીનીવાણી, કંઠીત થાય જાણ. ૨૫ પછે
રાવણપ્રત્યેકહેજાનકી, તુમારેજનકસમાન; માટેઅગ્નીપ્રવેશ કરાવ્યમને, સહગ
વનકરૂંહું નીદાન. ૨૬ એવાંવચનસુણીનેરાવણલાજ્યો, એસતિનહીંચુકે સત્ય;
એમવિચારીઉઠીગયોતે, લંકામાંભુપત્ય ૨૭ એમશીતાએકઘડીમોહપામ્યાં, પછે
જોયુંધરીધ્યાન; ત્યારેએકરતવમીથ્યાજાણ્યું, કુશળછેશ્રીભગવાન. ૨૮ તેણેસમે
વીભીષણનીરાણી. શરમાએવું નામ; તેતતક્ષણઆવીજાનકીપાસે, ગુપ્તરૂપેતેઠામ.
૨૯ તેકહીજાયછેનિત્ય, લંકાનુંવર્તમાન; અસુરતણીસહુમાયાજાણે, તેનારીગુણ-
વાન. ૩૦ તેશરમાઆવીપાયેલાગી જાનકીને તેણીવાર; અરેમાતાશાટેરૂઓછો,
કહોમુજનેનીરધાર. ૩૧ આશીષધનુષકરત્રીમછે નીશ્ચે, અસુરમાયા બળવાન;
બળવાન; એવુંકહીશરમાએસ્પર્શ કર્યો, ત્યારેથયુંઅંતર ધ્યાન. ૩૨ પવને કરી
અકસ્માતવળી, દીપબુઝાવેજેમ; જલદજાળમાંઇંદ્રધનુષ્યથાયે, ગુપ્તથયું છે તેમ.
૩૩ છેકુશળસુવેલુએરામશુમીત્રી, શરમાંબોલીવાણી; માતાશોકતજોએમીથ્યા,

અસુરતું કરતવજાણી, ૩૪ પછેજનકનંદનીયેતેનવ દીઠું, પ્રસન થયા તણીવાર; ધન્યધન્યતુ શરમાંરાણી, ચાંપીહૃદયમેઝાંરા. ૩૫ અરેમાતામનેશોકસાગરમાં, તું થઇનાવસમાન; વળીમાયા અશુરની તું સમજે, મનેઆપ્યું અભયતુ દાન. ૩૬ આશીષદીધીશીતાએતું, થાજેલંકાનીરાણી; મનેમહાદુ:ખમાંથીમુક્તકરીઆવી, તતક્ષણવેળાજાણી. ૩૭ એવેશમેઆકાશથઇવાણી, હેશીતાનધરશો શોક; સુવેલુએકપીઠ઼નસાથેછે, સુખીયાપુણ્યશ્લોક. ૩૮ તેવચનસુણી શીતા મન હરખ્યાં શોકવિમનથયું મન; હવેલંકામાંરાવણશું કરતોતે સુણો શ્રોતાજન. ૩૯ નવથયાં સીતાસ્વાધિનત્યારે, મનમાંથઇચીંતાય; પછેએકાંતમાંમદોદરીસાથે, બોલ્યો રાવણરાય. ૪૦ દેશુભકલ્યાણીરાણીજાતું, અશોકવનમોઝાર; તું લાવસીતાને આરી પાશે, જ્ઞાનબોધકરીસાર. ૪૧ કપટથકીનવચાળીજાનકી, માટે પ્રારથુ તુજ; જો શીતાનેસમજાવીલાવે, તોસુખથાયેમુજ ૪૨ એવાંવચનસુણીનેપતીવ્રત મંડણ, સતી મદોદરીરાણી: હાસ્યવદન કરીઊઠીનેત્રેળા, પતિઆજ્ઞા પરમાણી ૪૩ ની શકલંકરધુવહ઼નીઆવી, અશોકવનમોઝાર; ત્યાંસીતાપાસેત્રીજટા બેઠી, કરે છે વાતવીચાર ૪૪ ત્યારેદૂરથકીજોઇમંદોદરીને, ત્રીજટાબોલી વાણ; તમારાં દરશનકરવાભુમીજા, મયજાઆવેજાણે,૪૫એટલેઆવીચરણેલાગી. હરખ્યાંજાનકી પછેમંદોદરીનઉઠાડીને,દિધું આલીંગન.૪૬જેમભાગીરથીનેમળેગૌતમી,ઇંદીરાનેઇંદ્રાણી;જેમઊમીયાનેસાવીત્રીમળે,એમમળ્યાંશીતાનેરાણી.૪૭ પરસ્પર આનંદપામીએઠાં.સુખથયું અન્યોઅન્ય;રાણીકહેધન્યદિવશઆજનો,પામીતમ દરશન.૪૮ત્યારેજાનકીકહેકેમઆવ્યાંરાણી.કહોતેમુજનેવાત;પછેમંદોદરીકહે તમને પુછવા,પ્રશ્નએકસુણોમાત ૪૯કહેવુ ઘટેનહીતમનેપણ,એકવાતકહુંછું પમં;પતિ આજ્ઞાપરમ ણજકરવી, મોક્ષ એ મારોધર્મ. ૫૦ જક્તજનેતા તમો જાનકી, જગતપિતારઘુરાય; પણપતિઆજ્ઞાએપ્રશ્નજપુછું, ક્રોધનકરશોમાય. ૫૧ ॥ વલણ ॥ માતા ક્રોધનકરશોપુછું, અધ્યાતમપક્ષનીરીતરે;અદ્વૈતબ્રહ્મએક સર્વાત્મા, એમવેદાંતબોલેઅભીતરે. ૫૨ ॥ ઇતિશ્રીરામચરિત્રેસંમતવાલ્મિકીનાટકધારાંયાં યુદ્ધકાંડેસીતાપ્રતીમંદોદરીગમનંનામદ્વતીયોઅધ્યાય; ॥ ૨ ॥

અધ્યાય ૩ ॥ રામકાફી ॥ કહેમંદોદરીસાંભળોશીતા, મારૂવચનને પરમ પુનીતા; રામરાવણમાંશોભેદ, એકઆત્માવ્યાપકવેદ. ૧ સરવભુતમાંરામરામ સમાન, સરવદ્રષ્ટાનેસત્તાવાન; એકજળનાઅનેકતરંગ,એકઆકાશબહુઘટસંગ. ૨ એકશુત્રમાંમણીઅપાર, એકસુવર્ણબહુઅલંકાર; એકઓંકારમાત્રા અનેક; શીર્ણવીલક્ષનેદીનમણીએક. ૩ જોકઅતીકાકુંભઅપાર, તરૂએકબહુ ફળ શાર; એશકળચરાચરભુત,રામવ્યાપકએકઅદભુત. ૪ માટેકરતાંરાવણશું મંત્ર, કહો

શીતમારેવિમીત; છેસરવદેહીએકરામ, તોતકેશજુદાકોણકામ. ૫ એવું પ્રશ્ન
કર્યુંજ્યારરાણી, સુણીબોલ્યાંવઇદેહિવાણી; હેસતીતમોજેકહીવાત, તેનોઉત્તર
કહુંસુણુમાત, ૬ એકઅભેદવ્યાપકરામ, નથીએવિણુઠાલોઠામ; સુણોસુંદરીકહું
તેરીત; નભવ્યાપકસહુવરગીત. ૭ ઘટભંગથતાંઆકાશ, નથીફુટતુંકંઇઅવકા-
શ, એમવિશ્વનોથાતાનાશ, નથી ભંગથતોઅવીનાશ. ૮ આજગતમાયાનો પ્ર-
પંચ. છેઅસત્યઅશાસ્વતસંચ; જેમ મૃગજળકેફુલ, વંધ્યાવેળીનાફળઅંકુર.
૯ પામેસ્વપનસંપતજેમ, દરીદ્રીનામનોરથતેમ; વંધ્યાસુતનખપુષ્પકહેવાય, જેમ
શશકશ્રીંગમીથ્યાય. ૧૦ એમવાચારંભણુનુથીજકત. આદીઅંતરમાંહે સત્ય;
મધ્યમાંહેસ્ફુર્યું છેઅસત્ય, પણમીથ્યામાયાનું કૃત્ય. ૧૧ સત્ય આત્મા માટે એહ;
સત્ય સ્વરખું બ્રહ્મ સંદેહ; આત્મામાંઆરોપણએઆળ, નથીવિશ્વ માયું ત્રણ કાળ.
૧૨ સ સુવર્ણકમીથ્યાઅલંકાર, મિથ્યાતરંગનેસત્યવાર; ઘટમિથ્યાસાચી મત્ય,
એમજોતાંએવસ્તુઅકૃત્ય. ૧૩ રઘુનંદનઅભેદએક, તેમાંઆરોપ મિથ્યા અનેક;
તેમાંરાવણઆદેજગત, ક્યાંછેજોવિચારીઅવ્યક્ત. ૧૪ બ્રહ્માનંદ સ્વરૂપનેજોતાં,
બ્રહ્માભાસેદ્વૈતખુંપણોતાં મિથ્યારાવણરામએસત્ય, નાવિસમાનકૃત્યઅકૃત્ય, ૧૫
સચ્ચિદાનંદપુરૂષપુરાણી, તેનેજાણોમંદોદરીરાણી; આપ તેજ ભુવાયુ આકાશ,
જોતાંરૂપએમિથ્યાભાસ. ૧૬ ત્રિભુવનછેમાયાનુંચીત્ર, છેમીથ્યાપણભાસ્યું વી-
ચીત્ર; ત્યાં રાવણ કોણ બચારો, એમ દ્વૈતખુંપ વીચારો. ૧૭ જેમ સકળ બ્ર-
